## Current Affairs May -2019

### 1.May 2019

**(૧) ગુજરાત સ્થાપના દિન – ગુજરાત ગૌરવ દિન :**

- આજે ગુજરાતનો ૫૯ મો સ્થાપના દિન
- ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થઇ હતી.
- ગુજરાત રાજ્યનું ઉદ્દ્ઘાટન રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.
- ભારતમાં ભાષાવાર રાજ્યોની પુન:રચના કાર્યક્રમ અંતર્ગત ૧ મે ૧૯૬૦ના રોજ 'બૃહદ મુંબઇ' રાજ્યમાંથી ગુજરાતની સ્થાપના થઇ હતી.
- ગુજરાતની સ્થાપના સમયે ગુજરાતમાં ૧૭ જિલ્લા અસ્તિત્વમાં હતા. હાલ ગુજરાતમાં ૩૩ જિલ્લાઓ અને ૨૫૧ તાલુકા છે.
- ગુજરાત સ્થાપના દિનની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૯૨માં અમદાવાદ ખાતે થઇ હતી. તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલ હતા.

**ગુજરાત પરિચય :**

- ગુજરાત નામનો પ્રથમ ઉલ્લેખ ૧૨૩૩માં લખાયેલ 'આબુરાસ' પલહન પુત્રમાં જોવા મળે છે. ૧૫ મી સદીમાં રચાયેલ 'કાન્હા–ડહે– પ્રબંધ' માં પણ ગુજરાત નામનો ઉલ્લેખ છે.
- ગુજરાત ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગરને કિનારે ૨૦.૦૬ ઉત્તર અક્ષાંશવૃત્તથી ૨૪.૪૨ ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી અને ૬૮.૧૦ પૂર્વ રેખાંશવૃત્તથી ૭૪.૨૮ પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરાયેલ રાજ્ય છે.
- ગુજરાત રાજ્યની ઉત્તર – દક્ષિણ લંબાઇ આશરે ૫૯૦ કિ.મી. અને પૂર્વ પશ્ચિમ લંબાઇ આશરે ૫૦૦ કિ.મી. છે.
- ગુજરાત રાજ્યનો ભૌગોલિક વિસ્તાર (ક્ષેત્રફળ) ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી. છે.
- ગુજરાત વસ્તીની દ્રષ્ટિએ દેશનું નવમું રાજ્ય અને વિસ્તારની દ્રષ્ટિએ છઠ્ઠું રાજ્ય છે.
- ગુજરાત ભારતમાં સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. (સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતો ગુજરાતનો જિલ્લો – કચ્છ)
- ગુજરાતમાં કુલ ૧૮૫ નદીઓ આવેલ છે. નર્મદા ગુજરાતની સૌથી મોટી નદી છે.
- ગુજરાતનું રાજ્ય ગીત 'જય જય ગરવી ગુજરાત' નર્મદ દ્વારા રચવામાં આવ્યું છે.
- ગુજરાતનું રાજ્ય પ્રાણી – એશિયન લાયન
- ગુજરાતનું રાજ્ય પક્ષી – ફ્લેમિંગો
- ગુજરાતનું રાજ્ય ફૂલ – ગલગોટો
- ગુજરાતનું રાજ્ય ફળ – કેરી

**ગુજરાત પ્રથમ :**

- ગુજરાત રાજ્યનું પ્રથમ પાટનગર – અમદાવાદ
- ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી – ડૉ. જીવરાજ મહેતા
- ગુજરાતના પ્રથમ રાજ્યપાલ – મહેંદી નવાબ જંગ
- ગુજરાતના પ્રથમ સ્ત્રી રાજ્યપાલ – શ્રીમતી શારદા મુખરજી
- ગુજરાતમાં પ્રથમ રાષ્ટ્રપતિશાસનની શરૂઆત– તા.૩૧/૫/૧૯૭૧
- ગુજરાતમાં રાષ્ટ્રપતિશાસનનો અમલ કરનાર રાજ્યપાલ – શ્રી મન્નારાયણ
- ભારતના વડાપ્રધાન બનનાર સર્વ પ્રથમ ગુજરાતી – મોરારજીભાઇ દેસાઇ
- ગુજરાતના સર્વ પ્રથમ મહિલા મુખ્યમંત્રી – શ્રીમતી આનંદીબેન પટેલ
- ગુજરાતના સર્વ પ્રથમ મુખ્ય સચિવ – વી.ઇશ્વરન
- ભારતરત્ન મેળવનાર સર્વ પ્રથમ ગુજરાતી – મોરારજીભાઇ દેસાઇ
- ગુજરાત વિધાનસભામાં સર્વ પ્રથમ અધ્યક્ષ બનનાર – અંબાલાલ શાહ
- ગુજરાતમાં પ્રથમ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન– ૧૯૦૨માં અમદાવાદમાં
- ગુજરાતમાં સર્વપ્રથમ લોકાયત અધિકારી : શ્રી ડી.એમ. શુક્લા.
- ગુજરાત વિધાનસભાની પ્રથમ ચૂંટણી – ૧૯૬૨માં
- હાલ ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા બેઠકો , ૨૬ લોકસભા બેઠકો અને ૧૧ રાજ્યસભા બેઠકો છે.
- ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૮ ઓગસ્ટ ૧૯૬૦ના રોજ અમદાવાદ સિવિલ ખાતે ભરાયું હતું.
- ગુજરાતનું પ્રથમ સચિવાલય અમદાવાદમાં પોલિટેકનિકલ ખાતે
- ગુજરાતની પ્રથમ હાઇકોર્ટ અમદાવાદ ખાતે બાળકોની હોસ્પિટલમાં શરૂ થઇ હતી.

**સાહિત્યમાં ગુજરાત :**

- મેગ્સેસ એવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી મહિલા – ઇલાબહેન
- સાહિત્ય અકાદમી એવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી – મહાદેવભાઇ દેસાઇ
- ધનજી કાનજી એવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી – ચીમનલાલ ત્રિવેદી અને બાલમુકુંદ દવે
- ગૌરવ પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી – ઉમાશંકર જોશી
- નર્મદ સુવર્ણ ચંદ્રક મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર – સુંદરમ્
- રણજીતરામ સુવર્ણ ચંદ્રક મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર – ઝવેરચંદ મેઘાણી
- ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથા – મારી હકીકત (નર્મદ)
- ગુજરાતી સાહિત્યનો કુમાર ચંદ્રક મેળવનાર પ્રથમ ગુજરાતી – હરીભાઇ દેસાઇ
- ગુજરાતી પ્રથમ બોલતી ફિલ્મ : નરસિંહ મહેતા
- ગુજરાતની પ્રથમ રંગીન ફિલ્મ : લીલૂડી ધરતી
- ગુજરાતમાં પ્રથમ મહિલા સ્નાતક : વિદ્યાગૌરી નીલકંઠ

**(૨) આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ :**

- વિશ્વભરમાં દર વર્ષે ૧ મે ૨૦૧૯ના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૮૮૬માં કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસને મે દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ થીમ – 'Uniting Workers for Social and Economic Advancement'

**(૩) પ્રબોધચંદ્ર ડે– જન્મજયંતી**

- જાણીતા ગાયક પ્રબોધચંદ્ર ડેની આજે ૧૦૦ મી જન્મજયંતી.
- તેમનો જન્મ ૧ મે ૧૯૧૯ના રોજ કલકત્તા ખાતે થયો હતો.
- તેમણે વર્ષ ૧૯૪૨માં 'તમન્ના' ફિલ્મથી કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ ૧૯૪૨ થી ૨૦૧૩ સુધી તેમણે લગભગ ૪૦૦૦ થી વધુ ગીતોમાં પોતાનો સ્વર આપ્યો છે.

Vivekanand Academy Gandhinagar

- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૭૧માં તેમને પદ્મશ્રી અને વર્ષ ૨૦૦૫માં પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમો મન્ના ડે તરીકે જાણીતાં હતા.
- ૨૪ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ તેમનું બેંગ્લોર ખાતે અવસાન થયું હતું.

**(૪) એર માર્શલ રાકેશકુમાર સિંહ – ભદૌરિયા – નવા વાઇસ ચીફ**

- એર માર્શલ રાકેશ કુમાર સિંહ ભદૌરિયાને ભારતીય વાયુસેનાના નવા વાઇસ ચીફ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓએ અનિલ ખોસલાનું સ્થાન લીધું.
- અનિલ ખોસલા થોડા સમય અગાઉ આ પદ પરથી નિવૃત્ત થયા હતા.
- રાકેશ કુમાર સિંહ ભદૌરિયા વર્ષ ૧૯૮૦માં ભારતીય વાયુસેનામાં જોડાયા હતા.
- તેઓ વાયુસેનામાં રાષ્ટ્રીય કક્ષા એકેડમી કમાન્ડર, સેન્ટ્રલ એર કમાન્ડ ઓફિસર ડેપ્યુટી ચીફ ઓફ એરસ્ટાફ જેવા પદ પર કાર્ય કરી ચૂક્યા છે.
- હાલ તેઓ ભારતીય વાયુસેનાની બેંગ્લોર બેસ્ટ ટ્રેનિંગ કમાન્ડરના પ્રમુખ તરીકે ફરજ બજાવે છે.
- વાઇસ ચીફ વાયુસેનાનું બીજા ક્રમનું સર્વોચ્ચ પદ છે.

**(૫) ગોલ્ડમેન એનવાર્યમેન્ટ પ્રાઇઝ– ૨૦૧૯**

- તાજેતરમાં ૬ ગ્રાસરૂટ પર્યાવરણ કાર્યકર્તાઓને પ્રતિષ્ઠિત ગોલ્ડમેન પ્રાઇઝ ૨૦૧૯ થી સન્માનીત કરવામાં આવ્યા.
- અમેરિકાના કેલિફોર્નિયાના સેન ફ્રાન્સિકો ઓપેરા હાઉસ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં તેમને સન્માનીત કરવામાં આવ્યા.
- દર વર્ષે આ પુરસ્કાર પર્યાવરણ રક્ષા કર્તા કાર્યકર્તાઓને આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ગોલ્ડમેન એનવાર્યમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.
- જેની શરૂઆત વર્ષ ૧૯૮૯ માં રિચર્ડ અને રોડા ગોલ્ડમેન દ્વારા કરવામાં આવી હતી.
- આ પુરસ્કારને ગ્રીન નોબેલ તરીકે ઓળખવામાં આવે છે.

**ગોલ્ડમેન પ્રાઇઝ : ૨૦૧૯ વિજેતા :**

| | | | |
|---|---|---|---|
| (૧) | લિંડા ગાર્સિયા | (૨) | એના કોલોરિચ |
| (૩) | બયારજર્ગલ અગવાંતસેરેન | (૪) | એલ્ફ્રેડ બ્રૌનેલ |
| (૫) | જેકલીન ઇવાંસ | (૬) | આલ્બર્ટો કુરામિલ |

**(૬) પોલિટીક્સ ઓફ જુગાડ – ધ ધોએલીશન હેન્ડબુક'**

- પત્રકાર સબા નકવી દ્વારા લખવામાં આવેલ 'પોલિટિક્સ ઓફ જુગાડ – ધ કોએલિશન હેન્ડબુક' બુકનું લોન્ચિંગ કરવામાં આવ્યું.
- આ બુકમાં ૨૦૧૯ ની લોકસભા ચૂંટણી બાદ દેશની ગઠબંધન સરકારની સંભાવનાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.
- પત્રકાર સબા નકવી લેખિકા તેમજ જાણીતા રાજનીતિક વિશ્લેષક છે.
- તેમના દ્વારા ગુડ ફેથ, કેપિટલ કંકવેસ્ટ તથા શેડ્સ ઓફ સૈફરન

પ્રશ્નો

(૧) ગુજરાતની સ્થાપના ક્યારે થઇ હતી ? :-
- ૧ મે ૧૯૬૦

(૨) ગુજરાત સ્થાપના દિનની પ્રથમ ઉજવણી કયાં અને ક્યારે થઇ હતી ?
- ૧૯૯૨, અમદાવાદ

૩ ગુજરાતનું રાજયગીતની રચના કોણે કરી ?
- નર્મદ

૪ આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧ મે

૫ પ્રબોધચંદ્ર ડે ની ૨૦૧૯માં કેટલામી જન્મજયંતિ ઉજવાઈ ?
- ૧૦૦ મી

૬ પોલીટીક્સ ઓફ જુગાડ - ધ ક્રોએશિયન હેન્ડબુક કોના દ્વારા લખવામાં આવી ?
- પત્રકાર સબા નકવી

## 2.May 2019

**(૧) મસૂદ અઝહર – આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર :**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ – એ– મોહમ્મદના વડા મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવામાં આવ્યો.
- સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ દ્વારા કોઇ આતંવાદી સંગઠન કે આતંકવાદીને બ્લેક લિસ્ટ કરવામાં આવે છે.
- મસૂદ અઝહર દ્વારા ભારતમાં ઘણા પ્રકારની આતંકી પ્રવૃત્તિને અંજામ આપવામાં આવ્યો છે.
- મસૂદ અઝહરના આતંકી સંગઠન દ્વારા વર્ષ ૨૦૦૧ માં ભારતીય સંસદભવન ખાતે હુમલો કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૬માં થયેલ પઠાણકોટ હુમલામાં પણ મસૂદ અઝહરના સંગઠનનો હાથ હતો.
- વર્ષ ૨૦૧૯માં થયેલ પુલવામાં આતંકી હુમલો પણ તેના દ્વારા કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૯૪માં શ્રીનગર ખાતેથી મસૂદ અઝહરની ધડપકડ કરવામાં આવી હતી.
- વર્ષ ૧૯૯૯માં થયેલ કંધાર પ્લેન હાઇજેક દરમ્યાન તત્કાલિન અટલ સરકાર દ્વારા તેને છોડવામાં આવ્યો હતો.

**સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ :**

- સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિમાં કોઇપણ આતંકી સંગઠન અને આતંકીને આતંકી સૂચિમાં મૂકવામાં આવે છે અને તેના નિયમો ઘડવામાં આવે છે.
- આ સમિતિ દ્વારા અગાઉ આઇએસઆઇએસ અને અલ કાયદા જેવા સંગઠનને આતંકી સૂચિમાં મૂકવામાં આવ્યા છે.

**સંયુક્ત રાષ્ટ્ર :**

- સ્થાપના : ૨૪ ઑક્ટોબર ૧૯૪૫
- સભ્ય દેશો : ૧૯૩, (સ્થાપના સમયે ૫૧ સભ્યો)
- સત્તાવાર ભાષા : અરેબિક, ચાઇનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ
- મુખ્યમથક

**(૨) રાજ્યમાં ચોવીસ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લાગુ**

- રાજ્યમાં ચોવીસ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય અમલમાં લેવામાં આવ્યો છે.
- ગુજરાત સરકારે ગુમાસ્તા ધારા (ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ–૨૦૧૯) ની અમલવારીનું જાહેરનામું ગેઝેટ બહાર પાડી દીધું છે.
- આ નિર્ણય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠકમાં ફેબ્રઆરી મહિનામાં લેવાયો હતો.
- વર્ષ ૧૯૪૮માં શોપ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં સુધારો કરી આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- જે અનુસાર આ કાયદા હેઠળ આવતા ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઇવે, રેલવે, પ્લેટફોર્મ,

એસ.ટી. બસમથક, હોસ્પિટલ, પેટ્રોલ પંપ પર આવેલ દુકાનોને ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે.
- કાયદા અનુસાર નગરપાલીકા અને સ્ટેટ હાઇવે પર આવેલ દુકાનો સવારના ૬ કલાકથી રાત્રીના ૨ કલાક સુધી જ રાખી શકાશે તેવો કાયદો બનાવવા સરકાર જઇ રહી છે.
- રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગરનો સમાવેશ થાય છે.
- દેશમાં ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
- અગાઉ મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ નિર્ણય મુંબઇ શહેર માટે અમલમાં લેવામાં આવ્યો હતો.
- મહારાષ્ટ્ર સરકારે ઓગસ્ટ ૨૦૧૭માં મહારાષ્ટ્ર દુકાન અધિનિયમ સુધારા વિધેયક વિધાનસભામાં પસાર કર્યુ હતું.

**(૩) ભારતની અપૂર્વી દુનિયાની નંબર ૧ રાઇફલ શૂટર બની :**
- ભારતની અપૂર્વી ચંદેલા મહિલા ૧૦ મીટર એર રાઈફલમાં પ્રથમ નંબરે છે. અંજુમ મુદગિલ બીજા નંબરે છે.
- અપૂર્વી અને અંજુમ ભારતને ૧૦ મી એર રાઈફલમાં બે ઓલિમ્પિક ક્વોટા અપાવી ચૂક્યા છે.
- ભારતને અત્યારસુધી શૂટિંગમાં ૫ ઓલિમ્પિક ક્વોટા મળી ચૂક્યા છે.
- અપૂર્વીએ ફેબ્રુઆરીમાં શૂટિંગ વર્લ્ડ કપમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો હતો.
- તેણે ગ્લાસ્ગો કોમનવેલ્થ (૨૦૧૪)માં ગોલ્ડ અને ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ (૨૦૧૮) માં બ્રોન્જ જીત્યો હતો.
- તેણે ગત વર્ષે એશિયન ગેમ્સમાં પણ બ્રોન્જ જીત્યો હતો.

**(૪) મહારાષ્ટ્રમાં ગઢચિરોલીમાં નક્સલ હુમલો :**
- તાજેતરમાં મહારાષ્ટ્રમાં ગઢચિરોલીમાં નક્સલવાદીઓએ કરેલા ઘાતકી હુમલામાં સી-૬૦ કમાન્ડો ટીમના ૧૫ જવાન શહીદ થયા.
- ગઢચિરોલીના જાંબુરખેડા ગામમાં નક્સલવાદીઓએ જમીનની નીચે આઇઇડી બોમ્બ ગોઠવી આ હુમલો કર્યો હતો.

**સી-૬૦**
- નક્સલીઓના જોખમોને ધ્યાનમાં રાખતા વર્ષ ૧૯૯૨માં સી-૬૦ ફોર્સ તૈયાર કરાઇ હતી. તેમાં પોલીસ ફોર્સના ૬૦ જવાનનો સમાવેશ કરાય છે.
- આ કામ ગઢચિરૌલીના તત્કાલીન એસ.પી. કે.પી. રઘુવંશીએ કર્યું હતું.
- સી-૬૦માં સામેલ પોલીસજવાનોને ગેરીલા યુદ્ધ માટે પણ તૈયાર કરાય છે. તેમની તાલીમ હૈદરાબાદ, બિહાર અને નાગપુરમાં થાય છે.
- આ ફોર્સને મહારાષ્ટ્રની ઉત્કૃષ્ટ ફોર્સ મનાય છે.
- આ ફોર્સ આજુબાજુના ક્ષેત્રમાં ઓપરેશન હાથ ધરે છે.

**(૪) લેફ્ટિનેંટ જનરલ જૈક ફર્જ રાફેલ જૈકબને વાલ ઓફ ઓનર સન્માન :**
- ઇઝરાયલ દ્વારા વર્ષ ૧૯૭૧ના બાંગ્લાદેશ સ્વતંત્રતા યુદ્ધના નાયક ભારતીય સેનાના નિવૃત્ત લેફ્ટિનેંટ જનરલ જૈક ફર્જ રાફેલ જૈકબને ઇઝરાયલના એમ્યુનિશન હિલ ખાતે વાલ ઓફ ઓનરથી સન્માનીત કરવામાં આવ્યા.
- વાલ ઓફ ઓનર યહૂદી સમુદાયના સૈનિકોને ઇઝરાયલ દ્વારા આપતું વ્યક્તિગત સન્માન છે.
- અગાઉ ભારતના પૂર્વ લેફ્ટિનેંટ જનરલ જેરી ઝીરદને પણ વાલ ઓફ ઓનરથી સન્માનીત કરવામાં આવ્યા છે.

**જૈક ફર્જ રાફેલ જૈકબ :**
- જૈક ફર્જ રાફેલ જૈકબ ભારતના યહૂદી સમુદાયના પ્રસિદ્ધ સભ્ય છે.
- તેમણે ભારતીય સેનામાં લેફ્ટિનેંટ જનરલ તરીકે સેવા આપી છે.
- આ ઉપરાંત તેઓ ભારતીય સેનાની પૂર્વીય કમાન્ડના ચીફ ઓફ ધ સ્ટાફ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.
- તેઓ દ્વિતીય વિશ્વ યુદ્ધ અને વર્ષ ૧૯૬૫માં ભારત પાકિસ્તાન યુદ્ધ દરમ્યાન સેનાના સભ્ય હતા.

**(૫) ભારત અને ફ્રાંસ વચ્ચે સંયુક્ત નૌસેના અભ્યાસ :**
- ભારત અને ફ્રાંસ વચ્ચે 'વરૂણ નૌસૈનિક અભ્યાસ' ની ગોવા ખાતે શરૂઆત થઇ.
- આ દ્વિપક્ષીય વરૂણ નૌસૈનિક અભ્યાસની શરૂઆત વર્ષ ૧૯૮૩માં થઇ હતી.
- આ અભ્યાસને વરૂણ નામ વર્ષ ૨૦૦૧માં આપવામાં આવ્યું.

પ્રશ્નો

૧ તાજેતરમાં જૈશ એ મોહમ્મદના કયા વડાને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરાયો ?
- મસુદ અઝહર

૨ રાજ્યમાં ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- ગુજરાત

૩ ભારતના કયા શહેરમાં સૌપ્રથમ દુકાન ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો ?
- મુંબઈ

૪ અપૂર્વી ચંદેલાનું કાર્યક્ષેત્ર જણાવો ?
- શુટીંગ

૫ કુલ કેટલા ભારતીયોને હાલ ઓનર સન્માન પ્રાપ્ત થયું છે ?
- ૨ (બે)

૬ 'વરૂણ નૌસનિક અભ્યાસ' કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને ફ્રાંસ

## 3.May 2019

**(૧) વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે :**
- દર વર્ષે યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં ૩ મેના રોજ વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસ વિશ્વભરમાં પ્રેસની આઝાદીના મૂલ્યોમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧માં યુનેસ્કોની જનરલ સભાના ૨૬માં સત્રમાં આ દિવસની ઉજવણી અંગેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્લ્ડ પ્રેસ ફ્રીડમ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૯૪માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ : Media for Democracy

**UNESCO**
- યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
  (United nations Educational, Scientific and Cultural Organization)
- સ્થાપના : ૪ નવેમ્બર ૧૯૪૬
- વડુમથક : પેરિસ, ફ્રાન્સ
- સભ્યદેશો : ૧૯૩

- યૂનેસ્કોનો મુખ્ય હેતુ શિક્ષણ, પ્રકૃતિ, સમાજવિજ્ઞાન, સંસ્કૃતિ તથા સંચારના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શાંતિમાં વધારો કરવાનો છે.

**(૨) વિદ્યુત વાહનો પર લીલા રંગની નંબર પ્લેટને લાગુ કરવાના આદેશ :**

- કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં વપરાતા વિદ્યુત વાહનો પર લીલા રંગની નંબર પ્લેટને લાગુ કરવાના આદેશ આપવામાં આવ્યા.
- આદેશ અનુસાર કોઇપણ વર્ષમાં ખરીદેલ વિદ્યુત વાહનો પર લીલા રંગની નંબર પલેટ લગાવવી ફરજિયાત રહેશે.
- આ નંબર પ્લેટ લીલા રંગની હશે અને તેના પર લખવામાં આવેલ નંબર સફેદ રંગથી રાખવામાં આવશે.
- વિદ્યુત વાહનોને પાર્કિંગ, નિશુલ્ક પ્રવેશ ને હાઇવે પર ટોલ જેવી ફ્રી સુવિધા આપવામાં આવશે.
- આ નિર્ણયનો ઉદ્દેશ્ય વિદ્યુત વાહનોને પ્રોત્સાહન આપવાનો છે.

**(૩) નારૂહિતો – જાપાનના નવા સમ્રાટ :**

- તાજેતરમાં જાપાનના ભૂતપૂર્વ સમ્રાટ અકીહિતોના રાજપદ ત્યાગ બાદ નારૂહિતો જાપાનના નવા સમ્રાટ બન્યા.
- નારૂહિતોના સમ્રાટ બન્યા બાદ જાપાનમાં રેઇવા કાળની શરૂઆત થઇ.
- નારૂહિતોના પિતા અકીહિતો છેલ્લા ૨૦૦ વર્ષમાં રાજપદનો ત્યાગ કરનાર પ્રથમ જાપાની સમ્રાટ છે.
- નારૂહિતો જાપાનના ૧૨૬માં સમ્રાટ બન્યા છે.
- અકીહિતો જાપાનના ૧૨૫માં સમ્રાટ તરીકે વર્ષ ૧૯૮૯ આ પદ પર હતા.

**(૪) નાથુલા ખાતે ભારત – ચીન સીમા વ્યાપારની શરૂઆત :**

- સિક્કિમના નાથુલા ખાતે ભારત– ચીન સીમા વ્યાપારની શરૂઆત થઇ.
- ભારત – ચીન સીમા વ્યાપારનું આ ૧૪ મું આયોજન છે.
- દર વર્ષે ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય વ્યાપારને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આ આયોજન કરવામાં આવે છે.
- સિક્કિમ – રાજધાની – ગંગટોક, મુખ્યમંત્રી – પવન ચામલિંગ, રાજ્યપાલ – ગંગા પ્રસાદ

**(૫) ૮મી એશિયન યૂથ વુમેન હેન્ડબોલ ચેમ્પિયશીપ :**

- રાજસ્થાનના જયપુર ખાતે ૮મી એશિયન યૂથ વુમેન હેન્ડબોલ ચેમ્પિયનશીપનું આયોજન થશે.
- આ ચેમ્પિયનશીપમાં ૧૦ ટીમો ભાગ લઇ રહી છે.
- અગાઉ વર્ષ ૨૦૧૫માં તેનું આયોજન દિલ્લી ખાતે કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૭માં તેનું આયોજન ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં દક્ષિણ કોરિયા ચેમ્પિયન બન્યું છે.

**(૬) આઇસીસી રેન્કિંગ :**

- આઇસીસી દ્વારા તાજેતરમાં ટેસ્ટ અને વનડે ની રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું.
- ભારતીય ટીમે ટેસ્ટમાં ૧૧૩ રેટિંગ પોઇન્ટ સાથે પ્રથમ ક્રમે છે.
- વન ડે રેન્કિંગમાં ઇંગ્લેન્ડની ટીમ ૧૨૩ પોઇન્ટ સાથે ટોચ પર છે. ભારતીય ટીમ વન ડેમાં બીજા ક્રમે છે.
- વન ડે રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકા ત્રીજા અને ન્યુઝીલેન્ડ ચોથા ક્રમે છે. જ્યારે ટેસ્ટમાં ન્યુઝીલેન્ડ બીજા ક્રમે છે.
- ટેસ્ટ રેન્કિંગમાં દ. આફ્રિકા ત્રીજા, ઇંગ્લેન્ડ ચોથા અને ઓસ્ટ્રેલિયા પાંચમા ક્રમે છે.

**ICC- International Cricket Council :**

- આઇસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઇ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીયરિયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
- બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) કરવામાં આવ્યું.
- આઇસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ ૧૦૫ દેશો આઇસીસીના સભ્યો છે.
- આઇસીસીના મુખ્ય કાર્યકારી અધિકારીનું મનુ સાહની છે. આઇસીસીના ચેરમેન શશાંક મનોહર છે. તેનું મુખ્ય મથક – દુબઇ

**(૭) કુમાર સાંગાકાર – મેરિલિબોન ક્રિકેટ ક્લબ અધ્યક્ષ :**

- શ્રીલંકાના ક્રિકેટર કુમાર સાંગાકાર મેરિલિબોન ક્રિકેટ ક્લબના અધ્યક્ષ બન્યા.
- તેઓ આ ક્લબના અધ્યક્ષ બનનાર પ્રથમ ગૈર બ્રિટિશ છે.
- મેરિલિબોન ક્રિકેટ ક્લબની સ્થાપના વર્ષ ૧૭૮૭માં થઇ હતી.
- તેનું મુખ્યમથક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આવેલ છે.
- આ ક્લબની સ્થાપના આંતરરાષ્ટ્રીય ક્રિકેટના નિયમો અને નિર્દેશનના હેતુથી કરવામાં આવી હતી.
- હાલમાં આ કાર્ય ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.
- હાલમાં આ કાર્ય માટેના તમામ કોપીરાઇટ્સ મેરિલિબોન ક્રિકેટ ક્લબ પાસે છે.

પ્રશ્નો

૧ વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ડે ક્યારે મનાવાય છે ?
- ૩ મે

૨ કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યુત વાહનો પર કયા રંગની નંબર પ્લેટને લાગુ કરવાનો આદેશ અપાયો ?
- લીલા રંગની

૩ જાપાનના નવા ૧૨૬માં સમ્રાટ જણાવો ?
- નારૂહિતો

૪ સિક્કિમની રાજધાન જણાવો ?
- ગંગટોક

૫ આઈસીસીના મુખ્ય કાર્યકારી અધિકારીનું નામ જણાવો ?
- મનુસાહની

## 4.May 2019

**(૧) ઇસરોના પૂર્વ ચેરમેનને ફ્રાંસનું સર્વોચ્ચ નાગરિક સન્માન:**

- ઇસરોના પૂર્વ ચેરમેન એ.એસ. કિરણકુમારને ફ્રાંસનું સર્વોચ્ચ સન્માન શેવેલિયર ડી લોર્ડ નેશનલ ડી લા લિજન ડી ઓનર પ્રદાન કરવામાં આવ્યું.
- તેમને આ સન્માન ભારત –ફ્રાંસ અંતરિક્ષ સહયોગ માટે તેમના યોગદાન બદલ આપવામાં આવ્યું.
- એ.એસ. કિરણકુમારનો જન્મ વર્ષ ૧૯૫૨માં કર્ણાટકમાં થયો હતો.
- તેમણે ભારતીય વિજ્ઞાન સંસ્થાન બેંગ્લોર ખાતે અભ્યાસ કર્યો છે.
- તેઓ વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી ઇસરોના ચેરમેન રહ્યા હતા.

- તેમને ચંદ્રયાન – ૧ અને મંગળયાન મિશનમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.
- તેઓ અગાઉ અમદાવાદ ખાતે આવેલ સ્પેસ એપ્લીકેશન સેન્ટરના નિર્દેશક તરીકે ફરજ બજાવતા હતા.
- વર્ષ ૨૦૧૪માં તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**લિજન ડી ઓનર :**

- શેવેલિયર ડી લોર્ડ નેશનલ ડી લા લિજન ડી ઓનર ફ્રાંસનું સર્વોચ્ચ સન્માન છે.
- આ સન્માન વિશ્વના કોઇપણ દેશના નાગરિકને ઉત્કૃષ્ટ સેવા બદલ આપવામાં આવે છે.
- તેની શરૂઆત વર્ષ ૧૮૦૨માં નેપોલિયન બોનપાર્ટ દ્વારા કરવામાં આવી હતી.
- આ સન્માન પ્રાપ્ત કરનાર ભારતીયો – શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન, અમર્ત્ય સેન, લતા મંગેશકર, જેઆરડી ટાટા, રતન ટાટા

**(૨) કામોવ – ૩૧ હેલિકોપ્ટરની ખરીદને મંજૂરી :**

- તાજેતરમાં રક્ષા મંત્રાલય દ્વારા કામોવ – ૩૧ હેલિકોપ્ટરની ખરીદી અંગેના પ્રસ્તાવને મંજૂરી આપી.
- રક્ષામંત્રી નિર્મલા સિતારમનની અધ્યક્ષતામાં મળેલ રક્ષા અધિગ્રહણ પરિષદ દ્વારા રશિયા પાસેથી ૩૬૦૦ કરોડના ખર્ચે ૧૦ કામોવ – ૩૧ હેલિકોપ્ટર ભારતીય નૌસેના માટે ખરીદવાનો નિર્ણય કર્યો.
- હાલ ભારતીય નૌસેના પાસે આ પ્રકારના ૧૨ હેલિકોપ્ટર છે.
- રક્ષા અધિગ્રહણ પરિષદની શરૂઆત સૈન્ય સામગ્રીને ખરીદવા માટે વર્ષ ૨૦૦૧માં ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ પરિષદના અધ્યક્ષ હોદ્દાની રૂએ રક્ષામંત્રી હોય છે.

કામોવ – ૩૧ હેલિકોપ્ટર :

- કામોવ – ૩૧ હેલિકોપ્ટરનું ઉત્પાદન રશિયા દ્વારા કરવામાં આવે છે.
- આ હેલિકોપ્ટરમાં એન્ટેના અને વોરિંગ રડારનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૩) જયશ્રી વ્યાસ –બોમ્બે સ્ટોક એક્ષચેન્જના પ્રથમ સ્વતંત્ર મહિલા નિર્દેશક :**

- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જયશ્રી વ્યાસને તાજેતરમાં બોમ્બે સ્ટોક એક્ષચેન્જના સ્વતંત્ર નિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ બોમ્બે સ્ટોક એક્ષચેન્જના સ્વતંત્ર નિર્દેશક નિયુક્ત થનાર પ્રથમ મહિલા છે.
- બોમ્બે સ્ટોક એક્ષચેન્જ એશિયાની સૌથી જૂની સ્ટોક અક્ષચેન્જ છે. તેની સ્થાપના વર્ષ ૧૮૭૫માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય દલાલ સ્ટ્રીટ મુંબઇ ખાતે આવેલ છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૭માં બોમ્બે સ્ટોક એક્ષચેન્જને સત્તાવાર દરજ્જો આપવામાં આવ્યો હતો.
- હાલમાં બોમ્બે સ્ટોક એક્ષચેન્જ વિશ્વનું ૧૦માં ક્રમનું સ્ટોક એક્ષચેન્જ છે.

**(૪) સનૌલી ખાતે ૪૦૦૦ વર્ષ જૂનું કબ્રગાહ – ASI**

- ભારતીય પુરાતત્વ વિભાગ (ASI) દ્વારા કરવામાં આવેલ ઉત્ખન્ન દરમ્યાન ઉત્તરપ્રદેશના સનૌલી ખાતે ૪૦૦૦ વર્ષ જૂનું કબ્રાગાહ અને અન્ય અવશેષો મળ્યા.
- આ સ્થાન પર પુરાતત્વ વિભાગને વર્ષો જૂનો કોઠાર, વાસણો, મૃત શરીર, પ્રાણીઓના હાડપિંજર વગેરેના અવશેષો મળ્યા.
- આ સ્થાન પર પુરાતત્વ વિભાગને વર્ષો જૂના કોઠાર, વાસણો, મૃત શરીર, પ્રાણીઓના હાડપિંજર વગેરેના અવશેષો પ્રાપ્ત થયા છે.
- વર્ષ ૨૦૧૮ થી ચાલી રહેલ આ ઉત્ખન્ન દરમ્યાન અગાઉ (ASI Archaeological Survey of India) ને અગાઉ ઉત્તપ્રદેશના બાગપત ખાતે હડપ્પાકાળનો સૌથી મોટો રથ મળી આવ્યો હતો.
- તાજેતરમાં મળી આવેલ આ કબ્રગાહ હડપ્પા સંસ્કૃતિના અંતિમ ચરણના સમકાલીન છે.

**ભારતીય પુરાતત્વ વિભાગ :**

- ભારતીય પુરાતત્વ વિભાગ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તે પુરાતત્વ અભ્યાસ અને સાંસ્કૃતિક સ્મારકોના રક્ષણ માટે કાર્ય કરે છે.
- તેનો મોટો : 'પ્રત્નકીર્તિમપાવૃણુ' છે.
- તેની સ્થાપના એલેક્ઝાન્ડર કનિંગહામ દ્વારા ૧૮૬૧માં કરવામાં આવી હતી તેઓ ભારતીય પુરાતત્વ વિભાગના પ્રથમ ડિરેક્ટર જનરલ હતા.

**(૫) શ્રી વેદાંત દેસીકનની ૭૫૦મી જન્મજયંતિ પર ટિકિટ :**

- ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ દ્વારા નવી દિલ્લી ખાતે શ્રી વેદાંત દેસીકનની ૭૫૦મી જન્મજયંતિ નિમિત્તે એક ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી.
- શ્રી વેદાંત દેસીકન વૈષ્ણવ સંપ્રદાયના સંત અને કવિ હતા.
- વૈંકેયા નાયડુ દેશના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ થી આ પદ પર છે.
- તેમનો જન્મ વર્ષ ૧૯૪૯માં આંધ્રપ્રદેશમાં થયો હતો.
- દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ હતા.
- ઉપરાષ્ટ્રપતિની જોગવાઇ બંધારણના અનુચ્છેદ ૬૩માં કરવામાં આવી છે.
- બંધારણનાા અનુચ્છેદ ૬૪ અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.

પ્રશ્નો

૧ એસ.કિરણકુમારને ફ્રાસ દ્વારા કયું સન્માન આપવામાં આવ્યું ?
- શેવેલિયર ડી લોર્ડ નેશનલ ડી લા લિજન ડી ઓનર

૨ એસ. કિરણકુમારનો જન્મ કયા રાજ્યમાં થયો ?
- કર્ણાટક

૩ ભારત કયા દેશ પાસેથી કામોધ -૩૧ હેલિકોપ્ટર ખરીદશે ?
- રશિયા

૪ બોમ્બે સ્ટોક એક્ષચેન્જના પ્રથમ સ્વતંત્ર મહિલા નિર્દેશક જણાવો ?
- જય શ્રી વ્યાસ

૫ તાજેતરમાં કયા રાજ્યમાંથી ૪૦૦૦ વર્ષ જુનું કબ્રગાહ મળી આવ્યું છે ?
- સનૌલી, ઉત્તરપ્રદેશ

૬ શ્રી વેદાંતન દેસીકનની ૭૫૦મી જન્મજયંતિ પર કોના દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી છે ?
- ઉપરાષ્ટ્રપતિ વૈકેયા નાયડુ

## 5.May 2019

**(૧) ડૉ. કે. સુબ્રમણ્યમ નાણાપંચની સલાહકાર પરિષદના સભ્ય :**

Vivekanand Academy Gandhinagar

- મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમનને ૧૫માં નાણાં પંચની સલાહકાર પરિષદના સભ્ય નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ ૧૫માં નાણાંપંચની સલાહકાર પરિષદના ૧૨માં સભ્ય છે
- ૧૫માં નાણાં પંચની સલાહકાર પરિષદનું કાર્ય નાણાં પંચના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી તેના પર સલાહ આપવાનો છે.

**કૃષ્ણમુર્તિ સુબ્રમણ્યન :**

- કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ ભારતના ૧૭મા મુખ્ય આર્થિક સલાહકાર તરીકે ૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ જોડાયા હતા.
- કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ બેન્કિંગ, કોર્પોરેટ ગવર્નન્સ અને આર્થિક નીતિમાં વિશ્વના અગ્રણી નિષ્ણાંત છે.
- અગાઉ સુબ્રમણ્યમ ઇન્ડિયન સ્કૂલ ઑફ બિઝનેસમાં એસોસિએટ પ્રોફેસર અને એનાલિટિકલ ફાયનાન્સ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપતા હતા.
- મુખ્ય આર્થિક સલાહકાર વિવિધ આર્થિક મુદ્દાઓ પર કેન્દ્ર સરકાર સાથે સલાહ પૂરી પાડે છે. તેઓ નાણાં મંત્રાલય હેઠળ કામ કરે છે.
- દેશના પ્રથમ મુખ્ય આર્થિક સલાહકાર જે.જે. અંજીરિયા હતા.

**(૨) નાણાં પંચ :**

- નાણાં પંચ એક બંધારણીય સંસ્થા છે તેની સ્થાપના અનુચ્છેદ ૨૮૦ અંતર્ગત કરવામાં આવી છે.
- નાણાં પંચ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે નાણાંની વહેંચણી અને અન્ય નાણાકીય બાબતોની સમીક્ષા કરે છે.
- રાજ્ય નાણાં પંચની રચના અનુચ્છેદ ૨૪૩(આઇ) અંતર્ગત કરવામાં આવે છે.
- દેશના પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ – કે.સી. નિયોગી
- દેશના વર્તમાન ૧૪માં નાણાં પંચ અધ્યક્ષ – વાય વી. રેડ્ડી (વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦)
- દેશના ૧૫માં નાણાં પંચના અધ્યક્ષ – એન.કે. સિંહ

**૧૫ મું નાણાં પંચ :**

- દેશના ૧૫માં નાણાં પંચનું ગઠન નવેમ્બર ૨૦૧૭માં થયું હતું.
- આ નાણા પંચ ૧ એપ્રિલ ૨૦૨૦ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી નાણાંકીય બાબતો અને કર અંગેના નિર્ણય કરશે.

**(૩) IIT દિલ્લી અને ભારત સરકાર વચ્ચે MOU**

- ભારત સરકાર અને IIT દિલ્લી વચ્ચે વેસ્ટ ટુ વેલ્થ ટેક્નોલોજિ માટે સેન્ટર ઓફ એક્સીલેન્સની સ્થાપના માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- વૈજ્ઞાનીક અને ટેકનિકલ ઉપાયો દ્વારા કચરાના વેસ્ટ ટુ વેલ્થ રૂપાંતરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આ એમઓયુ કરવામાં આવ્યા.
- તાજેતરમાં પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં રચાયેલ વિજ્ઞાન ટેક્નોલોજી અને ઇનોવેશન સલાહકાર પરિષદ દ્વારા વેસ્ટ ટુ વેલ્થ મિશનને મંજૂરી આપવામાં આવી હતી.
- આઇઆઇટી દિલ્લી એક સાર્વજનિક ઇજનેરી સંસ્થા છે જે દિલ્લીના હૌજ ખાતે આવેલ છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી. આઇઆઇટી દિલ્લીના વર્તમાન ચેરમેન કુમાર મંગલમ બિરલા છે.

**(૪) બજરંગ પુનિયાને અલી અલિયેવ રેસલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ :**

- ભારતીય પહેલવાન બજરંગ પૂનિયાએ અલી અલિયેવ રેસલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- તેઓ અલી અલિયેવ રેસલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય બન્યા.
- તેમણે ફાઇનલમાં ૬૫ કિ.ગ્રા. વર્ગમાં રશિયાના વિક્ટર રસ્સાસીનને હરાવી આ ટાઇટલ જીત્યું.
- થોડા સમય અગાઉ તેઓ ૬૫ કિલોગ્રામ વર્ગમાં વિશ્વના નંબર ૧ ખેલાડી બન્યા હતા.
- બજરંગ પૂનિયાનો જન્મ હરિયાણાના ઝજ્જરમાં થયો છે.

પ્રશ્નો

૧ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત નાણાપંચની સ્થાપના કરવામાં આવી છે ?
- એ-૨૮૦

૨. દેશના પ્રથમ નાણાપંચના અધ્યક્ષ જણાવો ?
- કે.સી. નિયોગી

૩. દેશના ૧૫માં નાણાપંચના અધ્યક્ષ જણાવો ?
- એન.કે. સિંઘ

૪ આઈઆઈટી દિલ્લીના વર્તમાન ચેરમેન જણાવો ?
- કુમાર મંગલમ્ બિરલા

૫ અલી એલિયેવ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય જણાવો ?
- બજરંગ પુનિયા

## 6.May 2019

**(૧) વિશ્વ હાસ્ય દિવસ :**

- દર વર્ષે મે મહિનાના પ્રથમ રવિવારે વિશ્વ હાસ્ય દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી ૧૦ મે ૧૯૯૮ના રોજ મુંબઇ ખાતે કરવામાં આવી હતી.
- મદન કટારિયા દ્વારા વિશ્વ હાસ્ય યોગ સંસ્થાની શરૂઆત કરાવમાં આવી હતી.
- આ દિવસ લોકોની સકારાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.

**(૨) મોતીલાલ નહેરૂ– જન્મજયંતિ :**

- ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરૂના પિતા મોતીલાલ નહેરૂની આજે જન્મજયંતિ
- તેમનો જન્મ ૬ મે ૧૮૬૧ના રોજ આગ્રા ખાતે થયો હતો.
- તેઓ અલ્હાબાદના જાણીતા વકીલ હતા.
- વર્ષ ૧૯૧૯માં અમૃતસર ખાતે થયેલ જલિયાવાલા બાગ હત્યાકાંડ બાદ તેઓ ગાંધીજીના અહવાન પર વકીલાત છોડી સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા.
- તેઓ વર્ષ ૧૯૧૯–૨૦ અને ૧૯૨૮–૨૯ દરમ્યાન બે વખત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યા હતા.
- વર્ષ ૧૯૨૩માં તેમણે ચિત્તરંજનદાસ સાથે મળી સ્વરાજ પાર્ટીની સ્થાપના કરી હતી.
- આઝાદી દરમ્યાન ભારતીયોની બાબતો સામે લાવવા તેમણે ઇન્ડીપેન્ડન્ટ નામનું અખબાર ચલાવ્યું હતું.
- વર્ષ ૧૯૩૧માં અલ્હાબાદ ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૩) મૃદુલાબેન સારાભાઇ –જન્મજયંતિ :**

- મૃદુલાબેન સારાભાઇનો જન્મ ૬ મે ૧૯૧૧ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- તેમના પિતા અંબાલાલ સારાભાઇ જાણીતા ઉદ્યોગપતિ હતા.
- મૃદુલાબેન સારાભાઇ મહાત્મા ગાંધીના પ્રભાવમાં આવી અભ્યાસ છોડી મીઠા સત્યાગ્રહમાં જોડાયા હતા.

Vivekanand Academy Gandhinagar

- તેમણે હિન્દી રાષ્ટ્રીય મહાસભાના મહિલા મોરચાનું નેતૃત્વ કર્યું હતું.
- તેમણે આઝાદી પહેલા રાષ્ટ્રીય કોંગ્રેસનાં મહામંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- તેમના જીવન અને સ્વતંત્રતા સંગ્રામમાં તેમના કાર્યો દર્શાવતું પુસ્તક 'રિબેલ વિથકોઝ' લેખક અપર્ણા બાસુ દ્વારા લખવામાં આવ્યું છે.
- તેમનું અવસાન ૨૭ ઓક્ટોબર ૧૯૭૪ના રોજ થયું હતું.

**(૪) ઉન્નત ભારત અભિયાન માટે કરાર :**
- ઇ– ગવર્નન્સ સર્વિસ ઇન્ડિયા લિમિટેડ દ્વારા તાજેતરમાં 'ઉન્નત ભારત અભિયાન' માટે આઇઆઇટી કાનપુર સાથે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- 'ઉન્નત ભારત અભિયાન' કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ પહેલ છે.
- ઉન્નત ભારત અભિયાન' માટે આઇઆઇટી કાનપુર ઉત્તરપ્રદેશની ૧૫ મુખ્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કોમન સર્વિસ સેન્ટર સાથે મળી ગ્રામીણ વિકાસના કાર્ય કરશે.
- ઉન્નત ભારત અભિયાન' નો ઉદ્દેશ્ય એક શૈક્ષણિક સંસ્થાને ઓછામાં ઓછા પાંચ ગામો સાથે જોડવાનો છે.
- જેથી ગ્રામીણ વિસ્તારમાં આર્થિક અને સામાજીક પરિવર્તનને પ્રોત્સાહન મળે.

**(૫) દિલિપકુમાર : લોકપાલ કાર્યાલય વિશેષ ડ્યૂટી ઓફિસર :**
- તાજેતરમાં દિલિપ કુમારને લોકપાલ સમિતિના કાર્યાલયમાં વિશેષ ડ્યૂટી ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ પંજાબ કેડરની ૧૯૯૫ બેચના આઇએએસ અધિકારી છે.
- અગાઉ તેઓ રાષ્ટ્રીય માનવધિકાર આયોગના સંયુક્ત સચિવ તરીકે કાર્ય કરતાં હતાં.
- દેશના પ્રથમ લોકપાલ પિનાકીચંદ્ર ઘોષ છે.

**લોકપાલ :**
- લોકપાલ ભારતની બંધારણીય સંસ્થા છે.
- લોકપાલ વર્તમાન તેમજ પૂર્વ વડાપ્રધાન, વર્તમાન તેમજ પૂર્વ કેન્દ્રિય મંત્રી, સંસદસભ્યો, સરકારી તેમજ જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને ૧૦ લાખથી વધુ વિદેશી યોગદાન મેળવતા એનજીઓની તપાસ કરી શકે છે.
- લોકપાલમાં ૧ અધ્યક્ષ અને વધુમાં વધુ ૮ સભ્યોની નિમણૂક હોય છે.
- સમિતિના આઠ સભ્યો પૈકી ચાર સભ્યો ન્યાયપાલિકાના હોય છે. જ્યારે બાકીના ચાર સભ્યોમાં એસસી, એસટી, ઓબીસી, લઘુમતી અને મહિલા હોવા ફરજિયાત છે. તેમની વય ૭૦ વર્ષથી વુધ ન હોવી જોઇએ.
- લોકપાલના અધ્યક્ષ બનવા માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અથવા સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશની લાયકાત જરૂરી છે.
- લોકપાલ સમિતિમાં એક અધ્યક્ષ અને વધુમાં વધુ આઠ સભ્યો હોય છે.
- લોકપાલ અધ્યક્ષ અને સભ્યોનો સમયગાળો ૫ વર્ષનો છે.

**લોકપાલ ઇતિહાસ :**
- ભારતમાં સૌપ્રથમ લોકપાલ શબ્દનો પ્રયોગ વર્ષ ૧૯૬૩માં શ્રી લક્ષ્મીમલ સિંઘિયા દ્વારા કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૬૬માં ઇન્દિરા ગાંધી સરકાર દ્વારા મોરારજી દેસાઇની અધ્યક્ષતામાં ભારતમાં લોકપાલની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.
- વર્ષ ૧૯૬૮માં સૌપ્રથમ લોકપાલ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું.
- વિશ્વના સૌ પ્રથમ લોકપાલની નિમણૂક વર્ષ ૧૮૦૯માં સ્વીડન ખાતે કરવામાં આવી હતી.

**(૬) ૨૦૧૯ના જી–૭ શિખર સંમેલનમાં ભારતને આમંત્રણ :**
- ભારતને જી–૭ દેશોના શિખર સંમેલન માટે આમંત્રણ મળ્યું.
- જી–૭ શિખર સંમેલન ૨૦૧૯નું આયોજન ફ્રાંસ ખાતે કરવમાં આવ્યું છે.
- જી–૭ શિખર સંમેલનનું આ ૪૫મું આયોજન છે.
- આ શિખર સંમેલનનું આયોજન ઓગસ્ટ ૨૦૧૯માં કરવામાં આવશે.
- જી–૭ સંમેલનના સભ્ય દેશોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, ઇટલી, કેનેડા, જાપાન અને જર્મનીનો સમાવેશ થાય છે.

**(૭) ફૂટબોલ ખેલાડી ચાવી હર્નાન્દેજ**
- વિશ્વના જાણીતા ફૂટબોલ ખેલાડી ચાવી હર્નાન્દેજે સન્યાસ જાહેર કર્યો.
- સ્પેનના ચાવી હર્નાન્દેજ હાલમાં કતાર અલ – સાદ ફૂટબોલ કલબ માટે રમે છે.
- તેઓ રાષ્ટ્રીય સ્તર પર સ્પેન માટે ૧૩૩ મેચમાં રમ્યા છે.

પ્રશ્નો

૧ વિશ્વ હાસ્ય દિવસ ક્યારે મનાવાય છે ?
- દર વર્ષે મે મહિનાના પ્રથમ રવિવારે

૨ વિશ્વ હાસ્ય યોગ સંસ્થાની શરૂઅતા કોણે કરી હતી ?
- મદન કટારિયા

૩ મોતિલાલ નહેરૂનો જન્મ ક્યારે અને કયાં થયો હતો ?
- ૧૫૬૧, આગ્રા

૪ મોતિલાલ નહેરૂએ સ્વરાજ પાર્ટીની સ્થાપના ક્યારે કરી હતી ?
- ૧૯૩૨

૫ મૃદુલાબેન સારાભાઈનો જન્મ કયાં થયો હતો ?
- અમદાવાદ

૬ 'ઉન્નત ભારત અભિયાન' કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?
- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય

૭ લોકપાલ કાર્યાલયમાં વિશેષ ડ્યૂટી ઓફિસર તરીકે કોની નિમણૂક થઈ ?
- દિલિપકુમાર

## 7.May 2019

**(૧) વર્લ્ડ અસ્થમા ડે :**
- દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે વર્લ્ડ અસ્થમા ડે મનાવવામાં આવે છે.
- આ ઉજવણી ગ્લોબલ એનીશીએટિવ ફોર અસ્થમા દ્વારા મનાવવામાં આવે છે.
- સૌ પ્રથમ વર્ષ ૧૯૯૮માં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- અસ્થમા શ્વસન સાથે સંકળાયેલ રોગ છે. આ રોગના દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.
- અસ્થમાં રોગ થવાનું મુખ્ય પર્યાવરણમાં થતું પ્રદુષણ છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : "STOP for Ashma" (STOP - Symptom evaluation, Test ressponse, observe and assess and proceed to adjust treatment)

**(૨) સીમા સડક સંગઠન સ્થાપના દિન :**
- સીમા કડક સંગઠનનો આજે ૫૯ મો સ્થાપના દિન.

- સીમા સડક સંગઠન દેશના સરહદી વિસ્તારોમાં રસ્તા અને વિકાસ કાર્ય કરતી સરકારી સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ દ્વારા કરવામાં આવી હતી.
- આ સંગઠન રક્ષા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

**(૩) રવિન્દ્રનાથ ટાગોર – જન્મજયંતિ :**

- રવિન્દ્રનાથ ટાગોરની આજે જન્મજયંતિ :
- બંગાળી કવિ, નાટ્યકાર, ચિત્રકાર, સાહિત્યકાર અને ફિલોસોફર રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મે ૧૮૬૧ના રોજ કોલક્ત્તામાં થયો હતો.
- તેમણે ૧૨ વર્ષની ઉંમરે પોતાની પ્રથમ કવિતા લખી હતી.
- ભારતનું રાષ્ટ્રગાન જન ગન મન તેમની રચના છે.
- વર્ષ ૧૯૧૩માં તેમના ગીતાજંલી કાવ્યસંગ્રહ માટે નોબલ પરિતોષિક (સાહિત્ય) થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેઓ એશિયાના પ્રથમ નોબેલ પરિતોષિક વિજેતા છે.
- ૭ ઓગસ્ટ ૧૯૪૧ના રોજ કોલક્ત્તા ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૪) પન્નાલાલ પટેલ – જન્મજયંતિ :**

- ગુજરાતના મહાન સાહિત્યકાર પન્નાલાલ પટેલની આજે જન્મજયંતિ.
- તેમનો જન્મ ૭ મે ૧૯૧૨ના રોજ ડુંગરપુર રાજસ્થાન ખાતે થયો હતો.
- તેમને વર્ષ ૧૯૮૫માં માનવીની ભવાઇ નવલકથા માટે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા (૨૧ મો પુરસ્કાર)
- મળેલા જીવ, ઘમ્મર વલોણું, વળામણા ભાગ્યાના ભેરૂ તેમની પ્રખ્યાત કૃતિ છે.
- તેઓ સાહિત્ય જગતના ચમત્કાર ઉપનામથી જાણીતા હતા.
- તેમની આત્મકથા અલપ– ઝલપ છે.
- ૬ એપ્રિલ ૧૯૮૯ના રોજ અમદાવાદ ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૫) આઇએનએસ રંજીત :**

- ભારતીય નૌસેનાના મિસાઇલ ડિસ્ટ્રોયર જહાજ આઇએનએસ રંજીતને સેવા પરથી નિવૃત્ત કરવામાં આવ્યું.
- આઇએનએસ રંજીતની સેવા નિવૃત્તિ સેરેમનીનું આયોજન વિશાખાપટ્ટનમ નેવેલ ડોકયાર્ડ ખાતે થયું હતું.
- આઇએનએસ રંજીતને સપ્ટેમ્બર ૧૯૮૩માં નૌસેનામાં જોડવામાં આવ્યું હતું.
- આઇએનએસ રંજીતના પ્રથમ કમાન્ડર કેપ્ટન વિષ્ણુ ભાગવત હતા.

**આઇએનએસ રંજીત :**

- આઇએનએસ રંજીતે પોતાના સેવાકાળ દરમ્યાન ૨૧૯૦ દિવસમાં કુલ ૭ ૪૩,૦૦૦ નોટિકલ માઇલની સફર કરી છે. (આ અંતર પૃથ્વીની ૩૬ પરિક્રમા સમાન છે.)
- આઇએસએન રંજીત ભારતીય નૌસેનાનું ડિસ્ટ્રોયર શ્રેણીનું જહાજ છે.
- આઇએનએસ રંજીતનું નિર્માણ યુક્રેનના કમ્યુનર્ડ શિપયાર્ડમાં તે સમયના સોવિયત સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આઇએનએસ રંજીત નૌસેનાની પાંચ રાજપૂત શ્રેણીનું જહાજ છે. પાંચ રાજપૂત શ્રેણીનું તે પ્રથમ સેવા પરતી નિવૃત્ત થનાર જહાજ છે.
- વર્ષ ૧૯૭૯માં તેને ઓપચારિક રૂપે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું રશિયન નામ લોવકલી છે.
- આઇએસએન રંજીતનું આદર્શ વાક્ય સદા રણ જયતે છે.

**(૬) લડાકુ સબમરીન વેલા**

- મઝગાંવના નૌકાદળ દ્વારા લડાકુ સબમરીન 'વેલા' લોન્ચ કરાવમાં આવી.
- 'વેલા' સબમરીન પ્રોજેક્ટ – ૭૫ અંતર્ગતની ચોથી સબમરીન છે.
- આ સબમરીનનું નિર્માણ મઝગાંવ ડોક લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- પ્રોજેક્ટ – ૭૫ અંતર્ગત સ્કોર્પિયન શ્રેણીની ૬ સબરીમનનો સમાવેશ થાય છે. તેમાંથી ત્રણ અગાઉ લોન્ચ થઇ ચૂકી છે.
- સ્કોર્પિયન શ્રેણીની સબમરીન ડીઝલ અને વીજળીથી સમાન રીતે ચલાવવામાં સક્ષમ છે.
- પ્રોજેક્ટ – ૭૫ આ ભારત અને ફ્રાન્સનો ૨૩૬૫૦ કરોડ રૂપિયાનો સંયુક્ત પ્રોજેક્ટ છે.
- ખંડેર, કરંજ, કલવરી, અને વેલા સબમરીન લોન્ચ થઇ ચૂકી છે. તેમાંથી ગત વર્ષે
- ડિસેમ્બરમાં કલવરીને નૌકાદળની ફિલટમાં સામેલ કરાઇ.

સબમરીન 'વેલા' ની વિશેષતા :

- લંબાઇ ૬૨ મીટર
- પહોળાઇ ૭૦ મીટર
- ઝડપ ૩૭ કીમી / કલાક
- મારક ક્ષમતા ૧૨ હજાર કીમી
- પરિવહન ક્ષમતા ૨૦૦૦ ટન

**લોરેંતિનો કોર્તિઝો – પનામાના નવા રાષ્ટ્રપતિ :**

- પનામાના રાષ્ટ્રપતિ તરીકે લૉરેંતિનો કોતિઝને નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ પનામાની ડેમોક્રેટિક રેવોલ્યુશનરી પાર્ટીના નેતા છે.
- તેઓએ પૂર્વ રાષ્ટ્રપતિ જુઆન કાર્લોસનું સ્થાન લીધું.
- પનામા એક મધ્ય અમેરીકામાં આવેલ દેશ છે.
- તેની રાજધાની પનામા શહેર છે.

પ્રશ્નો

૧ વર્લ્ડ અસ્થમા ડે ક્યારે મનાવાય છે ?
- દર વર્ષ મે મહિનાના પ્રથમ મંગળવારે

૨ સીમા સડક સંગઠનની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
- જવાહરલાલ નહેરૂ

૩ ભારતનાં રાષ્ટ્રગાનના રચયિતા જણાવો ?
- રવિન્દ્રનાથ ટાગોર

૪ 'ગીતાંજલી' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો ?
- કાવ્યસંગ્રહ

૫ પન્નાલાલ પટેલની આત્મકથાનું નામ જણાવો ?
- અલપ- ઝલપ

૬ માનવીની ભવાઇ કૃતિના કર્તા જણાવો ?
- પન્નાલાલ પટેલ

૭ તાજેતરમાં ભારતીય નૌસેનાનું કયું જહાજ નિવૃત્ત થયું છે ?
- આઇએનએસ રંજીત

૮ પનામાના નવા રાષ્ટ્રપતિ જણાવો ?
- તોરેંતિનો કોર્તિઝો

## 8.May 2019

**(૧) ગિરિજાદેવી – જન્મજયંતિ :**

- ઠુમરીના રાણી તરીકે જાણીતા પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર ગિરિજાદેવીની આજે જન્મજયંતિ

- તેમનો જન્મ ૮ મે ૧૯૯૨ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે થયો હતો.
- તેમણે ગુરુ સરજુપ્રસાદ મિશ્રા દ્વારા તાલીમ લઇ વર્ષ ૧૯૪૯માં પોતાનો પ્રથમ કાર્યક્રમ અલ્હાબાદ રેડિયો પર આપ્યો હતો.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૧૯૭૨માં પદ્મશ્રી વર્ષ ૧૯૮૯માં પદ્મભૂષણ અને વર્ષ ૨૦૧૬મા પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૧૯૭૭માં તેમને સંગીત નાટક અકાદમી ઍવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત તેમને તાનારીરી પુરસ્કાર, રાષ્ટ્રીય તાનસેન પુરસ્કાર જેવા અનેક પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- ૨૪ ઓક્ટોબર ૨૦૧૭માં પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૨) વિશ્વ રેડ ક્રોસ દિવસ**

- દર વર્ષે ૮ મેના રોજ વિશ્વ રેડ ક્રોસ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ કોઇપણ સમયે અને કોઇપણ સ્થળે લોકોની મદદ કરનાર અધિકારીઓ અને સ્વયંસેવકોના યોગદાનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- આ દિવસ આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સમિતિના સંસ્થાપક જીન હેનરી ડુનેંટની જન્મજયંતિ નિમિત્તે મનાવવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સમિતિનું મુખ્યાલય સ્વિત્ઝરલેન્ડના જીનીવા ખાતે આવેલ છે. તેની સ્થાપના વર્ષ ૧૮૬૩માં કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સમિતિને વર્ષ ૧૯૧૭, ૧૯૪૪ અને ૧૯૬૩માં કુલ ત્રણ વખત નોબલ શાંતિ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૯ થીમ – Love

**(૩) વિશ્વ થેલેસેમિયા દિવસ :**

- દર વર્ષે ૮ મેના રોજ વિશ્વ થેલેસેમિયા દિવસ મનાવવામાં આવે છે.
- થેલેસેમિયા એક અનુંવંશિક રક્ત રોગ છે. પીડિતના માતા કે પિતા પરથી કોઇ એક થેલેસેમિયાથી પીડિત હોય ત્યારે આ રોગ થાય છે.
- સામાન્ય રીતે આ રોગની ઓળખા બાળ અવસ્થામાં ૩ માસની ઉંમરે જોવા મળે છે.
- તેનાથી શરીરમાં હિમોગ્લોબિનનું નિર્માણ અટકી જાય છે. જેના કારણે ઓક્સિજનનું પરિવહન ઓછું થઇ જાય છે.
- આ રોગ ભૂમધ્યસાગરના લોકો અને દક્ષિણ એશિયાના લોકોમાં વધારો જોવા મળે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, ભારતમાં દર વર્ષે લગભગ ૮ થી ૧૦ હજાર થેલેસેમિયા પીડિત બાળકો જન્મ લે છે.
- થેલેસેમિયા મુખ્યત્વે બે પ્રકારના હોય છે. ૧ મેજર ૨. માયનોર
- વર્ષ ૨૦૧૯ થીમ : “Universal access to quality thalassaemia healthcare services : building bridges with and for patient”

**(૪) સમ્રાટ મહા જીવરાલાંગકોર્ન – થાઈલેન્ડના નવા રાજા :**

- સમ્રાટ મહા વજીરાલાંગકોર્ન તાજેતરમાં થાઇલેન્ડના નવા રાજા બન્યા.
- તેઓ ચક્રી રાજવંશના દશમાં શાસક છે તેમને રામદશમની ઉપાધિ આપવામાં આવી છે.
- થાઇલેન્ડમાં રાજવંશ ૧૭૮૨ થી શાસનમાં કરે છે.
- થાલેન્ડમાં છેલ્લે વર્ષ ૧૯૫૦માં વજીરાલાંગકોર્નના પિતા ભૂમિબોલ અદુલ્યદેજનો રાજ્યાભિષેક થયો હતો.

**(૫) બૌબાઉ સિસ્સે – માલીના નવા પ્રધાનમંત્રી :**

- તાજેતરમાં પશ્ચિમ આફ્રિકાના માલી દેશના પ્રધાનમંત્રી તરીકે બૌબાઉ સિસ્સેને નિયુક્ત કરવામાં આવ્યા.
- માલીના રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ બૌબકાર કિતા દ્વરા તેમને નવી સરકર રચવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- માલીના પૂર્વ પ્રધાનમંત્રી સૌમેયલૌઉ બૌબેય મેગા દ્વારા કેબિનેટ સહિત રાજીનામું આપ્યા બાદ બૌબાઉ સિસ્સેને પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- માલી પશ્ચિમ આફ્રિકા ખાતે આવેલ એક લેન્ડલોકડ દેશ (બધી જ બાજુ જમીની સરહદ ધરાવતો દેશ) છે.
- તેની રાજધાની બામાકો છે.

**(૬) ગેમ ચેંજર – શાહિદ આફ્રિદીની આત્મકથા :**

- તાજેતરમાં પાકિસ્તાનના ઓલ રાઉન્ડર ક્રિકેટર શાહિદ અફ્રિદીની આત્મકથા ગેમ ચેંજરનું વિમોચન કરવામાં આવ્યું.
- આ આત્મકથા શાહિદ આફ્રિદી અને પત્રકાર વજાહત ખાન દ્વારા લખવામાં આવી છે.
- આ પુસ્તકનું વિમોચન હાર્પકૉલિંસ ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે.
- શાહિદ આફ્રિદીએ પોતાની કારકિર્દીમાં ૨૭ ટેસ્ટ મેચ, ૩૯૮ વન ડે અને ૯૯ ટી ૨૦ મેચ રમી છે.

**(૭) જસ્ટિસ પી.આર. રામચંદ્ર મેનન : છત્તિસગઢના મુખ્ય ન્યાયાધીશ :**

- તાજેતરમાં જસ્ટિસ પી.આર. રામંચદ્ર મેનન છત્તિસગઢના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા.
- તેઓ છત્તિસગઢ હાઇકોર્ટના ૧૩માં મુખ્ય ન્યાયધીશ બન્યા.
- છત્તિસગઢના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તેમને રાયપુરના રાજભવન ખાતે પદની ગોપનીયતા અંગે શપથ લેવડાવ્યા.
- છત્તિસગઢ હાઇકોર્ટે વિલાસપુર ખાતે આવેલ છે.
- છત્તિસગઢ હાઇકોર્ટના પુવ મુખ્ય ન્યાયધીશ અજયકુમાર ત્રિપાઠીના રાજીનામા બાદ આ પદ ખાલી હતું.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧૪ અંતર્ગત દેશના દરેક રાજ્યોમાં એક હાઇકોર્ટની વ્યવસ્થા હોય છે.
- અનુચ્છેદ ૨૩૧ અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચે એક હાઇકોર્ટની સ્થાપના કરી શકે છે.
- હાઇકોર્ટના મુખ્ય ન્યાયધીશનું નિમણૂક અનુચ્છેદ ૨૧૭ અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ અને જે તે રાજ્યના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે.
- હાલ દેશમાં ૨૫ હાઇકોર્ટ કાર્યરત છે, ૨૫ મી હાઇકોર્ટ આંધ્રપ્રદેશમાં તાજેતરમાં રચાય છે.
- ગુજરાતમાં વર્ષ ૧૯૬૦ થી અમદાવાદમાં હાઇકોર્ટ કાર્યરત છે.
- જસ્ટિસ અનંતકુમાર દવે ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયધીશ છે.

**છત્તિસગઢ :**

રાજ્યપાલ – આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી – ભૂપેશ બઘેલ
રાજધાની – રાયપુર

**(૮) સેન્ટર ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સિંહોને ગોરખપુર લઇ જવા મંજૂરી**

- ઉત્તરપ્રદેશ દ્વારા ગોરખપુર ખાતે જૂનાગઢના સિંહોને લઇ જવા માટે માંગણીને સેન્ટર ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા તાજેતરમાં મંજુરી આપવામાં આવી.
- જૂનાગઢ ખાતે આવેલ સક્કરબાગ ઝૂના આઠ સિંહોને ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતે બનેલ નવા ઝૂ માં મોકલવામાં આવશે.
- ૮ સિંહોમાંથી ૨ નરસિંહ અને ૬ માદા સિંહનો સમાવેશ થાય છે.
- ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં શહિદ અશફાક ઉલ્લાહખાં પ્રાણી સંગ્રહાલયનું નિર્માણ થઇ રહ્યું છે. આ પ્રાણી સંગ્રહાલય ૧૨૧.૩૪૨ હેક્ટરમાં ફેલાયેલું છે.
- ઉત્તર પ્રદેશ અને ગુજરાતના મુખ્યમંત્રી વચ્ચે જૂનાગઢ સક્કરબાગ ઝૂના ૧૧ સિંહો ઉત્તર પ્રદેશને આપવાની સહમતી થઇ હતી.
- એશિયાટીક સિંહોની સૌથી વધારે વસ્તી ગીર વિસ્તારમાં જોવા મળે છે.
- એશિયાટીક સિંહનું વૈજ્ઞાનિક નામ Panthera leo persica' ફેલિસ લીઓ પર્સિક્સ' છે.
- ભારતના રાષ્ટ્રીય ચિન્હ અશોક ચક્રમાં ચાર એશિયાટીક સિંહનું દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે.જેને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ સ્વીકારવામાં આવ્યું હતું.

**ઉત્તરપ્રદેશ :**

- રાજ્યપાલ : રામ નાયક
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજધાની : લખનૌ

**સેન્ટર ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયા :**

- સેન્ટર ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયા ભારત સરકારની એક વન્યજીવી સંસ્થા છે. તેની સ્થાપના વન્યજીવ અધિનિયમ અંતર્ગત કરવામાં આવી હતી.
- આ સંસ્થા દેશના તમામ પ્રાણી સંગ્રહાલયનું સંચાલન કરે છે.

પ્રશ્નો

૧ ઠુમરીના રાણી તરીકે કયા શાસ્ત્રી સંગીતકાર જાણીતા હતા ?
- ગીરિજા દેવી

૨ વિશ્વ રેડ ક્રોસ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૮ મે

૩ વિશ્વ રેડ ક્રોસ દિવસ-૨૦૧૯ની થીમ જણાવો ?
- લવ

૪ વિશ્વ થેલેસેમિયા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૮ મે

૫ થાઈલેન્ડના નવા રાજાનું નામ જણાવો ?
- સમ્રાટ મહા વજીરાલગર્કોન

૬ માલીના નવા પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
- બૌબાઉ સિસ્સે

૭ 'ગેમ ચેંજર' કોની આત્મકથા છે ?
- શાહિદ આફ્રીદી

૮ છત્તિસગઢના નવા મુખ્યન્યાયધીશ તરીકે કોણે શપથ લીધા ?
- પી.આર. રામચંદ્ર સેનન

## 9.May 2019

**(૧) મહારાણા પ્રતાપની જન્મજયંતિ**

- મેવાડના રાજા શ્રી મહારાણા પ્રતાપની આજે જન્મજયંતિ
- તેમનો જન્મ ૯ મે ૧૫૪૦ના રોજ રાજસ્થાનના કુંભલગઢ ખાતે થયો હતો.
- તેમના માતાનું નામ મહારાણી જયવંતાબાઇ અને પિતાનું નામ ઉદયસિંહ દ્વિતીય હતું.
- તેઓ સિસોડિયા વંશના રાજા હતા.
- ફેબ્રુઆરી ૧૫૭૨માં તેમનું રાજ તિલક કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૧૫૭૬માં મહારાણા પ્રતાપ અને અકબર વચ્ચે હલ્દીઘાટી યુદ્ધ થયું હતું.
- જેમાં મહારાણા પ્રતાપનો વિજય થયો હતો અને અકબરની મુઘલ સેનાએ પીછે હટ કરી હતી.
- મહારાણા પ્રતાપના ડરથી અકબરે પોતાની રાજધાની લાહૌર ખાતે સ્થળાંતર કરી હતી.
- ૧૯ જાન્યુઆરી ૧૫૯૭ના રોજ મેવાડમાં તેમનું અવસાન થયું હતું.
- મહારાણા પ્રતાપના ઘોડાનું નામ ચેતક હતું.

**(૨) ગોપાલકૃષ્ણ ગોખલે – જન્મજયંતિ :**

- ભારતના સ્વતંત્રતા સેનાની અને સમાજ સુધારક ગોપાલકૃષ્ણ ગોખલેનઆી આજે જન્મજયંતિ
- તેમનો જન્મ ૯મે ૧૮૬૬ ના રોજ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપૂર ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૦૫માં કોંગ્રેસના પ્રમુખ રહ્યા હતા.
- તેઓ કોંગ્રેસની મવાળવાદી વિચારધારાના સમર્થક હતા.
- તેમણે સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયન સોસાયટીની સ્થાપના કરી હતી.
- ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માં ગોખલેને ગંગા જેવા પવિત્ર ગણાવ્યા હતા.
- ગોપાલકૃષ્ણ ગોખલે ગાંધીજીના રાજકીય ગુરૂ હતા.

**(૩) વર્લ્ડ બેંકની પ્રથમ લોન :**

- ૯ મે ૧૯૪૭ના રોજ વર્લ્ડ બેન્ક દ્વારા લોન આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું.
- વર્લ્ડ બેન્ક દ્વારા પ્રથમ લોન ફ્રાંસને અપાઇ હતી.
- ફ્રાંસે ત્યારે ૩૩૫૦ કરોડ રૂપિયાની લોન માંગી હતી પરંતુ વર્લ્ડ બેંકે અડધી જ રકમ એટલે કે ૧૬૭૫ કરોડ રૂપિયાની જ મંજૂરી આપી હતી.
- વર્લ્ડ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના ૧૯૪૪માં અમેરિકાના બ્રિટન વૂડસ શહેરમાં વિશ્વના નેતાઓના એક સંમેલન દરમિયાન થઇ હતી.
- આ બંને સંસ્થાઓ બ્રિટન વૂડ્સ સંસ્થાના નામથી પણ ઓળખાય છે.
- દ્વિતીય મહાયુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાઓને ફરીથી પાટા પર લાવવાના આદેશથી આ સંસ્થાઓની રચના કરાઇ હતી.
- વર્લ્ડ બેંકનું નિયંત્રણ તેના ૧૮૦ થી વધુ સભ્ય દેશોના હાથમાં છે. તે શેરધારક પણ છે.
- આ દેશોનું પ્રતિનિધિત્વ કરનારા ગવર્નરોના બોર્ડ નિર્ણય કરે છે.
- વર્લ્ડ બેંકનું મુખ્યમથક વોશીંગ્ટન ડીસી યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે આવેલ છે.
- વર્લ્ડ બેંક પ્રમુખ : જિમ યોંગ કિમ
- વર્લ્ડ બેંક સીઇઓ : ક્રિસ્ટાલિના જ્યોર્જિવા
- વર્લ્ડ બેંક સ્થાપકો : જ્હોન મેનાર્ડ કેન્સ, હેરી ડેક્સ્ટર વ્હાઇટ

**(૪) જી.ડી. રાબર્ટ ગોવોંદર – વી.કે. કૃષ્ણ મેનન પુરસ્કાર :**

- ભારતીય મૂળના દક્ષિણ આફ્રીકી પત્રકાર જી.ડી. રૉબર્ટ ગોવોંદરને વર્ષ ૨૦૧૯ના વી.કે. કૃષ્ણ મેનન પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

- આ સન્માન તેમને ઉત્કૃષ્ઠ પત્રકારિતા માટે એનાયત કરવામાં આવ્યું.
- આ પુરસ્કાર વી.કે. કૃષ્ણ મેનન ફાઉન્ડેશન દ્વારા એનાયત કરવામાં આવે છે.
- વી.કે. કૃષ્ણ મેનન સ્વતંત્રતાસેનાની હતા. તેમનો જન્મ ૩ મે ૧૮૮૬ના રોજ કેરલના કન્નુર જિલ્લામાં થયો હતો.
- વી.કે. કૃષ્ણ મેનન સ્વતંત્ર ભારતના યુનાઇટેડ કિંગડમ ખાતેના પ્રથમ ઉચ્ચાયુક્ત હતા.
- જવાહરલાલ નહેરૂ સરકારમાં તેઓ દેશના રક્ષામંત્રી રહ્યા હતા.
- વર્ષ ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મવિભૂષણ થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**(૫) જીએસટી – એપ્રિલમાં હાલ સુધીનું સૌથી વધુ માસિક ક્લેક્શન :**

- દેશમાં એપ્રિલ ૨૦૧૯ દરમ્યાન જીએસટી રેવન્યુ ક્લેક્શન ૧,૧૩,૮૬૫ કરોડ થયું.
- જીએસટી લાગુ થયાથી હાલ સુધીનું આ માસિક ક્લેકશન સૌથી વધુ છે.
- આ અગાઉનું સૌથી વધુ જીએસટી રેવન્યુ ક્લેકશન માર્ચ ૨૧૦૯ ની ૧,૦૬,૫૭૭ કરોડ હતું.

**જીએસટી :**

- GST- Goods and Services Tax
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ 'એક દેશ- એક કર' છે.
- ભારતમાં જીએસટી લાગુ – ૧ જુલાઈ ૨૦૧૭
- વિશ્વમાં જીએસટી લાગુ કરનાર પ્રથમ દેશ – ફ્રાંસ
- GST બિલ રાષ્ટ્રપતિની મંજૂરી – ૮ સપ્ટેમ્બર ૨૦૧૬
- GST નંબર કુલ ૧૫ સંખ્યામાં હોય છે.
- GSTકાઉન્સિલ અધ્યક્ષ : નાણાંમંત્રી
- GST કાઉન્સિલ મુખ્યમથક – નવી દિલ્લી
- GST દિવસ – ૧ જુલાઇ
- GST લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય – આસામ
- GST લાગુ કરનાર ભારતનું અંતિમ રાજ્ય – જમ્મુ કાશ્મીર
- GSTના ત્રણ ભાગો : CGST, SGST, IGST
- GSTના બ્રાન્ડ એમ્બેસેડર ? : અમિતાભ બચ્ચન

**(૬) ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રાની શરૂઆત :**

- તાજેતરમાં વિશ્વ પ્રખ્યાત અને હિન્દુ ધર્મની પવિત્ર ચાર ધામ યાત્રાની ઉત્તરાખંડમાં શરૂઆત થઇ.
- અક્ષયતૃતીયાના શુભઅવસરે આ યાત્રાની શરૂઆત થાય છે.
- ચાર ધામની આ યાત્રામાં મુખ્ય તીર્થસ્થળ યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રિનાથનો સમાવેશ થાય છે.
- હિન્દુ ધાર્મિક પરંપરા અનુસાર તીર્થયાત્રાની શરૂઆત પશ્ચિમમાં આવેલ યમનોત્રીથી થાય છે. આ યાત્રાનો અંતિમ પડાવ પૂર્વમાં આવેલ બદ્રિનાથ છે.

**ઉત્તરાખંડ :**

- રાજ્યપાલ – બેબી રાની મૌર્ય
- મુખ્યમંત્રી – ત્રિવેન્દ્રસિંહ રાવત
- રાજધાની –દહેરાદૂન

**(૭) ભારતમાં પ્રથમ પ્રાકૃતિક આઇસ કૈફેનું નિર્માણ :**

- તાજેતરમાં લદ્દાખના લેહ ખાતે ભારતના પ્રથમ પ્રાકૃતિક આઇસ કૈફેનું નિર્માણ કરવામાં આવ્યું
- ૧૪૦૦૦ ફૂટની ઊંચાઇ પર તેનું નિર્માણ સીમા સડક સંગઠન દ્વારા પ્રાકૃતિક પ્રક્રિયા સાથે કરવામાં આવ્યું છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય શિયાળા દરમ્યાન પાણીની બચત કરી બાદમાં જરૂરિયાત મુજબ તેનો ઉપયોગ સિંચાઇ માટે કરવાનો છે.
- આ કૈફેને સોનમ વાંગચૂકના બર્ફીલા સ્તૂપ મુજબ તૈયાર કરવામાં આવ્યું છે.

**સીમા સડક સંગઠન :**

- સીમા સડક સંગઠન દેશના સરહદી વિસ્તારોમાં રસ્તા અને વિકાસ કાર્ય કરતી સરકારી સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ દ્વારા કરવામાં આવી હતી.
- આ સંગઠન રક્ષા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

**(૮) ડૉ. એન.આર માધવ મેનન – નિધન :**

- જાણીતા શિક્ષણવિદ્ અને આધુનિક ભારતીય શિક્ષણના પિતામહ ગણાતા એન.આર. માધવ મેનનું ૮ મે ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેમણે બેંગલુરુમાં નેશનલ લૉ સ્કૂલ ઓફ ઇન્ડિયા, બંગાળમાં નેશનલ યુનિવ્રસિટી ઓફ જ્યુડિશિયલ સાયન્સ અને ભોપાલમાં નેશનલ જ્યુડિશિયલ એકેડમીની સ્થાપના કરી હતી.
- તેમનો જન્મ ૪ મે ૧૯૩૫ના રોજ કેરલના તિરુવનંતપુરમ ખાતે થયો હતો.
- તેમણે વકીલ તેમજ શિક્ષણવિદ્ તરીકે વર્ષ ૧૯૫૫માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ ૧૯૫૬માં તેઓ કરેલ હાઇકોર્ટમાં જોડાયા હતા.
- કાયદા ક્ષેત્ર તેમના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં તેમને પદ્મશ્રીની સન્માનીત કરવામાં આવ્યા હતા.

પ્રશ્નો

૧ મહારાણા પ્રતાપનો જન્મ ક્યાં થયો હતો ?
- કુંતલગઢ, રાજસ્થાન

૨ હલ્દીઘાટીનું યુદ્ધ કોની કોની વચ્ચે અને ક્યારે થયું હતું ?
- મહારાણા પ્રતાપ, અકબર, ૧૫૭૬

૩ ગાંધીજીના રાજકીય ગુરૂનું નામ જણાવો ?
- ગોપાલકૃષ્ણ ગોખલે

૪ ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ ક્યો રાજ્યમાં થયો હતો ?
- મહારાષ્ટ્ર

૫ વર્લ્ડ બેંક દ્વારા પ્રથમ લોન કોને આપવામાં આવી હતી ?
- ફ્રાંસ

૬ વર્લ્ડ બેંકના પ્રમુખ જણાવો ?
- જિમ યોગ કિમ

## 10.May 2019

**(૧) દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ – નેલ્સન મંડેલા :**

- નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ તરીકે ૧૦ મે ૧૯૯૪ના રોજ શપથ લીધા હતા.
- લોકશાહી ઢબે ચૂંટણી થયા બાદ નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરિયામાં શપથ લીધા હતા.
- નેલ્સન મંડેલએ ૧૯૯૯ માં રાષ્ટ્રપતિપદ છોડ્યું હતું.
- નેલ્સન મંડેલાને જન્મ વર્ષ ૧૯૧૮માં થયો હતો.
- ૧૯૪૨માં મંડેલા આફ્રિકી નેશનલ કોંગ્રેસમાં જોડાયા હતા.
- ૧૯૯૫માં નેલ્સન મંડેલાએ નેલ્સન મંડેલા ચિલ્ડ્રન ફંડ નામની સંસ્થા સ્થાપી હતી.

- ૫ ડિસેમ્બર ૨૦૧૩ ના રોજ તેમનું અવસાન થયું.
- વર્ષ ૧૯૯૦માં ભારત સરકાર દ્વારા મંડેલાને ભારત રત્ન સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.
- મંડેલાને વર્ષ ૧૯૯૩મા નોબલ શાંતિ પુરસ્કાર એનાયત થયો હતો.

**(૨) શેખ મુજિબુર રહમાનના જીવન પર ફિલ્મનું નિર્માણ :**

- ભારત અને બાંગ્લાદેશ સાથે મળી બંગબંધુ શેખ મુજિબુર રહમાનના જીવન પર ફિલ્મનું નિર્માણ કરશે.
- આ સાથે બાંગ્લાદેશ સ્વતંત્રતા સંગ્રામ પર એક ડોક્યુમેંટ્રી પણ બનાવવામાં આવશે.
- ભારતનો પ્રસાર ભારતી વિભાગ આ ફિલ્મનું સહ નિર્માણ કરશે.
- તાજેતરમાં મળેલ બાંગ્લાદેશના પ્રધાનમંત્રીના સલાહકાર ડૉ. ગૌહર રિજવીની અધ્યક્ષતામાં ભારત અને બાંગ્લાદેશના પ્રતિનિધિ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
- આ બેઠકમાં ભારત તરફથી સૂચના અને પ્રસારણ મંત્રાલયના સચિવ અને અધિકારીઓએ ભાગ લીધો હતો.
- શેખ મુજિબુર રહમાનના જીવન પર ફિલ્મનું નિર્દેશન પ્રસિદ્ધ ફિલ્મમેકર શ્યામ બેનેગલ દ્વારા કરવામાં આવશે. આ ફિલ્મની પટકથા અતુલ તિવારી દ્વારા લખવામાં આવી છે.
- શેખ મુજિબુર રહમાન બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા છે.

**બાંગ્લાદેશ :**

- રાષ્ટ્રપતિ – અબ્દુલ હમીદ
- પ્રધાનમંત્રી – શેખ હસીના
- રાજધાની – ઢાંકા

**પ્રસાર ભારતી :**

- ભારતીય બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (પ્રસાર ભારતી) ની સ્થાપના ૨૩ નવેમ્બર ૧૯૯૭ના રોજ થઇ હતી.
- આ સંસ્થા દૂરદર્શન અને આકાશવાણીનું સંચાલન કરે છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

**(૩) નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયા પર વિશ્વના બીજા સૌથી વધારે ફોલો થનાર રાજનેતા**

- તાજેતરમાં ડિજિટલ માર્કેટિંગ પ્લેટફોર્મ SEM rush દ્વારા સોશિયલ મીડિયા પર વિશ્વના સૌથી વધારે ફોલો થનાર રાજનેતાની યાદી જાહેર કરવામાં આવી.
- ભારતીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયા પર વિશ્વના સૌથી વધારે ફોલો થનાર રાજનેતાની યાદીમાં બીજા સ્થાન પર છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફેસબુક, ઇન્સ્ટ્રાગ્રામ અને ટ્વિટર પર કુલ ૧૧૦.૯ મિલિયન લોકો ફોલો કરે છે.
- આ યાદીમાં પ્રથમ સ્થાને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા છે. સોશિયલ મીડિયા પર તેમના ૧૮૨.૭ કરોડ ફોલોવર્સ છે.
- અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સોશિયલ મીડિયા પર ૯૬ મિલિયન ફોલોવર્સ છે.

**સોશિયલ મીડિયામા પ્રધાનમંત્રી :**

ટ્વિટર : https://twitter.com/narendramodi

ફેસબુક : https://www.facebook.com/narendramodi

ઇન્સ્ટાગ્રામ :https://instagram.com/narendramodi/

**(૪) જાપાનની એરસ્પેસ સ્ટાર્ટઅપ કંપની દ્વારા મોમો–૩ રોકેટ લોન્ચ :**

- જાપાનની એરસ્પેસ સ્ટાર્ટઅપ કંપની ઇન્ટરસ્ટેલર ટેકનૉલોજિ દ્વારા મોમો–૩ નામના રોકેટને લોન્ચ કરવામાં આવ્યું.
- ઇન્ટરસ્ટેલર ટેકનૉલોજિ જાપાનની ખાનગીક્ષેત્રની પ્રથમ કંપની બની જેણે અંતરિક્ષમાં રોકેટ લોન્ચ કર્યું.
- આ રોકેટ ૧૧૦ કિલોમીટરની ઊંચાઇ પર ગયા બાદ પ્રશાંત મહાસાગરમાં પડી ગઇ હતી.
- આ રોકેટની લંબાઇ ૧૦ મીટર હતી.
- ઇન્ટરસ્ટેલર ટેકનૉલૉજિ કંપનીની સ્થાપના તાકાફુમી હોરી દ્વારા કરવામાં આવી છે.

**(૫) સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહ :**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પાંચમા વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું.
- વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહનું આયોજન 'Leadership for road safety' (સડક સુરક્ષા માટે નેતૃત્વ) થીમ પર કરવામાં આવ્યું છે.
- આ આયોજન સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું છે.
- વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહ દરમ્યાન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા સડક સુરક્ષા પર એક વૈશ્વિક રિપોર્ટ પર જાહેર કરવામાં આવ્યો છે.
- રિપોર્ટ અનુસાર સડક સુરક્ષાના લક્ષ્યોને મજબૂત કરવા 'Save Lives - #speakup અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

**Save Lives- #speakup અભિયાન**

- Save Lives - #speakup અભિયાન "decade of action for road safety-2011-2020" ના સિદ્ધાંત આધારિત છે.
- આ અભિયાન સડક દુર્ઘટનાના કારણે થતાં મૃત્યુ અને ઘાયલ લોકોની સંખ્યામાં ઘટાડો કરવાનો છે.

**સડક સુરક્ષા પર વૈશ્વિક રિપોર્ટ :**

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા સડક સુરક્ષા પર એક વૈશ્વિક રિપોર્ટ પર જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટ અનુસાર ૫ થી ૨૯ વર્ષના લોકોના મૃત્યુનું મુખ્ય કારણ સડક દુર્ઘટના છે.
- વિશ્વમાં દર વર્ષે ૧.૩૫ કરોડ લોકોનું મૃત્યુ સડક દુર્ઘટનાથી થાય છે. જ્યારે ૫૦ કરોડ લોકો સડક દુર્ઘટનામાં ઘાયલ થાય છે.
- ભારતમાં દર વર્ષે ૧.૫ લાખ લોકોનું મૃત્યુ સડક દુર્ઘટનાથી થાય છે.

**(૬) ભારતના બે શહિદ અધિકારીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સન્માન :**

- તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડ્યૂટી પર શહીદ થયેલ બે ભારતીય અધિકારીઓને સન્માનીત કરવામાં આવ્યા.
- ભારતના બે શહીદ અધિકારી જિતેન્દ્રકુમાર અને શિખા ગર્ગ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સન્માનીત કરવામાં આવ્યા.
- પોલીસ અધિકારી જિતેન્દ્રકુમાર સંયુક્ત રાષ્ટ્ર મિશન અંતર્ગત કાંગો ખાતે ફરજ બજાવતા હતા.
- તેમનું નિધન જાન્યુઆરી ૨૦૧૯માં કાંગો ખાતે થયું હતું.
- જ્યારે શિખા ગર્ગ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ અંતર્ગત કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા.
- તેમનું નિધન સેવા ફરજ દરમ્યાન ઇથિયોપિયન એરલાઇન ક્રેશ દરમ્યાન થયું હતું.

Vivekanand Academy Gandhinagar

- બે ભારતીય અધિકારી સહિત સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેના અને સ્ટાફના શહીદ થયેલ ૧૫૫ અધિકારીઓને સન્માનીત કરવામાં આવ્યા છે.

**સંયુક્ત રાષ્ટ્ર :**

- સ્થાપના ૨૪ ઓક્ટોબર ૧૯૪૫
- સભ્ય દેશો : ૧૯૩ (સ્થાપના સમયે ૫૧ સભ્યો)
- સત્તાવાર ભાષા – અરેબિક, ચાઇનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ
- મુખ્યમથક : ન્યુયોર્ક

પ્રશ્નો

૧ દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ જણાવો ?
- નેલ્સન મંડેલા

૨ નેલ્સન મંડેલાને 'ભારત રત્ન' ક્યારે એનાયત થયો હતો ?
- ૧૯૯૦

૩ બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા જણાવો ?
- શેખ મુજિબુર રહમાન

૪ ભારતના કયા બે શહિદો અધિકારો તે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સન્માન પ્રાપ્ત થયું ?
- જિતેન્દ્રકુમાર અને શિખા ગર્ગ

૫ ભારતમાં દર વર્ષ કેટલા લોકોનું મૃત્યુ સડક દુર્ઘટનાથી થાય છે ?
- ૧.૫ લાખ

## 11.May 2019

**(૧) ઓપરેશન શક્તિ– પોખરણ –II**

- ૧૧ મે ૧૯૯૮ના રોજ ભારતે બીજું પરમાણુ પરીક્ષણ કર્યું હતું.
- ભારત દ્વારા ભૂગર્ભમાં પાંચ પરમાણુ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- પાકિસ્તાન સરહદથી ફક્ત ૧૫૦ કિમી દૂર રાજસ્થાનના પોખરણ ખાતે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ભારત દ્વારા કરવામાં આવેલ આ પરીક્ષણમાં પરમાણુ બોમ્બના નામ શક્તિ–૧, શક્તિ–૨, શક્તિ–૩, શક્તિ –૪, શક્તિ–૫ રાખવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ બાદ ઇઝરાયલ એકમાત્ર એવો દેશ હતો જેણે ભારતનું સમર્થન કર્યું હતું.
- અમેરિકા, કેનેડા, જાપાન, ચીન, પાકિસ્તાન જેવા અનેક દેશો દ્વારા ભારતના આ પરીક્ષણનો વિરોધ કરવામાં આવ્યો હતો.
- આ પરીક્ષણ વખતે ભારતના પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઇ હતા. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ આ પરીક્ષણનો ભાગ હતા.
- ભારત દ્વારા પ્રથમ પરમાણુ પરીક્ષણ મે ૧૯૭૪માં કરવામાં આવ્યું હતું જેણે સ્માઇલિંગ બુદ્ધા નામ અપાયું હતું. પ્રથમ પરમાણુ પરીક્ષણ વખતે ઇન્દિરા ગાંધી ભારતના પ્રધાનમંત્રી હતા.

**(૨) મૃણાલિની સારાભાઇ – જન્મજયંતિ :**

- ભરતનાટ્યમ અને કથકલી નૃત્યના નિષ્ણાંત મૃણાલિની સારાભાઈની આજે જન્મજયંતિ.
- તેમનો જન્મ ૧૧ મે ૧૯૧૮ના રોજ કેરળમાં થયો હતો.
- તેમણે અમદાવાદ ખાતે દર્પણ એકેડમીની સ્થાપના કરી હતી, આ સંસ્થા નૃત્ય, નાટક અને મ્યુઝિકની તાલીમ આપે છે.
- મીનાક્ષી સુંદરમ પિલ્લાઇ તેમના ગુરૂ હતા.
- તેઓ ભારતીય ભૌતિક વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઇના પત્ની હતા.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૫માં તેમને પદ્મશ્રી અને વર્ષ ૧૯૯૨માં પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- કેરળ સરકાર દ્વારા આપવામાં આવતો નિશાગાંધી પુરસ્કાર પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. તેમને વર્ષ ૨૦૧૩માં આ સન્માન મળ્યું હતું.
- ૨૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ તેમનું અમદાવાદ ખાતે નિધન થયું હતું.

**(૩) સોમનાથ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા દિવસ :**

- વિશ્વ પ્રસિદ્ધ દ્વાદશ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા આજના દિવસે વર્ષ ૧૯૫૧માં થઇ હતી.
- ભારતની આઝાદી બાદ લોહપુરૂષશ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સોમનાથ હતા ત્યારે મંદિરની હાલત જોઇ તેમને જીર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો હતો.
- સોમનાથ મંદિરના પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થયા બાદ વિક્રમ સંવત ૨૦૦૭ ની વૈશાખ વદ પાંચમ એટલે કે ૧૧ મે ૧૯૫૧ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.
- પ્રાણ પ્રતિષ્ઠા સમયે સરદાર વલ્લભભાઇ પટેલ કનૈયાલાલ મુનશી અને જામસાહેબ હજાર રહ્યા હતા.
- આ પ્રસંગે દેશભરના ૧૦૮ પવિત્ર તીર્થોનું જળ એકત્રિત કરવામાં આવ્યું હતું.
- આ સાથે સમુદ્રમાં ૫૧ બોટ પર ફૂલથી સંણગારેલી તોપથી ૧૦૧ સલામી આપવામાં આવી હતી.
- દર વર્ષે સોમનાથ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે ૬૯ મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.
- હાલ સોમનાથ મંદિરનું સંચાલન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આ ટ્રસ્ટના પ્રથમ ચેરમેન સરદાર વલ્લભભાઇ પટેલ હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ આ ટ્રસ્ટના ચેરમેન છે.

સોમનાથ મંદિરનો ઇતિહાસ :

- આ મંદિર ચાલુક્ય અને ઇરાની શૈલીમાં બંધાયેલ છે.
- મંદિરનો ઘૂમટ પ્રભાશંકર સોમપુરા દ્વારા ઇરાની શૈલીમાં બનાવાયેલ છે.
- સોમનાથ મંદિર સૌ પ્રથમ વખત 'ચંદ્ર' દ્વારા સોનાથી બાંધવામાં આવ્યું હતું.
- બાદમાં સોમનાથ મંદિર રાવણ દ્વારા બાંધવામાં આવ્યું હતું. જે ચાંદીનું હતું.
- રાવણ બાદ સોમનાથ મંદિર ભગવાનશ્રી કૃષ્ણ દ્વારા બનાવવામાં આવ્યું હતું. જે સુખડનું હતું.
- સોમનાથ મંદિરનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે.
- સોમનાથનું પ્રથમ મંદિર ૨૦૦૦ વર્ષ અગાઉ અસ્તિત્વમાં આવ્યાનું માનવામાં આવે છે.
- સોમનાથ મંદિરની સમૃદ્ધિને કારણે તેના પર ઘણા આક્રમણો થયા છે. જેમાં આરબો મહંમદ ગઝની, અલાઉદ્દીન ખીલજી અફઝલ ખાં, મુજફ્ફરશાહ બીજો, ઔરંગઝેબ જેવા શાસકોનો સમાવેશ થાય છે.
- નાગભટ્ટ, ભીમદેવ સોલંકી, કુમારપાળ, અહલ્યાબાઇ, સારંગદેવ, જેવા હિન્દુ શાસકોના ફાળે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો શ્રેય જાય છે
- સોમનાથ મંદિરના રક્ષણમાં હમીરજી ગોહિલ વીરગતિ પામ્યા હતા.

**(૪) ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુનો વિયેતનામ પ્રવાસ :**
- ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ ચાર દિવસના વિયેતનામ પ્રવાસે ગયા.
- ઉપરાષ્ટ્રપતિશ્રી પોતાના પ્રવાસ દરમ્યાન ૧૬માં સંયુક્ત રાષ્ટ્ર વેસાક દિવસ પર હાજર રહેશે.
- તેઓ આ ઇવેન્ટનું ઉદ્દ્ઘાટન અને તેમાં સંબોધન કરશે.
- આ યાત્રાથી ભારત અને વિયેતનામના સંબંધો અને ઉચ્ચ સ્તરીય કરાર પર વૃદ્ધિ થશે.

વિયેતનામ :
- રાષ્ટ્રપતિ : ગ્યૂયેન મિન્હ ત્રિત
- પ્રધાનમંત્રી : ગ્યૂયેન તાન દુંગ
- રાજધાની : હનોઇ

એમ. વેંકૈયા નાયડુ :
- એમ. વેંકૈયા નાયડુનો જન્મ વર્ષ ૧૯૪૯માં આંધ્રપ્રદેશમાં થયો હતો.
- તેઓ દેશના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ થી આ પદ પર છે.
- દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.
- ઉપરાષ્ટ્રપતિની જોગવાઇ બંધારણના અનુચ્છેદ ૬૩માં કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ ૬૪ અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.

**(૫) જળવાયુ પરિવર્તન રિપોર્ટ :**
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં જળવાયુ પરીવર્તન રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટ અનુસાર જળવાયુ પરીવર્તન અને સમુદ્રના વધતાં જતાં સ્તરને લીધે પશ્ચિમ બંગાળમાં આવેલ સુંદરવન નષ્ટ થઇ શકે છે.
- રિપોર્ટ અનુસાર ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન હાલના દર પ્રમાણે વધતું રહેશે તો વર્ષ ૨૦૪૦ સુધીમાં વાયુમંડળના તાપમાનમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે.
- આ વધારાથી સમુદ્રનું સ્તર ઊંચુ આવશે. જેથી સુંદરવનનું અસ્તિત્વ ખતરામાં છે.
- રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૭૦ સુધીમાં બાંગ્લાદેશના ભાગમાં આવેલ સુંદરવન લુપ્ત થઇ જશે.
- સુંદરવન ભારત અને બાંગ્લાદેશમાં આવેલ છે જે કુલ ૧૦૦૦૦ વર્ગ કિલોમીટર ક્ષેત્ર ધરાવે છે. જેનો ૬૦% ભાગ બાંગ્લાદેશમાં છે.
- સુંદરવન ભારત અને બાંગ્લાદેશના રાષ્ટ્રીય પ્રાણી રોયલ બંગાળ ટાઇગરનું નિવાસસ્થાન છે.
- રાષ્ટ્રીય પ્રાણી રોયલ બંગાળ ટાઇગરને વર્ષ ૧૯૭૨માં ઘોષિત કરવામાં આવ્યું હતું.
- તેનું વૈજ્ઞાનિક નામ પેન્થરા ટાઇગ્રીસ લીન્નાયસ છે.
- રોયલ બંગાળ ટાઇગર મુખ્યત્વે ભારત, નેપાલ, ભૂટાન, ચીન મ્યાનમાર અને બાંગ્લાદેશમાં જોવા મળે છે.
- સુંદરવનને વર્ષ ૧૯૭૩મા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યું હતું બાદમાં વર્ષ ૧૯૭૭માં તેને વન્યજીવ અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૧૯૮૭માં યુનેસ્કો દ્વારા સુંદરવનને હેરિટેજ સાઇટ જાહેર કરવામાં આવ્યું હતું.
- ભારત સરકાર દ્વારા સૌપ્રથમ વર્ષ ૧૯૭૧માં વાઘ સંરક્ષણ માટે પ્રોજેક્ટ ટાઇગર શરૂ કરવામાં આવ્યો હતો.

**સંયુક્ત રાષ્ટ્ર :**
- સ્થાપના : ૨૪ ઓક્ટોબર – ૧૯૪૫
- સભ્ય દેશો : ૧૯૩ (સ્થાપના સમયે ૫૧ સભ્યો)
- સત્તાવાર ભાષા : અરેબિક, ચાઇનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ
- મુખ્ય મથક : ન્યુયોર્ક

**(૬) વૈશ્વિક સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ – દિયા મિર્ઝા :**
- સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અંતોનિયો ગુટેરેસ દ્વારા વૈશ્વિક સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમાં ભારતના દિયા મિર્ઝા સામેલ છે.
- તેનો ઉદ્દેશ્ય સતત વિકાસ લક્ષ્યો માટે રાજનૈતિક ઇચ્છાશક્તિમાં વધારો કરવાનો છે.
- વૈશ્વિક સતત વિકાસ લક્ષ્ય માટે તેવા લોકોને નિયુક્ત કરવામાં આવ્યા છે જે લોકપ્રિય છે અને તેના લક્ષ્યો માટે જાગરૂકતા ફેલાવી શકે.
- વૈશ્વિક સતત વિકાસ લક્ષ્યમાં ૧૭ ક્ષેત્રમાં વિકાસ કરવાનો લક્ષ્ય છે. જેમાં આર્થિક વિકાસ સામાજિક વિકાસ, પર્યાવરણ વિકાસ, સુશાસન જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.
- ભારતીય અભિનેત્રી દિયા મિર્ઝાનો જન્મ હૈદરાબાદમાં થયો છે.

**(૭) વિશ્વ સીમા શુલ્ક સંગઠન – ક્ષેત્રિય પ્રમુખોની બેઠક :**
- વિશ્વ સીમા શુલ્ક સંગઠન (world customs organization) ના ક્ષેત્રિય પ્રમુખોની બેઠકનું આયોજન કોચ્ચી ખાતે કરવામાં આવ્યું હતું.
- આ બેઠકમાં એશિયા પ્રશાંત ક્ષેત્રના અધિકારીઓએ ભાગ લીધો હતો.
- ભારત એશિયા પ્રશાંત ક્ષેત્રમાં વિશ્વ સીમા શુલ્ક સંગઠનના વાઇસ ચેરમેન પદ પર છે, ભારત જુલાઇ ૨૦૧૮ થી આ પદ પર છે.

**વિશ્વ સીમા શુલ્ક સંગઠન :**
- વિશ્વ સીમા શુલ્ક સંગઠન સ્વતંત્ર અર્ધસરકારી સંગઠન છે જેનો ઉદ્દેશ્ય સીમા શુલ્ક સંબંધી કાર્ય કરવાનો છે.
- આ સંગઠનની સ્થાપના વર્ષ ૧૯૫૨માં થઇ હતી.
- તેનું મુખ્યમથક બેલ્જિયમના બ્રુસેલ્સ ખાતે આવેલ છે.

**(૮) ઇગોર સ્ટિમૈક – ભારતીય પુરુષ ફૂટબોલ ટીમના નવા કોચ :**
- ક્રોએશિયાના પૂર્વ ફૂટબોલ ખેલાડી ઇગોર સ્ટિમૈકને ભારતીય પુરૂષ ફૂટબોલ ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમની નિમણૂક અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘની ટેકનિકલ સમિતિ દ્વારા કરવામાં આવી છે શ્યામ થાપા આ સમિતિના અધ્યક્ષ છે.
- ઇગોર સ્ટિમૈક વર્ષ ૧૯૯૮માં ફિફા વર્લ્ડ કપમાં ત્રીજા સ્થાને રહેલ ક્રોએશિયા ટીમનો ભાગ હતા.
- અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ (all india football fedration) ની સ્થાપના વર્ષ ૧૯૩૭માં થઇ હતી.
- હાલ પ્રફુલ પટેલ તેના પ્રમુખ છે.

પ્રશ્નો

૧ ભારતના બીજા પરમાણુ પરિક્ષણનું નામ જણાવો ?
- ઓપરેશન શક્તિ

૨ ભારતના પ્રથમ પરમાણુ પરિક્ષણનું નામ જણાવો ?
- સ્માઈલિંગ બુદ્ધા

૩ અમદાવાદ ખાતે દર્પણ એકેડમીની સ્થાપના કોણે કરી હતી ?
- મૃણાલીની સારાભાઈ

૪ નિશા ગાંધી પુરસ્કાર કઈ સરકાર દ્વારા એનાયત કરવામાં આવે છે ?
- કેરળ સરકાર
૫ વર્ષ-૨૦૧૯માં સોમનાથ મંદિરનો કેટલામો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો?
- ૬૯ મો
૬ સોમનાથ મંદિર કઈ શૈલીમાં બંધાયેલ છે ?
- ચાલુક્ય અને ઈરાની
૭ વૈકેયા નાયડુનો જન્મ કયાં રાજયમાં થયો હતો ?
- આંધ્રપ્રદેશ
૮ ઉપરાષ્ટ્રપતિની નિમણૂંક બંધારણના કયા અનુચ્છેદ મુજબ કરવામાં આવે છે ?
- અનુચ્છેદ ૬૩
૯ સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર કયા વર્ષ સુધીમાં સુંદરવન નષ્ટ થઈ જશે ?
- ૨૦૭૦
૧૦ ભારતીય વાઘનું વૈજ્ઞાનિક નામ જણાવો ?
- પેન્થેરા ટાઈગ્રીસ લીન્નાયસ
૧૧ કયા વર્ષમાં યુનેસ્કો દ્વારા સુંદરવનને હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી ?
- ૧૯૮૭
૧૨ વૈશ્વિક સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ જણાવો ?
- દિયા મિર્ઝા
૧૩ ભારતીય પુરૂષ ફૂટબોલ ટીમના નવા કોચ જણાવો ?
- ઈગોર સ્મિમૈક

## 12.May 2019

**(૧) મધર્સ ડે :**
- દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે વિશ્વભરમાં મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- મધર્સ ડેની સૌપ્રથમ ઉજવણી વર્ષ ૧૯૦૮ માં એના જાર્વિસ દ્વારા કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી પ્રત્યેક પરિવારોમાં માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઇ રહે એ માટે 'મધર્સ ડે' ઉજવવામાં આવે છે.
- વર્ષ ૧૯૧૨માં એના જાર્વિસ દ્વારા મે મહિનાનો બીજો રવિવાર અને મધર્સ ડે શબ્દ ટ્રેડમાર્ક કર્યો હતો ત્યારથી દુનિયાભરમાં મે મહિનાના બીજા રવિવાર મધર્સ ડે ઊજવાય છે.

અભી જિન્દા હૈ માં મેરી, મુજે કુછ ભી નહીં હોગા,
મૈં ઘર સે જબ નિકલતા હૂં, દુઆ ભી સાથ ચલતી હૈ
– મુનવ્વર રાણા

**(૨) ઇન્ટરનેશનલ નર્સીસ ડે :**
- દર વર્ષે ૧૨ મેના રોજ ઇન્ટરનેશનલ નર્સીસ ડે ઉજવવામાં આવે છે.
- ઇન્ટરનેશનલ નર્સીસ ડે ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ નર્સીસ દ્વારા ઉજવવામાં આવે છે.
- આ દિવસ વિશ્વભરમાં નર્સની સેવાઓ અને તેમના યોગદાનને સન્માન આપવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૬૫માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૮ થીમ – Nurses A Voice to Lead- Health is a Human right
- વર્ષ ૨૦૧૯ થીમ – Nursing : The Balance of Mind, Body, and Spirit

**ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સીસ :**
- વર્ષ ૧૮૯૯માં ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સીસની સ્થાપના ગ્રેટ બ્રિટન, યુનાઇટેડ સ્ટેટ્સ અને જર્મનીના ચાર્ટર મેમ્બર દ્વારા કરવામાં આવી હતી.
- વર્તમાન પ્રમુખ : Annettle kennedy (ireland)
- તેનું મુખ્યમથક : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ

**(૩) રમણલાલ વસંતલાલ દેસાઇ (જન્મજયંતિ)**
- નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઇનો જન્મ ૧૨ મે ૧૮૯૨ના રોજ વડોદરાના સિનોર ગામમાં થયો હતો.
- વર્ષ ૧૯૬૧માં એમ.એ. થયા બાદ તેઓ ગાયકવાડી રાજ્યના અમલદાર બન્યા હતા.
- તેમણે નાટક, નવલકથા, વાર્તા, કવિતા, આત્મકથા અને જીવનચરિત્રો ઉપરાંત ઇતિહાસ અને સંસ્કૃતિ જેવા વિષયોમાં સર્જન કર્યું છે.
- વર્ષ ૧૯૧૫માં સુરત ખાતે યોજાયેલ સાહિત્ય પરિષદમાં ભજવાયેલ 'સંયુક્તા' નાટકથી તેમણે પોતાની લેખન પ્રવૃત્તિની શરૂઆત કરી હતી.
- તેમણે ૨૭ જેટલી નવલકથાઓ લખી છે. દિવ્યચક્ષુ, ભારેલો અગ્નિ, શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત વગેરે જાણીતી નવલકથા છે.
- તેઓએ 'ગઇકાલ' શીર્ષકની આત્મકથા લખી છે.
- વર્ષ ૧૯૩૨માં તેમના સાહિત્યમાં યોગદાન બદલ રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૪૧માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે જોડાયા હતા.
- ૨૦ સપ્ટેમ્બર ૧૯૫૪ના રોજ વડોદરા ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૪) જાપાનમાં દુનિયાની સૌથી ઝડપી બુલેટ ટ્રેનની ટ્રાયલ :**
- જાપાનમાં દુનિયાની સૌથી ઝડપી નવી બુલેટ ટ્રેનની ટ્રાયલ શરૂ થઇ.
- આ ટ્રેન ૪૦૦ કીમી પ્રતિકલાકની ઝડપે દોડી શકે છે.
- તેનું નામ શિનકાસેન અલ્ફા– એક્સ છે.
- આ ટ્રેનની ટ્રાયલ જાપાનના સીદાઇથી ઓમોરી શહેર વચ્ચે કરવામાં આવી હતી.
- આ ટ્રેન ચીનની ફુક્સિંગ હોઆના મુકાબલે ૧૦ કિમી વધુ ઝડપે દોડશે.
- સુરંગમાં હવાથી આવતા અવરોધને દૂર કરવા માટે તેમાં ખાસ ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે.

**(૫) AH-64 E અપાચે ગાર્જિયન ફાઈટર હેલિકોપ્ટર :**
- અમેરિકાની એરસ્પેસ કંપની બોંઇગ દ્વારા ભારતીય વાયુસેનાને AH-64 E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર સોંપવામાં આવ્યું.
- આ હેલિકોપ્ટર અમેરિકાના એરિઝોના ખાતે આવેલ બોંઇગ કંપનીના પ્રોડક્શન યુનિટમાં સોંપવામાં આવ્યું.
- આ અવસરે ભારતીય વાયુસેનાના પ્રતિનિધિ તરીકે એર માર્શલ એ.એસ. બુટોલા હાજર રહ્યા હતા.
- આ હેલિકોપ્ટરને ચલાવવા માટે પાઇલટ અમેરીકાના ચલબામા ખાતેના ફોર્ટ એરબેઝમાં ટ્રેનિંગ લીધી હતી.
- અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર માટે ભારત અને અમેરિકા વચ્ચે સપ્ટેમ્બર ૨૦૧૫માં આ ડીલ થઇ હતી.

Vivekanand Academy Gandhinagar

- માર્ચ ૨૦૨૦ સુધીમાં ભારતીય વાયુસેનામાં કુલ ૨૨ અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર સામેલ કરવામાં આવશે.

**AH-64 E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર**

- એન્જિન – બે ટર્બો શેફ્ટ એન્જિન તેનાથી રાત્રે ઉડાન સરળ બને છે.
- સ્પીડ – ૩૬૫ કિમી / પ્રતિ કલાક
- હથિયાર – હેલિફાયર અને સ્ટ્રિંગર મિસાઇલ્સ લાગેલી છે.
- વજન – ૫૧૬૫ કિલોગ્રામ છે.
- આ હેલિકોપ્ટર હુમલા સિવાય યુદ્ધના વિસ્તારની તસવીર લેવામાં સક્ષમ છે.
- અમેરિકાએ અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ પનામા, અફઘાનિસ્તાન, ઇરાકના યુદ્ધમાં કર્યો હતો.
- તેનો ઉપયોગ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે કર્યો હતો.
- આ હેલિકોપ્ટરે પ્રથમ ઉડાન વર્ષ ૧૯૭૫માં ભરી હતી. તેને અમેરિકન સેનામાં વર્ષ ૧૯૮૬માં સામેલ કરવામાં આવ્યું હતું.
- હાલ આ હેલિકોપ્ટર અમેરિકા, ઇઝરાયલ, મિસ, નેધરલેન્ડ, જાપાન, સિંગાપોર અને યુએઇની પાસે છે.

**(૬) મિશન શક્તિથી નષ્ટ થયેલ સેટેલાઇટનો ઘણો કાટમાળ નષ્ટ થયો**

- ભારત દ્વારા ૨૭ માર્ચ ૨૦૧૯ના રોજ કરવામાં આવેલ મિશન શક્તિથી નષ્ટ થયેલ સેટેલાઇટનો ઘણો કાટમાળ નષ્ટ થઇ ગયો છે.
- આ માહિતી રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠનના અધ્યક્ષ જી. સતીશ રેડ્ડીએ ઇન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (આઇડીએસએ)માં તેમના સંબોધન સમયે આપી.
- ૨૭ માર્ચ ૨૦૧૯ના રોજ ડીઆરડીઓ દ્વારા અંતરિક્ષમાં એક લૉ અર્થ ઓર્બિટ સેટેલાઇટને તોડી પાડવાનું સફળ પરીક્ષણ કર્યું હતું.
- આ પરીક્ષણને મિશન શક્તિ નામ આપવામાં આવ્યું હતું.
- ડૉ. એપીજે અબ્દુલ કલામ આઇલેન્ડ લોન્ચ કોમ્પલેક્સ ખાતેથી એન્ટિ સેટેલાઇટ મિસાઇલ ટેસ્ટ હાથ ધરાયો હતો.
- આ મિશન ૩ મિનિટ જેટલા સમયમાં સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.
- મિશનથી ૩૦૦ કિમી ઊંચાઇએ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લાઇવ સેટેલાઇટ તોડી પાડવામાં આવ્યું હતું.
- મિશન શક્તિ માટે ડીઆરડીઓ દ્વારા બેલેસ્ટિક મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ ઇન્ટરસેપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યું હતું.
- અમેરિકા, રશિયા, ચીન બાદ ભારત આ પ્રકારની ક્ષમતા ધરાવતો વિશ્વનો ચોથો દેશ બન્યો હતો.
- અમેરિકાએ વર્ષ ૧૯૫૯માં બોલ્ડ ઓરિઓન ન્યુક્લિયર બોલસ્ટિક મિસાઇલ દ્વારા પોતાનો એક્સપ્લોરર–૬ નામનો સેટેલાઇટ તોડી પાડવામાં આવ્યો હતો.
- રશિયાએ વર્ષ ૧૯૬૯–૭૦માં આ પ્રકારનું મિશન પાર પાડ્યુ હતું.
- વર્ષ ૨૦૦૭માં ચીને એન્ટિ સેટેલાઇટ એરેના દ્વારા પોતાનો એક સેટેલાઇટ તોડી પાડ્યો હતો.

**લૉ અર્થ ઓર્બિટ :**

- લૉ અર્થ ઓર્બિટ એટલે કે પૃથ્વીની સૌથી નજીકની ભ્રમણકક્ષા.
- લૉ અર્થ ઓર્બિટ પૃથ્વીથી ૧૬૦ કિમી થી ૨૦૦૦ કિમી વચ્ચે આવેલ કક્ષા છે.
- લૉ અર્થ ઓર્બિટ બાદ મીડિયમ અર્થ ઓર્બિટ અને જીઓસિન્ક્રોનસ ઓર્બિટ અને છેલ્લે હાઇ અર્થ ઓર્બિટ આવે છે.
- હાઇ અર્થ ઓર્બિટ પૃથ્વીથી ૩૫૭૮૬ કીમી દૂર છે.

**(૭) જસ્ટિસ અભય શ્રીનિવાસ – કર્ણાટકના મુખ્યન્યાયધીશ :**

- તાજેતરમાં જસ્ટિસ અભય શ્રીનિવાસે કર્ણાટકના મુખ્ય ન્યાયધીશ તરીકે શપથ લીધા.
- કર્ણાટકના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા દ્વારા તેમને બેંગ્લોરના રાજભવન ખાતે પદની ગોપનીયતા અંગે શપથ લેવડાવ્યા.
- કર્ણાટક હાઇકોર્ટે બેંગ્લોર ખાતે આવેલ છે.
- કર્ણાટક હાઇકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયધીશની સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ તરીકે નિમણૂંક થયા બાદ આ પદ ખાલી હતું.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧૪ અંતર્ગત દેશના દરેક રાજ્યોમાં એક હાઇકોર્ટની વ્યવસ્થા હોય છે.
- અનુચ્છેદ ૨૩૧ અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચે એક હાઇકોર્ટની સ્થાપના કરી શકે છે.
- હાઇકોર્ટના મુખ્ય ન્યાયધીશની નિમણૂક અનુચ્છેદ ૨૧૭ અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયધીશ અને જે તે રાજ્યના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે.
- હાલ દેશમાં ૨૫ હાઇકોર્ટ કાર્યરત છે, ૨૫ મી હાઇકોર્ટ આંધ્રપ્રદેશ તાજેતરમાં રચાય છે.
- ગુજરાતમાં વર્ષ ૧૯૬૦ થી અમદાવાદ હાઇકોર્ટ કાર્યરત છે.
- જસ્ટિસ અનંતકુમાર દવે ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ છે.
- કર્ણાટક :
  રાજ્યપાલ – વજુભાઇ વાળા
  મુખ્યમંત્રી – એચડી કુમારસ્વામી
  રાજધાની – બેંગ્લોર

**(૮) આયરલેન્ડ જળવાયુ આપાતકાલ :**

- આયરલેન્ડ દ્વારા તાજેતરમાં જળવાયુ આપાતકાલની જાહેરાત કરી.
- આયરલેન્ડ જળવાયુ આપાતકાલની જાહેરાત કરનાર વિશ્વનો બીજો દેશ બન્યો છે, અગાઉ યુનાઇટેડ કિંગડમ દ્વારા આપાતકાલની જાહેરાત કરવામાં આવી હતી.
- આયરલેન્ડ ઉત્તર એંટલાન્ટિકામાં આવેલ દ્વીપ દેશ છે.

પ્રશ્નો

૧ મધર્સ ડે ક્યારે ઉજવવામાં આવે છે ?
- દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે

૨ ઈન્ટરનેશનલ નર્સીસ ડે ક્યારે ઉજવાય છે ?
- ૧૨ મે

૩ રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ કયાં થયો હતો ?
- વડોદરાના સિનોર ગામમાં

૪ દુનિયાની સૌથી ઝડપી બુલેટ ટ્રેનની ટ્રાયલ કયા દેશમાં થઈ ?
- જાપાન

૫ ભારત AH-64E અપાચે હેલિકોપ્ટર કયાં દેશ પાસેથી ખરીદ્યાં ?
- અમેરીકા

૬ લો અર્થ ઓબિટે પૃથ્વીથી કેટલી દૂર આવેલ કક્ષા છે ?
- ૧૬૦ થી ૨૦૦૦ કીમી

૭ કર્ણાટકના નવા મુખ્યન્યાયાધીશનું નામ જણાવો ?

- અભય શ્રીનિવાસ

૮ જળવાયુ આપાતકાલની જાહેરાત કરનાર બીજો દેશ જણાવો ?

- આયરલૅન્ડ

## 13.May 2019

**(૧) ફકરુદ્દીન અલી અહંમદ – જન્મજયંતિ :**

- ભારતના પાંચમા રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહમદની આજે જન્મજયંતિ
- ફકરુદ્દીન અલી અહમદનો જન્મ ૧૩ મે ૧૯૦૫ના રોજ ભારતના જૂના દિલ્હીના હાઉઝ કાઝી વિસ્તારમાં થયો હતો.
- ફકરુદ્દીન અલી અહમદ ૧૯૭૪ થી ૧૯૭૭ સુધી ભારતના પાંચમા રાષ્ટ્રપતિ હતા.
- તેમના પિતા ઝાલનુર અલી અહેમદ પ્રથમ આસામી વ્યક્તિ હતા અને ઉત્તર પૂર્વીય ભારતના પ્રથમ એમ.ડી. (ડોક્ટર ઓફ મેડિસીન) ડિગ્રી ધરાવનાર વ્યક્તિ છે.
- ૨૦ ઓગસ્ટ ૧૯૭૪ના રોજ તેઓ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા બીજા મુસ્લિમ બન્યા હતા. (પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ– ડૉ. ઝાકિર હુસૈન)
- તેઓ વીસમી સદીમાં જન્મ લેનાર પ્રથમ રાષ્ટ્રપતિ હતા.
- તેમણે ૧૯૭૫માં ભારતમાં ઇમર્જન્સી જાહેર કર્યા પછી, રાજ્યના વડા તરીકે તેમની બંધારણીય સત્તાઓ ઉપયોગ કર્યો હતો.
- ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૭ના રોજ રાષ્ટ્રપતિના હોદ્દા પર જ અવસાન પામ્યા.
- તેઓ હોદ્દા પર અવસાન પામનાર બીજા રાષ્ટ્રપતિ હતા. (પ્રથમ હોદ્દા પર અવસાન પામનાર રાષ્ટ્રપતિ – ડૉ. ઝાકિર હુસૈન)

**રાષ્ટ્રપતિ :**

- રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા અને દેશના પ્રથમ નાગરિક છે.
- રાષ્ટ્રપતિ પદ માટેના બંધારણીય અનુચ્છેદ
  - – રાષ્ટ્રપતિ પદની લાયકાત – અનુચ્છેદ– ૫૮
  - – કોઇ વ્યક્તિ રાષ્ટ્રપતિ પદ માટે ગમે તેટલી વખત ઉમેદવારી નોંધાવી શકે અનુચ્છેદ– ૫૭
  - – રાષ્ટ્રપતિ પદની મુદ્દત – અનુચ્છેદ – ૫૬
  - – રાષ્ટ્રપતિ પદની ચૂંટણી પ્રક્રિયા – અનુચ્છેદ– ૫૫
  - – રાષ્ટ્રપતિ પદની ચૂંટણી – અનુચ્છેદ – ૫૪
  - – ભારતમાં રાષ્ટ્રપતિ અંગેની જોગવાઇ – અનુચ્છેદ – ૫૨

**(૨) આઇપીએલ – ૨૦૧૯**

- ૨૩ માર્ચ ૨૦૧૯ થી શરૂ થયેલ આઇપીએલની ૧૨મી સિઝનનું ૧૨ મે ૨૦૧૯ના રોજ સમાપન થયું.
- આઇપીએલની ૧૨મી સિઝનમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો.
- આઇપીએલ ૨૦૧૯માં ચેન્નાઇ સુપર કિંગ્સને ૧ રનથી હરાવી મુંબઇ ઇન્ડિયન્સે ટાઇટલ જીત્યું.
- આ સાથે જ મુંબઇ ઇન્ડિયન્સે આઇપીએલનું ચોથું ટાઇટલ જીત્યું.
- આઇપીએલ ૨૦૧૯ની ફાઇનલ મેચ હૈદરાબાદ ખાતે આવેલ રાજીવ ગાંધી સ્ટેડિયમમાં યોજાય હતી.
- આઇપીએલ ૨૦૧૯ની ફાઇનલ મેચમાં જસપ્રીત બુમરામ મેન ઓફ ધ મેચ ખેલાડી બન્યો છે.
- આઇપીએલ ૨૦૧૯ની ટુર્નામેન્ટમાં હૈદરાબાદ સનરાઇઝર્સના ડેવિડ વોર્નર ૬૯૨ રન સાથે ઓરેન્જ કેપ પોતાના નામે કરી છે.
- ટુર્નામેન્ટમાં ચેન્નાઈ સુપર કિંગ્સના ઇમરાન તાહિરે ૨૬ વિકેટ સાથે પર્પલ કેપ પોતાના નામે કરી છે.
- આઇપીએલ ૨૦૧૯ની ચેમ્પિયન ટીમ મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્મા છે.
- રોહિત શર્મા પાંચ ખિતાબ જીતનારો પહેલો ખેલાડી બન્યા છે. ૨૦૦૯માં તેઓ ડેક્કન ચાર્જર્સનો હિસ્સો હતા.
- આઇપીએલ ૨૦૧૯ની પ્રથમ મેચ ચેન્નાઇ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ચેન્નાઈમાં રમાઇ હતી. જેમાં ચેન્નાઇ વીજેતા બન્યું હતું.

**એવોર્ડ્સ ઓફ ધ સિઝન**

| અવોર્ડ્સ | વિજેતા પ્લેયર |
|---|---|
| ચેમ્પિયન | મુંબઇ ઇન્ડિયન્સ |
| રનર અપ | ચેન્નઇ સુપર કિંગ્સ |
| મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | આન્દ્રે રસલ (KKR) |
| ઇમર્જિંગ પલેયર એવોર્ડ | શુભમ ગિલ (KKR) |
| સ્ટાઇલિશ પ્લેયર ઓફ ધ સિઝન | કેલ રાહુલ (KKR) |
| કેચ ઓફ ધ સિઝન | પોલાર્ડ (MI) |
| ઝડપી અડધી સદી | હાર્દિક પંડ્યા (MI) |
| સુપર સ્ટ્રાઇક ઓફ ધ સિઝન | આન્દ્રે રસલ (KKR) |
| ધ ગેમચેન્જર ઓફ ધ સિઝન | રાહુલ ચહર (MI) |
| ફેરપ્લે એવોર્ડ | સનરાઇઝર્સ હૈદરાબાદ |
| પીચ એન્ડ ગ્રાઉન્ડ ટ્રોફી | મોહાલી (પંજાબ) અને હૈદરાબાદ |

**આઇપીએલ :**

- ઇન્ડિયન પ્રિમિયર લીગ ભારતની પ્રોફેશનલ ટી–૨૦ લિગ છે.
- આઇપીએલનું આયોજન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
- આઇપીએલની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન વર્ષ ૨૦૦૮માં થયું હતું.
- આઇપીએલની શરૂઆતમાં લલિત મોદીની મહત્વની ભૂમિકા હતી. તેઓ આઇપીએલના પ્રથમ ચેરમેન હતા.
- ભારતીય શહેરો અને કેટલાક રાજ્યોની પ્રતિનિધિત્વ કરતા ટીમો દ્વારા આ ટુર્નામેનટમાં ભાગ લેવામાં આવે છે.
- પુલવામાં હુમલામાં શહીદ જવાનોની શ્રદ્ધાંજલી આપતાં આ વખતે ટુર્નામેનટની ઓપનિંગ સેરેમની રદ કરવામાં આવી હતી.
- ઓપનિંગ સેરેમનીમાં ખર્ચ થનાર ૨૦ કરોડ રૂપિયા પુલવામાં હુમલાના શહીદ સૈનિકોના પરિવારને આપવામાં આવશે.
- આઇપીએલની પ્રથમ સીરિઝ રાજસ્થાન રોયલ્સએ જીતી હતી. જેની ફાઇનલ મેચ મુંબઇ ખાતે યોજાઇ હતી.
- આઇપીએલના મીડિયા રાઇટ્સ સ્ટાર ઇન્ડિયા પાસે હતા.
- આઇપીએલ–૨૦૧૯ ટુર્નામેન્ટ VIVO કંપની દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી.
- મુંબઇ ઇન્ડિયન્સ આઇપીએલની સૌથી વધુ ચાર વખત ચેમ્પિયન બનનાર ટીમ છે.
  (વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭ અને ૨૦૧૯)
- ચેન્નાઇ સુપર કિંગ્સે કુલ ત્રણ વખત ચેમ્પિયન બની છે. (વર્ષ ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૮)
- આઇપીએલની બધી જ સીરિઝમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી વિરાટ કોહલી છે તેણે આઇપીએલમાં ૫૪૧૨ રન કર્યા છે.

- આઇપીએલની બધી જ સીરિઝમાં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી લસિથ મલિંગા છે. તેણે આઇપીએલમાં ૧૭૦ વિકેટ લીધી છે.

(૪) ભારત થલ સેના – વર્ષ ૨૦૧૯ ‘યર ઓફ નેક્સ્ટ ઓફ કિન’

- ભારતીય થલ સેનાએ વર્ષ ૨૦૧૯ને ‘યર ઓફ નેક્સ્ટ ઓફ કિન’ સ્વરૂપે ઉજવવાનું નક્કી કર્યું.
- આ ઉજવણીનો ઉદ્દેશ્ય યુદ્ધમાં શહીદ થયેલ સૈનિકોના પરિવાર, એક્સ – સર્વિસમેન અને કાર્યરત સૈનિકો સુધી પહોચી તેમને મળતા નાણાકીય લાભો અને કલ્યાણકારી યોજનાઓ વિશે જાણકારી આપવાનો છે.
- આ અંતર્ગત સૈનિકો અને તેમના પરિવારજનોને લાભ આપવા માટે રેજિમેંટલ કેન્દ્રોની સ્થાપના કરશે.
- ભારતીય થલ સેનાની આ ઉજવણીમાં રક્ષા મંત્રાલય, નેપાળ, દૂતાવાસ, સૈનિક બોર્ડ, બેન્ક અને કલ્યાણકારી યોજના એજન્સીઓ સહભાગી બનશે.
- ભારતીય થલ સેના દ્વારા વર્ષ ૨૦૧૮ને યર ઓફ ડિસેબલ્ડ ઇન ધ લાઇન ઓફ ડ્યૂટી’ તરીકે ઉજવ્યું હતું.

**ભારતીય થલ સેના :**

- વર્ષ ૧૭૭૬માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સરકાર અંતર્ગત સૈન્ય વિભાગમાં ભારતીય થલ સેનાની સ્થાપના થઇ હતી.
- દર વર્ષે ૧૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય થલ સેના દિવસ મનાવવામાં આવે છે.
- ફિલ્ડ માર્શલ કે.સી. કરિયપ્પાને ૧૫ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ જનરલ સર ફ્રાંસિસ બૂચરથી ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર ઇન ચીફનો કાર્યભાર આપવામાં આવ્યો હતો તેની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય થલ સેનાનું આદર્શ વાક્ય ‘સર્વિસ બિફોર સેલ્ફ’ છે.
- તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.
- હાલ જનરલ બિપિન રાવત થલ સેનાના ચીફ છે.

પ્રશ્નો

૧ ભારતના પાંચમા ક્રમના રાષ્ટ્રપતિ જણાવો ?
- ફકરૂદ્દીન અલી અહમદ

૨ ભારતના પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ જણાવો ?
- ડૉ.ઝાકિર હુસૈન

૩ હોદ્દા પર અવસાન પામનાર પ્રથમ રાષ્ટ્રપતિ જણાવો ?
- ડૉ. ઝાકિર હુસૈન

૪ ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં રાષ્ટ્રપતિ અંગેની જોગવાઈ આપેલી છે ?
- અનુચ્છેદ - ૫૨

૫ આઈપીએલ-૨૦૧૯ વિજેતા ટીમ જણાવો ?
- મુંબઈ ઈન્ડિયન્સ

૬ આઈપીએલ-૨૦૧૯ની ફાઈનલ મેચ કયા યોજાઈ હતી ?
- રાજીવ ગાંધી સ્ટેડિયમ, હૈદરાબાદ

૭ આઈપીએલ-૨૦૧૯માં મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર જણાવો ?
- આન્દ્રૂ રસેલ (KKR)

૮ ૨૦૧૯ને ‘યર ઓફ નેકસ્ટ ઓફ કિન’ તરીકે કોણે ઉજવવાનું નક્કી કર્યુ ?
- ભારતીય થલ સેના

૯ રાષ્ટ્રીય થલ સેના દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧૫ જાન્યુઆરી

૧૦ હાલના થલ સેનાના ચીફ જણાવો ?
- બિપિન રાવત

## 14.May 2019

**(૧) વિશ્વ વ્યાપાર સંગઠનની બેઠકોનું આયોજન :**

- તાજેતરમાં નવી દિલ્લી ખાતે વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ના વિકાસશીલ દેશોના પ્રતિનિધિઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું.
- આ બેઠકનો ઉદ્દેશ્ય નિયમ આધારિત વ્યાપાર પ્રણાલી પર થઇ રહેલી દ્વિ પક્ષીય સમસ્યાઓ પર ચર્ચા કરવાનો છે.
- આ બેઠકમાં તુર્કી, ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ આફ્રિકા, અર્જેન્ટીના, બ્રાઝિલ, મિસ્ત્ર, ગુયાના, જમૈકા, કઝાકિસ્તાન, ગ્વાટેમાલા, નાઇઝીરીયા, ઓમાન, ચીન, સાઉદી અરબ, બારબાડોસ, બાંગ્લાદેશ, યુગાંડા, મલાવી જેવા દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા છે.
- આ બેઠકમાં વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ના મહાનિર્દેશક રોબર્ટો અઝેવેદો હાજર રહ્યા છે.

વિશ્વ વ્યાપાર સંગઠન :

- મુખ્યમથક – જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
- સ્થાપના – ૧ જાન્યુઆરી ૧૯૯૫
- ઉદ્દેશ્ય – વૈશ્વિક વેપાર પર નિયંત્રણ
- સભ્યદેશ – ૧૬૪ દેશો

**(૨) સન્ડે ટાઇમ્સ રીચ લિસ્ટ–૨૦૧૯**

- તાજેતરમાં સન્ડે ટાઇમ્સ રીચ લિસ્ટ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યું.
- આ લિસ્ટ અનુસાર ભારતીય મૂળના હિન્દુજા બંધુ યુનાઇટેડ કિંગડમમાં સૌથી ધનિક વ્યક્તિ છે.
- અગાઉ વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૭માં તેઓ આ યાદીમાં પ્રથમ સ્થાને હતા.
- હિન્દુજા બંધુ શ્રી હિન્દુજા અને ગોપી હિન્દુજા બ્રિટિશ નાગરિક છે તેઓ હિન્દુજા ગ્રૂપનું સંચાલન કરે છે.
- હિન્દુજા ગ્રૂપ બેંકિંગ, તેલ અને ગેસ, આઇટી ક્ષેત્રે કાર્ય કરે છે તેનું મુખ્યાલય લંડન ખાતે આવેલ છે.
- સન્ડે ટાઇમ્સ રીચ લિસ્ટ એક વાર્ષિક સૂચિ છે આ સૂચિ બ્રિટિશ સમાચાર પત્ર ધ સન્ડે ટાઇમ્સ દ્વારા જાહેર કરવામાં આવે છે.

**(૩) અજોય મહેતા – મુખ્ય સચિવ મહારાષ્ટ્ર :**

- તાજેતરમાં ૧૯૮૪માં બેચના આઇએએસ અધિકારી અજોય મહેતાને મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- અગાઉ તેઓ મુંબઇના મ્યુનિસિપલ કમિશ્નર તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓએ ઉપેશ મદનનું સ્થાન લીધું છે.
- ગુજરાત રાજ્યના વર્તમાન મુખ્ય સચિવ – જયદીપ નારાયણ સિંઘ
- મહારાષ્ટ્ર –
  - રાજ્યપાલ – સી. વિદ્યાસાગર રાવ
  - મુખ્યમંત્રી– દેવેન્દ્ર ફડનવીસ
  - રાજધાની – મુંબઇ

**(૪) યોગેશચંદ્ર દેવેશ્વર – નિધન :**

- તાજેતરમાં આઇટીસી કંપનીના ચેરમેન યોગેશચંદ્ર દેવેશ્વરનું નિધન થયું.
- તેમનું નિધન હરિયાણા ગુરૂગ્રામ ખાતે ૧૧ મે ૨૦૧૯ના રોજ થયું.

Vivekanand Academy Gandhinagar

- તેઓ વર્ષ ૧૯૯૬ થી ૨૦૧૭ સુધી આઇટીસીના સીઇઓ રહ્યા હતા.
- તેઓ ભારતમાં સૌથી લાંબો સમય સીઇઓ પદનો કાર્યકાળ ધરાવે છે.
- વર્ષ ૨૦૧૧માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેઓ વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૪ સુધી એર ઇન્ડિયાના એમડી તરીકે રહ્યા હતા.
- તેમનો જન્મ વર્ષ ૧૯૪૭માં બ્રિટિશ ઇન્ડિયાના લાહોર ખાતે થયો હતો.
- ITC- Indian Tobacco Company Limited
- ITC- મુખ્યાલય – કોલકત્તા

**(૫) યુવીકા – ૨૦૧૯ – ઇસરો :**
- તાજેતરમાં યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમ 'યુવીકા–૨૦૧૯ની શરૂઆત કરવામાં આવી.
- આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન ઇસરોના ચેરમેન ડૉ. કે.સીવાન દ્વારા આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના સતિશ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું.
- ઇસરો દ્વારા 'યુવીકા–૨૦૧૯' કાર્યક્રમ કેન્દ્ર સરકારની 'જય વિજ્ઞાન જય અનુસંધાન' પહેલ અંતર્ગત કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને અંતરિક્ષ ટેક્નૉલોજિ, અંતરિક્ષ વિજ્ઞાન અને તેના ઉપયોગથી પરિચિત કરવાનો છે.
- યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમ અંતર્ગત ઇસરો દેશના ૧૦૦ વિદ્યાર્થીઓને ઉપગ્રહ નિર્માણની પ્રક્રિયા વિશે માહિતી આપશે.

**ઇસરો :**

ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
સ્થાપના : વર્ષ ૧૯૬૯માં
સ્થાપક : વિક્રમ સારાભાઇ
મુખ્યાલય : બેંગ્લોર
વર્તમાન ચેરમેન : કે. સીવાન

(૫) સુભાષચંદ્ર –ઇરીટ્રિયા ખાતે ભારતના નવા રાજદૂત :
- તાજેતરમાં સુભાષ ચંદ્રને ઇરીટ્રિયા ખાતે ભારતના રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ અગાઉ અબુજા ખાતે ભારતીય ઉપ ઉચ્ચાયુક્ત તરીકે સેવા આપતા હતા.
- ઇરીટ્રિયા –
  - રાષ્ટ્રપતિ – આઇસાઇસ એફ્વેર્કી
  - રાજધાની – અસમારા

પ્રશ્નો

૧ તાજેતરમાં વિશ્વ વ્યાપાર સંગઠનની બેઠકનું આયોજન કયાં થયું હતું ?
- નવી દિલ્લી

૨ મન્ડે ટાઇમ્સ રીચ લિસ્ટ-૨૦૧૯માં સૌથી વધુ ધનિક વ્યક્તિ જણાવો ?
- હિન્દુજા બંધુ

૩ મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય સચિવ તરીકે કોની નિયુક્ત કરવામાં આવી છે ?
- અજોય મહેતા

૪ **ITC નું પુરૂનામ જણાવો ?**
- **India Tobacco Company Limited**

૫ 'યુવીકા-૨૦૧૯' કાર્યક્રમનું આયોજન કયાં રાજયમાં થયું ?
- આંધ્રપ્રદેશ

૬ ઈરીટ્રિયા ખાતે ભારતના નવા રાજદુત તરીકે કોની નિમણૂક થઈ ?
- સુભાષ ચંદ્ર

## 15.May 2019

**(૧) આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ :**
- દર વર્ષે ૧૫ મેના રોજ આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૩માં યુનાઇટેડ નેશનન જનરલ એસેમ્બલીએ રિઝોલ્યૂશન A/RES/47/237 દ્વારા આ દિવસની ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ પરિવાર સંબંધીત મુદ્દાઓ અંગે જાગરૂકતા કરવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : 'Families and climate Action : Focus on SDG13"
- વર્ષ ૨૦૧૮ થીમ : "Families and inclusive Societies"

**(૨) સુખદેવ થાપર – જન્મજયંતિ :**
- ખુલ્લી આંખે ભારતની આઝાદીનું સ્વપ્ન સેવનાર ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવની ક્રાંતિકારી ત્રિપુટી પૈકીના એક સુખદેવ થાપરનો આજે જન્મદિવસ છે.
- સુખદેવ થાપરનો જન્મ ૧૫ મે ૧૯૦૭ના રોજ પંજાબના લુધિયાણામાં થયો હતો.
- લાલા લજપતરાયની હત્યા પછી લાહોર કાવતરાં કેસ અને એસેમ્બલી બૉંબ કેસમાં પણ તેઓ સક્રિય રીતે જોડાયેલા હતા.
- આ કેસો તથા અન્ય ક્રાંતિકારી ગતિવિધિઓ બદલ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસીની સજા કરવામાં આવી હતી.
- લાહોર ષડયંત્ર કેસમાં આ મહાન સ્વાતંત્રતા સેનાનિયોને ૨૪ માર્ચ ૧૯૩૧ના રોજ મૃત્યુદંડના આદેશ આપવામાં આવ્યા હતા. પરંતુ તેમને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ સાંજે ૭ વાગ્યે ફાંસી આપવામાં આવી હતી.
- આ વિર શહીદોની યાદમાં દર વર્ષે ૨૩ માર્ચના દિવસે રાષ્ટ્રીય શહીદ દિવસ મનાવવામાં આવે છે.

**(૩) 'અભ્યાસ' ડ્રોનનું સફળ પરીક્ષણ – ડ્રોન**
- રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન દ્વારા અભ્યાસ (ABHYAS- high speed expendable aerial target')નામના ડ્રોનની ઉડાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ પરીક્ષણ ઓડિશાના બાલસોર ખાતેની ચાંદીપુર ઇંટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતે કરવામાં આવ્યું.
- આ ડ્રોનમાં ઇનલાઇન ગેસ ટર્બાઇન એન્જિનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનું નિર્માણ સ્વદેશી રૂપે MEMS બેસ્ટ નેવિગેશન પ્રણાલીનો ઉપયોગ કરી કરવામાં આવ્યું છે.
- વર્ષ ૨૦૧૨માં અભ્યાસ ડ્રોનને પ્રથમ વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**DRDO**

DRDO : The defence Research and Developemnt ogranisation
DRDO : ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.

Vivekanand Academy Gandhinagar

આદર્શ વાક્ય : બલસ્ય મૂલં વિજ્ઞાનમ્ : (Strength's origin is in Science)
મુખ્યાલય – DRDO ભવન, નવી દિલ્લી
ચેરમેન – જી. સતિશ રેડ્ડી

**(૪) NABARD દ્વારા કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રે ફંડની જાહેરાત :**

– તાજેતરમાં ભારતના કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક (National Bank for Agriculture And Rural Development) દ્વારા દેશમાં ગ્રામીણ અને કૃષિ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ક્ષેત્રે ૭૦૦ કરોડના ફંડની જાહેરાત કરવામાં આવી.
– આ પ્રોજેક્ટને કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કની સહાયક એજન્સી નાબવેંચર્સ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું.
– કૃષિ સંબંધી સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સુધારો કરવાના હેતુથી આ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે.

NABARD
– National Bank for Agriculture and Rural Development
સ્થાપના : ૧૨ જુલાઇ ૧૯૮૨
મુખ્યાલય : મુંબઇ (મહારાષ્ટ્ર)
ચેરમેન : હર્ષકુમાર ભાનવાલા)
કાર્ય : ગ્રામીણ ક્ષેત્રોમાં વિકાસ અને આર્થિક ઉન્નતિ માટે લોન વ્યવસ્થા કરવી.

**(૫) સિએટ ક્રિકેટ રેંકિંગ એવોર્ડ – ૨૦૧૯**

– તાજેતરમાં મુંબઇ ખાતે સીએ ક્રિકેટ રેટિંગ એવોર્ડની જાહેરાત કરવામાં આવી.
– આ એવોર્ડ સીએટ કંપની દ્વારા આપવામાં આવે છે.

**કેટેગરી અને વિજેતા**

– ઇન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર : વિરાટ કોહલી
– બેટ્સમેન ઓફ ધ યર : વિરાટ કોહલી
– ઇન્ટરનેશનલ બોલર ઓફ ધ યર : જસપ્રીત બુમરાહ
– વન ડે ઇન્ટરનેશનલ પ્લેયર ઓફ ધ યર : રોહિત શર્મા
– ઇન્ટરનેશનલ ટી–૨૦ પ્લેયર ઓફ ધ યર : આરોન ફિંચ
– આઉટસ્ટેન્ડિંગ પર્ફોમન્સ ઓફ ધ યર : કુલદીપ યાદવ
– આઇન્ટરનેશનલ ટી–૨૦ બોલર ઓફ ધ યર : રાશીદ ખાન
– ઇન્ટરનેશનલ વુમેન ક્રિકેટર ઓફ ધ યર : સ્મૃતિ મંધાના
– લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ : મોહિંદર અમરનાથ
– જુનિયર ક્રિકેટર ઓફ ધ યર : યશસ્વી જૈસવાલ
– ડોમેસ્ટિક પ્લેયર ઓફ ધ યર : આશુતોષ અમન

**(૬) જી.એસ.લક્ષ્મી આઇસીસીની પ્રથમ મહિલા રેફરી**

– તાજેતરમાં ભારતની જી.એસ.લક્ષ્મી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની પ્રથમ મહિલા રેફરી બની.
– તે આઇસીસી દ્વારા આયોજિત થનાર આંતરરાષ્ટ્રીય મેચમાં રેફરી તરીકે કાર્ય કરશે.
– જી.એસ.લક્ષ્મી આંધ્રપ્રદેશની વતની છે.
– થોડા સમય અગાઉ ક્લેયર પોલોસક પુરૂષોની વનડે મેચમાં અમ્પાયરિંગ કરનાર પ્રથમ મહિલા બની હતી.
– ક્લેયર પોલોસક ઓસ્ટ્રેલિયાની વતની છે.

**(૭) આઇસીસી :**

– ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ
– આઇસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઇ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીરિયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
– બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) કરવામાં આવ્યું.
– આઇસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ ૧૦૫ દેશો આઇસીસીના સભ્યો છે.
– આઇસીસી ચેરમેન શશાંક મનોહર
– આઇસીસી સીઇઓ : મનુ સાહની
– તેનું મુખ્યમથક : દુબઇ

પ્રશ્નો

૧ આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૫ મે
૨ સુખદેવ થાપરનો જન્મ ક્યાં થયો હતો ?
- પંજાબના લુધિયાણામાં
૩ રાષ્ટ્રીય શહીદ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૯ માર્ચ
૪ **ABHYAS** ડ્રોનનું પુરૂનામ જણાવો ?
- **high speed expendable aerial target**
૫ સિએટ ક્રિકેટ રેકિંગ એવોર્ડ અનુસાર ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ વિજેતા જણાવો ?
- વિરાટ કોહલી
૬ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની પ્રથમ મહિલા રેફરી જણાવો ?
- જી.એસ. લક્ષ્મી

## 16.May 2019

**(૧) સિક્કિમ સ્થાપના દિન :**

– ૧૬ મે ૧૯૭૫ના રોજ સિક્કિમ ભારતનું ૨૨ મું રાજ્ય બન્યું હતું.
– સિક્કિમ રાજ્ય ૧૭ મી સદીમાં નામગ્યાલ રાજવંશ દ્વારા સ્થાપવામાં આવ્યું હતું.
– સિક્કિમમાં બૌદ્ધ પાદરી – રાજા દ્વારા શાસન હતું જેને ચોગ્યલ તરીકે ઓળખાતું હતું.
– સિક્કિમ ૧૮૯૦માં બ્રિટીશ ભારતનું રજવાડું બન્યું હતું.
– ભારતની આઝાદી બાદ સિક્કિમ ભારતનું સંરક્ષિત રાજ્ય બન્યું હતું.
– ભારતીય સંસદ દ્વારા ૩૫માં બંધારણીય સુધારા સાથે બંધારણના અનુચ્છેદ ૨ (એ) અંતર્ગત સિક્કિમને સહરાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
– ૧૬ મે ૧૯૭૫ના રોજ સિક્કિમમાં લોકમત બાદ સહરાજ્યનો દરજ્જો પૂર્ણ કરી સંપૂર્ણ રીતે સિક્કિમને ભારતમાં જોડવામાં આવ્યું હતું.
– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સિક્કિમને વર્ષ ૨૦૧૬માં ઓર્ગેનિક રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું.
– સિક્કિમ ભારતનું એકમાત્ર ઓર્ગેનિક રાજ્ય છે.
– સિક્કિમ :
રાજ્યપાલ : ગંગા પ્રસાદ
મુખ્યમંત્રી : પવનકુમાર ચામલિંગ
રાજધાની : ગંગટોક
હાઇકોર્ટ : ગંગટોક ખાતે
વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૨૯

Vivekanand Academy Gandhinagar

વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ : ૨૮

(૨) મદન ભીમરાવ લોકુર – સર્વોચ્ચ અદાલત :

- તાજેતરમાં સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ મદન ભીમરાવ લોકુરને મલેશિયાના ટાપુ દેશ ફિજીની સર્વોચ્ચ અદાલતના નોન – રેજીડેંડ પેનલમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓને ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- મદન ભીમરાવ લોકુર સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ પદ પરથી ડિસેમ્બર ૨૦૧૯માં નિવૃત્ત થયા હતા.
- તેઓએ જુલાઇ ૧૯૯૮ થી ફેબ્રુઆરી ૧૯૯૯ સુધી ભારતના એડિશનલ સોલિસ્ટર જનરલ તરીકે કાર્ય કર્યું હતું.
- જૂન ૨૦૧૦ થી નવેમ્બર ૨૦૧૧ સુધી તેમણે ગુવાહાટી હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્ય કર્યું હતું.
- વર્ષ ૨૦૧૨ માં તેઓ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા.

ફિજી :

રાષ્ટ્રપતિ – જ્યોર્જ કોન્રોટ
પ્રધાનમંત્રી – ફ્રેન્ક બેનિમારામા
રાજધાની : સુવા

**(૩) સંજીવ પૂરી : ITC ચેરમેન**

- આઇટીસી ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર સંજીવ પુરી કંપનીના ચેરમેન બન્યા.
- પૂર્વ ચેરમેન યોગેશચંદ્ર દેવેશવરના નિધન બાદ તેઓએ આ પદ માટે નિયુક્ત કરવામાં આવ્યા.
- સંજીવ પુરીએ આઇઆઇટી કાનપુર અને વ્હાર્ટન સ્કૂલ ઓફ બિઝનેશથી અભ્યાસ કર્યો છે.
- તેઓ વર્ષ ૧૯૮૬માં આઇટીસીમાં જોડાયા હતા.
- ITC - India Tobacco Company Limited
- ITC – મુખ્યાલય – કોલકત્તા

**(૪) ગુજરાતના પ્રથમ સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રનો પ્રારંભ :**

- તાજેતરમાં કોઇપણ બાળક બચાવ પક્ષના દબાણમાં આવ્યા વિના જુબાની આપી શકે તે માટે વડોદરા જિલ્લા કોર્ટ દ્વારા સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રની શરૂઆત કરી.
- આ રાજ્યનું પ્રથમ સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર છે.
- ગંભીર ગુનાઓના પીડિત તેમજ સાક્ષી બાળકને કોર્ટનો અનુભવ ન થાય તે માટે ખાસ રૂમમાં બેસાડી તેમની જુબાની લેવામાં આવશે.
- સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રની સ્થાપના ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશના માર્ગદર્શન હેઠળ સ્થાપવામાં આવ્યું છે.

**(૫) આરોહી પંડિત – એટલાન્ટીક મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા :**

- તાજેતરમાં ભારતીય મહિલા પાયલોટ કેપ્ટન આરોહી પંડિત માહિ નામના લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ દ્વારા કોઇ અન્ય પાયલોટની સહાય વિના એકલા એટલાન્ટીક મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા બની.
- આરોહી પંડિત મુંબઇની વતની છે.
- આરોહી પંડિતે અન્ય મહિલા પાયલોટ કેપ્ટન કિથહેયર મિસક્વિતા સાથે મળી વર્ષ ૨૦૧૮માં હવાઇ માર્ગે ૩૭૦૦૦ કિમીની વિશ્વ યાત્રા શરૂ કરી હતી. આ યાત્રા જુલાઇ ૨૦૧૯માં પૂર્ણ થશે.

**(૬) સના મીર – વન ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી :**

- તાજેતરમાં પાકિસ્તાનની મહિલા ક્રિકેટર સના મીર મહિલા વન ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની.
- ઓફ સ્પિનર સના મિરે પોતાની કારકિર્દીની ૧૧૮મી મેચ દરમ્યાન વન ડે કેરિયરની ૧૪૭મી વિકેટ લીધી.
- વેસ્ટ ઇન્ડિઝની અનિસા મોહમ્મદ બીજા સ્થાને અને ઓસ્ટ્રેલીયાની લિસા સ્થેલર ત્રીજા સ્થાને છે.
- સના મિરે પોતાની કારકિર્દીની શરૂઆત વર્ષ ૨૦૦૫માં શ્રીલંકા વિરૂદ્ધની વનડેમાં કરી હતી.

પ્રશ્નો

૧ સિક્કિમ ભારતનું ૨૨મું રાજ્ય ક્યારે બન્યું ?
- ૧૬ મે ૧૯૭૫

૨ નરેન્દ્ર મોદી દ્વારા સિક્કિમ ને કયા વર્ષ માટે ઓર્ગેનિક રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું ?
- ૨૦૧૬

૩ ફિજીની રાજધાની જણાવો ?
- સુવા

૪ ITC ના ચેરમેન જણાવો ?
- સંજીવ પુરી

૫ ગુજરાતના પ્રથમ સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રનો પ્રારંભ કયા જિલ્લામાં થયો ?
- વડોદરા

૬ એટલાન્ટિક મહાસાગાર પાર કરનાર પ્રથમ મહિલા જણાવો ?
- આરોહી પંડિત

૭ વન ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર મહિલા ખેલાડી જણાવો ?
- સના મીર

## 17.May 2019

**(૧) 'વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે' :**

- દર વર્ષે ૧૭ મેના રોજ 'વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે' ની ઉજવણી કરવામાં આવે છે.
- ૧૭ મે ૧૮૬૫ના રોજ ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયનની સ્થાપના કરવામાં આવી હતી.
- તેની યાદ માટે દર વર્ષે 'વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની શરૂઆત વર્ષ ૧૯૭૩ માં મલાગા–ટોરોમીલોનીસમાં પ્લેનિપોટેન્ટિઅરી કોન્ફરન્સમાં કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ઇન્ટરનેટ અને નવી ટેકનૉલોજિ દ્વારા થતાં સામાજિક ફેરફારને પ્રોત્સાહન આપવા અને તેનાથી લોકોને જાગરૂક્તા કરવાનો છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : Bridging the standardization gap

**(૨) ઇન્ફોર્મેશન સોસાયટી ડે :**

- દર વર્ષે ૧૭મેના રોજ 'ઇન્ફોર્મેશન સોસાયટી ડે' ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા દિવસ ઉજવવાની જાહેરાત વર્ષ ૨૦૦૫માં આફ્રિકાના ટ્યુનિસ શહેર ખાતે યોજાયેલ વર્લ્ડ સમિટ ઓન ઇન્ફોર્મેશન સોસાયટીમાં કરવામાં આવી હતી.

- પ્રથમ ઇન્ફોર્મેશન સોસાયટી ડે' ની ઉજવણી વર્ષ ૨૦૦૬માં કરવામાં આવી હતી.

**(૩) પંકજ ઉદાસ –જન્મદિવસ :**

- ગુજરાતનું ગૌરવ એવા ગઝલકાર પંકજ ઉદાસનો આજે જન્મદિવસ છે.
- પંકજ ઉદાસનો જન્મ ૧૭ મે ૧૯૫૧ના રોજ ગુજરાતના જેતપુરમાં ગઢવી પરિવારમાં થયો હતો.
- તેમણે સર બી.પી.ટી.આઇ. ભાવનગરમાં અભ્યાસ કર્યો હતો. બાદમાં તેમનો પરિવાર મુંબઇ ગયો અને પંકજે મુંબઇમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કર્યો.
- તેણે ૧૯૮૦ માં અહત શીર્ષકવાળી ગઝલ આલ્બમની રજૂઆત સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ ૨૦૦૬માં તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**(૪) કેન્દ્ર સરકાર દ્વારા LTTE પરના પ્રતિબંધને વધાર્યો :**

- તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા લિબ્રેશન ઓફ ટાઇગર્સ ઓફ તામિલ ઇલમ (એલટીટીઇ) પરના પ્રતિબંધને પાંચ વર્ષ માટે વધાર્યો.
- ગૃહ મંત્રાલય દ્વારા ગેરકાયદેસર ગતિવિધિઓ સંબંધી અધિનિયમ અંતર્ગત ૧૯૬૭ અંતર્ગત આ પ્રતિબંધ વધાર્યો છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨માં ગેરકાયદેસર ગતિવિધિઓ સંબંધી અધિનિયમ અંતર્ગત એલટીટીઇ પર પ્રથમ વખત પ્રતિબંધ મૂક્યો હતો.
- આ સાથે જ સંયુક્ત રાષ્ટ્ર અને ભારત સહિત ૩૨ રાષ્ટ્રોએ આ સંગઠનને આતંકી સંગઠન તરીકે જાહેર કર્યું.
- વર્ષ ૧૯૯૧માં એલટીટીઇ સંગઠનના સભ્યો દ્વારા તમિલનાડુના પેરામ્બુદુર ખાતે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી.
- રાજીવ ગાંધી સ્વતંત્ર ભારતના છઠ્ઠા અને વ્યક્તિગત રીતે સાતમાં પ્રધાનમંત્રી છે.
- તેમની સમાધિનું નામ વીરભૂમિ છે.

**(૫) જસ્ટિસ એ કે સિકરી – NBSA ચેરપર્સન**

- સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ એ કે સિકરીને ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એશોસીએશન દ્વારા સમાચાર પ્રસારણ અને માનક પ્રાધિકરણ (NBSA)ના ચેરપર્સન નિયુક્ત કરવામાં આવ્યું.
- તેઓ NBSA વર્તમાન ચેરપર્સન જસ્ટિસ આર.વી. રવિન્દ્રનનું સ્થાન લેશે.
- એ કે સિકરી ૨૬ મે ૨૦૧૯ થી પોતાનો કાર્યભાર સંભાળશે.
- પૂર્વ ન્યાયાધીશ એ કે સિકરી વર્ષ ૧૯૯૯માં દિલ્લી હાઇકોર્ટ ખાતે ન્યાયાધીશન બન્યા હતા.
- તેઓ વર્ષ ૨૦૧૧માં દિલ્લી હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. બાદમાં વર્ષ ૨૦૧૨માં તેઓ પંજાબ હરિયાણા હાઇકોર્ટના મુખ્ય ન્યાયધીશન બન્યા હતા.

**(૬) ભારતમાં ગેંડાના ડીએનએ ડેટાબેસ :**

- તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય દ્વારા દેશમાં રહેલ ગેંડાઓના ડીએનએનો ડેટાબેસ તૈયાર કરવાનો નિર્ણય કર્યો.
- આ પ્રોજેક્ટ ૨૦૧૯ના અંતમાં શરૂ કરવામાં આવશે. પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૧માં પૂર્ણ થશે.
- આ પ્રોજેક્ટ પૂર્ણ થયાની સાથે જ ભારતીય ગેંડા દેશમાં ડીએનએ પ્રોફાઇલ ધરાવતું પ્રથમ પ્રાણી બની જશે.
- પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર થયેલ ડેટાબેસને દહેરાદૂન ખાતે આવેલ ભારતીય વન્યજીવ સંસ્થા ખાતે રાખવામાં આવશે.
- આ પ્રોજેક્ટ કેન્દ્ર સરકારના 'ગેંડા સંરક્ષણ કાર્યક્રમ' નો એક ભાગ છે.
- ભારતમાં ગેંડાની સૌથી વધુ વસ્તી આસમના કાંજીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે છે.

**(૭) આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ :**

- ભારતમાં પ્રથમ વખત આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.
- આ આયોજન રાજસ્થાનના જેસલમેર ખાતે જુલાઇથી ઓગસ્ટ દરમ્યાન કરવામાં આવશે.
- આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ સ્પર્ધા આંતરરાષ્ટ્રીય આર્મી ગેમ્સનો એક ભાગ છે.
- આંતરરાષ્ટ્રીય આર્મી ગેમ્સનું આ પાંચમું આયોજન છે.
- તેનો ઉદ્દેશ્ય અલગ અલગ દેશો વચ્ચે મિત્રતામાં વધારો કરવાનો અને શાંતિપૂર્ણ સહયોગમાં વધારો કરવાનો છે.
- આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ સ્પર્ધાનું આયોજન ભારતીય સેનાના 'કોણાર્ક કોર્પ્સ' દ્વારા જેસલમેર આર્મી સ્ટેશન ખાતે કરવામાં આવશે.
- આ સ્પર્ધામાં ભારત, રશિયા, કઝાકિસ્તાન, આર્મેનિયા, બેલારૂસ, ઉઝબેકિસ્તાન, સુદાન, ઝીમ્બાબ્વે અને ચીનના પ્રતિનિધિઓ ભાગ લેશે.

**આંતરરાષ્ટ્રીય આર્મી ગેમ્સ :**

- આંતરરાષ્ટ્રીય આર્મી ગેમ્સનું આયોજન વર્ષ ૨૦૧૫થી રશિયા દ્વારા કરવામાં આવે છે.
- અત્યાર સુધીની આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ સ્પર્ધાનું આયોજન નોવોસીબીસ્ક ક્ષેત્રે કરવામાં આવ્યું હતું.

**(૮) લોકપાલની વેબસાઇટ લોન્ચ કરવામાં આવી.**

- તાજેતરમાં ભારતના લોકપાલશ્રી પિનાકી ચંદ્ર ઘોષ દ્વારા લોકપાલની વેબસાઇટ લોન્ચ કરવામાં આવી.
- આ વેબસાઇટનું એડ્રેસ : www.lokpal.gov.in છે.
- લોકપાલ ભારતની બંધારણીય સંસ્થા છે.
- પિનાકીચંદ્ર ઘોષ દેશના પ્રથમ લોકપાલ છે.

પ્રશ્નો

૧ વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે ક્યોર ઉજવાય છે ?
- ૧૭ મે

૨ ઈન્ફોર્મેશન સોસાયટી ડે ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- ૧૭ મે

૩ પંકજ ઉદાસનું કાર્યક્ષેત્ર જણાવો ?
- ગઝલકાર

૪ રાજીવ ગાંધીની સમાધીનું નામ જણાવો ?
- વીરભૂમિ

૫ NBSAના નવા ચેરપર્સન જણાવો ?
- જસ્ટિસ એ કે સિકરી

૬ ભારતમાં DNA પ્રોફાઈલ ધરાવતથું પ્રથમ પ્રાણી કયું બનશે ?
- ગેંડો

૭ ભારતમાં પ્રથમ વખત આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ સ્પર્ધાનું આયોજન કયાં થશે ?
- રાજસ્થાનના જેસલમેર

૮ ભારતના લોકપાલ જણાવો ?
- પિનાકી ચંદ્ર ઘોષ

**18.May 2019**

(૧) **'સ્માઇલિંગ બુદ્ધા'**

- ૧૮ મે ૧૯૭૪ના દિવસે રાજસ્થાનના પોખરણમાં ભારતે પ્રથમ પરમાણુબોંબ પરીક્ષણ કર્યું હતું.
- પ્રથમ પરમાણુ પરીક્ષણ વખતે ઈન્દિરા ગાંધી ભારતના પ્રધાનમંત્રી હતા.
- આ સાથે જ ભારત દુનિયાનો છઠ્ઠો પરમાણુશક્તિ સંપન્ન દેશ બની ગયો હતો.
- આ પરીક્ષણને સ્માઇલિંગ બુદ્ધા નામ આપવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણના વડા ડૉ. રાજા રામન્ના હતા. પરમાણુ બોમ્બની ડીઝાઇન ડૉ. પિ.કે. આયંગર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- આ પરીક્ષણની ટીમમાં ડૉ. એપીજે અબ્દુલ કલામ પણ સામેલ હતા.
- ભારતે બીજું પરમાણુ પરીક્ષણ ૧૧ મે ૧૯૯૮ના રોજ કર્યું હતું. બીજું. પરીક્ષણ વખતે ભારતના પ્રધાનમંત્રી અટલબિહારી વાજપાઇ હતા.

(૨) **વર્લ્ડ મ્યુઝિયમ ડે :**

- દર વર્ષે ૧૮ મે ના રોજ વર્લ્ડ મ્યુઝિયમ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસ ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ મ્યુઝિયમ દ્વારા મનાવવામાં આવે છે.
- આ દિવસ મ્યુઝિયમમાં થતી વિવિધ સમસ્યાનું નિવારણ કરવા લોકોને જાગરૂકતા કરવા મનાવવા આવે છે.
- પ્રથમ વર્લ્ડ મ્યુઝિયમ ડેની ઉજવણી વર્ષ ૧૯૭૭માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ : "Museums as cultural Hubs: The future of tradition"
- ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ મ્યુઝિયમની સ્થાપના વર્ષ ૧૯૪૬માં કરવામાં આવી હતી તેનું મુખ્યમથક ફ્રાંસના પેરિસ ખાતે આવેલ છે.
- ગુજરાતનું સૌથી જૂનું મ્યુઝિયમ ભુજમાં આવેલ કચ્છ મ્યુઝિયમ છે.
- ગુજરાતનું સૌથી મોટું મ્યુઝિયમ વડોદરા ખાતે આવેલ વડોદરા મ્યુઝિયમ એન્ડ પીક્ચર ગેલેરી છે.

(૩) **નિરંજન નરહરિલાલ ભગત – જન્મજયંતિ :**

- ગુજરાતી ભાષાના કવિ – વિવેચક શ્રી નિરંજન નરહરિલાલ ભગતનો આજે જન્મદિવસ છે.
- તેમનો જન્મ ૧૮ મે ૧૯૨૬ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- તેઓ ભગત સાહેબના હુલામણા નામથી જાણીતા હતા.
- તેઓને સાહિત્યમાં યોગદાન બદલ કુમાર સુવર્ણ ચંદ્રક (વર્ષ ૧૯૪૯) નર્મદા સુવર્ણ ચંદ્રક (વર્ષ ૧૯૫૭) રણજીતરામ સુવર્ણ ચંદ્રક (વર્ષ ૧૯૬૯) સાહિતય અકાદમી પુરસ્કાર (વર્ષ ૧૯૯૯) થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ભગત સાહેબનું ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અવસાન થયું હતું.
- નિરંજન ભગતના જાણીતા કાવ્યસંગ્રહો – છંદોલય, કિન્નરી અલ્પવિરામ, પ્રવાસદ્વીપ.
- જાણીતી પંક્તિઓ :
  કાળની કેડીએ ઘડીક સંગ રે ભાઇ આપણો ઘડીક સંગ...
  ચલ મન મુંબઇ નગરી, જોવા પુચ્છ વિણ ક્યાં જડવું.
  હું તો બસ ફરવા આવ્યો છું હું ક્યું એકે કાચ તમારુ કે મારૂ કરવા આવ્યો છું.

(૪) **વિંગ કમાન્ડર અભિનંદનના સ્કવાડ્રનને ફાલ્કન સ્લૈઅર સન્માન :**

- વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનના સ્કવાડ્રને 'ફાલ્કન' સ્લૈઅર' બેચ આપવામાં આવ્યો.
- સ્કવાડ્રનને આ સન્માન પાકિસ્તાનના એક યુદ્ધ વિમાન એફ–૧૬ને તોડી પાડવા બદલ આપવામાં આવ્યું છે. આ દરમ્યાન અભિનંદન વર્ધમાન સ્કવાડ્રન નં. ૫૧માં તૈનાત હતા.
- જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાન દ્વારા છોડવામાં આવે ૫ AMRAAM મિસાઈલથી ભારતની સુ–૩૦ MKI સ્કવાડ્રન પર હુમલો કર્યો હતો જેને સ્કવાડ્રન દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યો હતો.
- આ ઉપલબ્ધિ બદલ સુ–૩૦ MKI સ્કવાડ્રનને AMRAAM ડૉઝર્સ' ખિતાબ આપવામાં આવ્યો છે.
- વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તમિલનાડુના વતની છે.

(૫) **ઇન્ડિયન કોસ્ટગાર્ડના વિગ્રહ શીપને ડિકમિશન કરાયું :**

- ઇન્ડિયન કોસ્ટ ગાર્ડશીપ 'વિગ્રહ' ને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે ડીકમિશન કરવામાં આવ્યું.
- કોસ્ટ ગાર્ડ શીપ 'વિગ્રહ' ને ૧૨ એપ્રિલ ૧૯૯૦ના રોજ ભારતીય કોસ્ટ ગાર્ડમાં જોડવામાં આવ્યું હતું.
- 'વિગ્રહ' નું નિર્માણ મુંબઇ ખાતે આવેલ મઝગાંવ ડોકયાર્ડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ શિપને વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી શ્રીલંકાને લીઝ પર આપવામાં આવ્યું હતું.
- બાદમાં જાન્યુઆરી ૨૦૧૯માં તેને ભારતીય તટરક્ષક બદલમાં સામેલ કરવામાં આવ્યું હતું.
- ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ
  સ્થાપના : વર્ષ ૧૯૭૮
  મુખ્યમથક : નવી દિલ્લી
  આદર્શ વાક્ય : વયમ્ રક્ષામ:

(૬) **વંદે ભારત એક્સપ્રેસ –૧ લાખ કિમીની યાત્રા :**

- તાજેતરમાં ભારતની પ્રથમ એન્જિન વિનાની ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' એક લાખ કિમીની યાત્રા પુરી કરી.
- ટ્રેન ૧૮ નામથી જાણીતી આ ટ્રેન ભારતની પ્રથમ સેમી હાઇસ્પીડ ટ્રેન છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશનથી દેશની સૌથી ઝડપી ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલી ઝંડી આપી હતી.
- આ ટ્રેન ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે.
- આ ટ્રેનનું નિર્માણ 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત ચેન્નાઇ ખાતે આવેલ ઇંટિગ્રલ કોચ ફેક્ટરી ખાતે કરવામાં આવ્યું છે.
- આ ટ્રેનના નિર્માણમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

(૬) **ભારતે 'ક્રાઇસ્ટચર્ચ કોલ' પર હસ્તાક્ષર કર્યા :**

- તાજેતરમાં ભારતે 'ક્રાઇસ્ટચર્ચ કૉલ' પહેલ પર હસ્તાક્ષર કર્યા.
- આ પહેલ પેરિસ શિખર સંમેલન દરમ્યાન ફ્રાંસના રાષ્ટ્રપતિ એમનુઅલ મૈક્રોન અને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી જેસિંડા આર્દેર્ન દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.
- આ પહેલ આતંકવાદ અને હિંસા સંબંધી ઓનલાઇન સામગ્રીને ખતમ કરવા માટે લોન્ચ કરવામાં આવી હતી.

(૭) **ચીનમાં વિકીપીડિયા પર પ્રતિબંધ :**

- તાજેતરમાં ચીન દ્વારા ઓનલાઇન વિશ્વની માહિતી આપતી સાઇટ વિકીપીડિયાની તમામ આવૃત્તિ પર પ્રતિબંધ મૂક્યો.

- અગાઉ ચીન દ્વારા વિકીપીડિયાની ચીની આવૃતિ દલાઇલામા જેવો ટોપીક પર પ્રતિબંધ મૂક્યો હતો.
- આ પહેલા ચીન દ્વારા ગૂગલ, ફેસબુક, ન્યુયોર્ક ટાઇમ્સ જેવી વેબસાઇટ પર પ્રતિબંધ મૂક્યો હતો.

**વિકીપીડિયા :**

- વિકીપીડિયા એક ઓનલાઇન વૈશ્વિક માહિતી આપતી વેબસાઇટ છે.
- વીકીપીડિયા વિશ્વની અલગ અલગ ભાષામાં ઉપલબ્ધ છે.
- તે વિશ્વની સૌથી વધુ વિઝિટ થતી વેબસાઇટ છે.
- હાલ વિકીપીડિયા ૩૦૩ ભાષામાં ઉપલબ્ધ છે.
- જીમી વેલ્સ અને લૈરી સેંગર દ્વારા તેને વર્ષ ૨૦૦૧માં શરૂ કરવામાં આવી હતી.

**(૮) સજાતીય લગ્નોને દરજ્જો આપનારો એશિયાનો પ્રથમ દેશ : તાઇવાન :**

- તાઇવાનની સંસદે સજાતીય લગ્ન નોંધણીની મંજૂરી આપતો કાયદો પસાર કર્યો.
- તાઇવાન સજાતીય લગ્નોને કાયદેસર દરજ્જો આપનારો એશિયાનો પ્રથમ દેશ બન્યો.
- વિશ્વમાં સૌપ્રથમ નેધરલેન્ડે વર્ષ ૨૦૦૦માં સજાતીય લગ્નોને મંજૂરી આપી હતી.
- અત્યા રસુધીમાં ૨૮ દેશ આ સંબંધમાં કાયદો પસાર કરી ચૂક્યા છે.
- સજાતીય લગ્નને મંજૂરી આપનાર મુખ્ય દેશો :
- કેનેડા –૨૦૦૫
- દ. આફ્રિકા– ૨૦૦૬
- બ્રિટન – ૨૦૧૩
- ફ્રાન્સ – ૨૦૧૩
- ન્યુઝીલેન્ડ – ૨૦૧૩
- અમેરિકા –૨૦૧૫
- ઓસ્ટ્રેલિયા –૨૦૧૭

પ્રશ્નો

૧ ભારતે પ્રથમ પરમાણુબોંબ પરિક્ષણ ક્યારે કર્યું હતું ?
- ૧૮ મે ૧૯૭૪

૨ ભારતે પ્રથમ પરમાણુબોંબ પરીક્ષણનું નામ શું રાખ્યું હતું ?
- સ્માઈલીંગ બુદ્ધા

૩ વર્લ્ડ મ્યુઝિયમ ડે ક્યારે મનાવાય છે ?
- ૧૮ મે

૪ નિરંજન નરહરિલાલ ભગતનો જન્મ ક્યાં થયો હતો ?
- અમદાવાદ

૫ છંદોલય, અલ્પવીરામ કોના જાણીતા કાવ્યસંગ્રહો છે ?
- નિરંજન નરહરિલાલ ભગત

૬ તાજેતરમાં કોના સ્કવાડ્રનને ફાલ્કન સ્લેઅર સન્માન પ્રાપ્ત થયું ?
- વિગ કમાન્ડર અભિનંદન

૭ ભારતની પ્રથમ એન્જિનદ વિનાની ટ્રેનનું નામ જણાવો ?
- વંદે ભારત એક્સપ્રેસ (ટ્રેન-૧૮)

## 19.May 2019

**(૧) મહારાજા સર કૃષ્ણ કુમારસિંહ– જન્મજયંતિ :**

- ભાવનગરના મહારાજા સર કૃષ્ણકુમારસિંહનો આજે જન્મદિવસ છે.
- ગોહિલ વંશના સર કૃષ્ણકુમારસિંહનો જન્મ ૧૯ મે ૧૯૧૨ના રોજ ભાવનગરમા થયો હતો.
- સર કૃષ્ણકુમારે શિક્ષણ રાજકુમાર કોલેજ રાજકોટ અને ઇંગ્લેન્ડની હેરો સ્કૂલમાં લીધું હતું.
- તેઓ ૭ વર્ષની સગીર વયે ભાવનગરના શાસક બન્યા.
- પુખ્તવયે સ્વતંત્ર શાસક બન્યા બાદ તેઓએ ઉદારવાદી અને પ્રજાવત્સલ શાસક તરીકેની છબી ઊભી કરી હતી.
- ભારતની આઝાદી બાદ નવા સૌરાષ્ટ્ર રાજ્યના તેઓ ઉપરાજ્યપ્રમુખ બન્યા હતા.
- સૌરાષ્ટ્રના રજવાડાઓને ભારત સંઘમાં જોડવામાં પણ તેમની મહત્વની ભૂમિકા રહી હતી.
- સર કૃષ્ણ કુમારસિંહ વર્ષ ૧૯૪૮માં મદ્રાસના ગવર્નર બન્યા હતા.
- ભાવનગર ખાતેની યુનિવર્સિટીનું નામ તેમની સાથે જોડાયેલું છે.
- મહારાજા કૃષ્ણકુમારનું ૨ એપ્રિલ ૧૯૬૫ના રોજ અવસાન થયું હતું.

**મહારાજા સર કૃષ્ણકુમારસિંહને મળેલ સન્માન :**

- કિંગ જ્યોર્જ વી સિલ્વર જ્યુબિલી મેડલ – ૧૯૩૫
- કિંગ જ્યોર્જ છઠ્ઠો કોરોનેશનલ મેડલ – ૧૯૩૭
- નાઇટ કમાન્ડર ઓફ ધી ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઈન્ડિયા (કેસીએસઆઇ) ૧૯૩૮
- વોર મેડલ – ૧૯૩૯–૧૯૪૫
- ડિફેન્સ મેડલ – ૧૯૪૫
- ઇન્ડિયા સર્વિસ મેડલ – ૧૯૪૫
- ભારતીય સ્વતંત્રતા મેડલ – ૧૯૪૭

**(૨) નીલમ સંજીવ રેડ્ડી – જન્મજયંતિ :**

- ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ છે.
- નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ ૧૯ મે ૧૯૧૩ના રોજ મદ્રાસ પ્રાંતના અનંતપુરમાં થયો હતો.
- ૧૯૨૯માં મહાત્મા ગાંધીની અનંતપુરની મુલાકાત પછી ભણતર છોડી સત્યાગ્રહમાં જોડાયા હતા.
- વર્ષ ૧૯૪૬માં તેઓ મદ્રાસ લેજીસ્લેટીવ એસેમ્બલીના સભ્ય બન્યા.
- તેઓ વર્ષ ૧૯૬૨ના આંધ્રપ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા.
- તેઓ બે વખત લોકસભાના સ્પીકર રહી ચૂક્યા છે.
- તેઓ એકમાત્ર એવા રાષ્ટ્રપતિ છે જે બિન હરીફ ચૂંટાયા હતા.
- તેમના રાષ્ટ્રપતિકાળ દરમિયાન મોરારજી દેસાઇ, ચરણસિંહ અને ઇન્દિરા ગાંધી એમ ત્રણ વડાપ્રધાનોએ શાસક કર્યું હતું.
- રાષ્ટ્રતિ નીલમ સંજીવ રેડ્ડીનું ૧ જુન ૧૯૯૬ના રોજ બેંગ્લોરમાં અવસાન થયું હતું.

**(૩) વિઝન ડોક્યુમેન્ટ – આરબીઆઇ :**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા વિઝન ડોક્યુમેન્ટ જાહેર કરવામાં આવ્યા.
- આ વિઝન ડોક્યુમેન્ટનું શીર્ષક ‘Payment and settlement Systems in India- vision-2019-2021’ છે.
- આ વિઝન ડોક્યુમેન્ટનો ઉદ્દેશ્ય સુરક્ષિત, સુવિધાજનક અને ઝડપી ઇ પેમેન્ટ પ્રણાલી પૂરી પાડવાનો છે.

Vivekanand Academy Gandhinagar

- વિઝન ડોક્યુમેટમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ડિજિટલ પેમેન્ટની સંખ્યા ૮૭૦૭ કરોડ સુધી પહોંચાડવાનું અનુમાન કરવામાં આવ્યું છે.
- વિઝન ડોક્યુમેન્ટમાં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમ્યાન NEFT, UPI અને IMPS જેવી ડિજિટલ પેમેન્ટ પ્રણાલીમાં ૧૦૦ ટકા વૃદ્ધિનું અનુમાન છે.
- આ વિઝન ડોક્યુમેન્ટ Empowering Exceptional (E) payment Experince થીમ પર જાહેર કરવામાં આવ્યું છે.
- ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- આરબીઆઇની સ્થાપનામાં બાબાસાહેબ આંબેડકરની મુખ્ય ભૂમિકા હતી.
- તેમણે હિલ્ટન યંગ કમિશન સમક્ષ બેંક કઇ રીતે કાર્ય કરશે તેની રૂપરેખા રજૂ કરી હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇ દેશભરમાં કુલ ૨૨ ક્ષેત્રિય કાર્યાલય ધરાવે છે.
- આરબીઆઇની ગુજરાત શાખાનું કાર્યાલય અમદાવાદ ખાતે આવેલ છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે. શરૂઆતના સમયમાં તેનું મુખ્યમથક કોલકત્તા હતું.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

**(૪) સંયુક્ત રાષ્ટ્ર સાસાકાવા એવોર્ડ – ૨૦૧૯ – પ્રમોદકુમાર મિશ્રા :**

- સંયુક્ત રાષ્ટ્રના આપદા નિવારણ કાર્યાલય દ્વારા તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના અતિરિક્ત સચિવ પ્રમોદકુમાર મિશ્રાને આપદા નિવારણ બદલ સાસાકાવા એવોર્ડ ૨૦૧૯ એનાયત કરવામાં આવ્યો.
- આ એવોર્ડ અંગેની જાહેરાત જીનીવા ખાતે યોજાયેલ વૈશ્વિક પ્લેટફોર્મના છઠ્ઠા સત્રમાં કરવામાં આવી.
- સાસાકાવા એવોર્ડ આપદા ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવતો પ્રતિષ્ઠિત એવોર્ડ છે.
- સાસાકાવા એવોર્ડ સંયુક્ત રાષ્ટ્ર આપદા નિવારણ કાર્યાલય અને નિપોન ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવે છે.
- આ એવોર્ડની શરૂઆત વર્ષ ૧૯૮૬માં નિપોન ફાઉન્ડેશનના ચેરમેન રાયોઇચી સાસાકાવા દ્વારા કરવામાં આવી હતી.

**(૫) કામી રિતા – સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર**

- નેપાળના શેરપા કામી રીતાએ ૨૩મી વખત વિશ્વનો સૌથી ઊંચો પર્વત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો.
- આ સાથે જ તેઓ પોતાનો જ રેકોર્ડ તોડી ફરી એક વખત સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વ્યક્તિ બન્યા.
- કામી રીતા નેપાળના સોલુખુમ્બુ જિલ્લાના વતની છે.
- તેમણે વર્ષ ૧૯૯૪માં પ્રથમ વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.
- તેઓ વર્ષ ૨૦૧૭માં ૨૧ મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ત્રીજા વ્યક્તિ બન્યા હતા.
- અગાઉ ફુરબા તાશી શેરપા અને અપા શેરપાએ ૨૧ વખત માઉન્ટ એવરેસ્ટ કર કર્યો.
- વર્ષ ૨૦૧૮માં શેરપા કામી રીતા ૨૨ મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરવાની સાથે જ સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વ્યક્તિ બન્યા હતા.

**માઉન્ટ એવરેસ્ટ :**

- હિમાલય પર્વતમાળા પર આવેલ માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો પર્વત છે.
- તેની ઊંચાઇ ૨૯૦૦૨ ફૂટ (૮૯૪૦ મીટર) છે.
- તે નેપાળમાં આવેલ છે. ત્યાંના સ્થાનિક લોકો તેને સાગરમથ્થા નામથી ઓળખે છે. તેનું ચીની નામ ચોમોલુંમ્મા છે.
- પ્રથમ વખત વર્ષ ૧૯૫૩માં એડમન્ડ હિલેરી અને તેનસિંહ દ્વારા માઉન્ટ એવરેસ્ટ સર કરવામાં આવ્યો હતો.
- સૌ પ્રથમ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ભારતીય બેચેન્દ્ર પાલ છે.

**(૬) એશિયન કપ ફૂટબોલ ટુર્નામેન્ટ – ૨૦૨૩ – ચીન :**

- વર્ષ ૨૦૨૩ના એશિયા કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન ચીનમાં કરવામાં આવશે.
- વર્ષ ૨૦૨૩માં એશિયા કપ ફૂટબોલ ટુર્નામેનટનું ૧૮ મું આયોજન કરવામાં આવશે.
- આ ટુર્નામેન્ટનું આયોજન એશિયન ફૂટબોલ મહાસંઘ દ્વારા દર ચાર વર્ષે કરવામાં આવે છે.
- આ પહેલા વર્ષ ૨૦૦૪માં તેનું આયોજન ચીન ખાતે કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૯માં તેનું આયોજન સંયુક્ત અરબ અમીરાત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કતાર ચેમ્પિયન બન્યું હતું.
- એશિયન ફૂટબોલ મહાસંઘની સ્થાપના વર્ષ ૧૯૫૪માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય મલેશિયાના કુઆલાલંપુરમાં આવેલ છે.

**(૭) વિશ્વ કપ –૨૦૧૯ના વિજેતા પુરસ્કારોની ઘોષણા :**

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા વિશ્વ કપ ૨૦૧૯ના વિજેતા પુરસ્કારોની ઘોષણા કરવામાં આવી.
- વિશ્વ કપ ૨૦૧૯ની વિજેતા ટીમને ૪ મિલિયન ડૉલર (૨૮.૧૩ કરોડ) ઇનામી રકમ આપવામાં આવશે. આ રકમ અત્યાર સુધીની સૌથી મોટી રકમ છે.
- વિશ્વ કપ ૨૦૧૯ની રનર્સઅપ ટીમને ૨ મિલિયન ડૉલર (૧૪.૬ કરોડ) ઇનામી રકમ આપવામાં આવશે.
- સેમિફાઇનલમાં રનર્સઅપ ટીમોને ૮ લાખ ડૉલર ઇનામી રકમ આપવામાં આવશે.
- આઇસીસી વર્લ્ડ કપ ૨૦૧૯નું આયોજન ઇંગ્લેન્ડ અને વેલ્સ ખાતે ૩૦ મે થી ૧૪ જુલાઇ સુધી થશે.
- વર્લ્ડ કપ ૨૦૧૯માં કુલ ૧૦ ટીમ ભાગ લઇ રહી છે. જેમના વચ્ચે કુલ ૪૮ વન ડે મેચ યોજાશે.

**આઇસીસી વર્લ્ડ કપ :**

- આઇસીસી વર્લ્ડ કપ વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની એક ચેમ્પિયનશીપ છે.
- વર્લ્ડ કપનું આયોજન દર ચાર વર્ષે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે.

- આઇસીસી વર્લ્ડ કપ દુનિયાની ત્રીજા ક્રમની સૌથી વધુ જોવાતી રમત સ્પર્ધા છે. જેમાં પ્રથમ ક્રમે રમત ફિફા વર્લ્ડ કપ છે જ્યારે બીજા ક્રમની ઓલમ્પિક છે.
- પ્રથમ વર્લ્ડ કપનું આયોજન વર્ષ ૧૯૭૫માં ઇંગ્લેન્ડ ખાતે થયું હતું.
- પ્રથમ ત્રણ વર્લ્ડ કપનું આયોજન ઇંગ્લેન્ડમાં થયું હતું. વર્ષ ૧૯૮૭ બાદ તેનું આયોજન દર ચાર વર્ષે અલગ અલગ દેશમાં કરવામાં આવે છે.

**વર્લ્ડ કપમાં ભારત :**

- ભારતે અત્યાર સુધી ૨ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં જીત મેળવી છે.
- ભારતે પ્રથમ વર્લ્ડ કપ ૧૯૮૩માં કપિલ દેવની કેપ્ટનશિપ સાથે વેસ્ટઇન્ડિઝને હરાવી જીત્યો હતો. તેની ફાઇનલ મેચનું આયોજન ઇંગ્લેન્ડના લંડન ખાતે થયું હતું.
- જ્યારે બીજી વખત ભારતે વર્ષ ૨૦૧૧માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપ સાથે શ્રીલંકાને હરાવી આ ટાઇટલ જીત્યું હતું. તેની ફાઇનલ મેચનું આયોજન ભારતના મુંબઇ ખાતે થયું હતું.
- ભારતમાં અત્યાર બે વખત વર્લ્ડ કપનું આયોજન થયું છે. (૧) વર્ષ ૧૯૮૭ (૨)વર્ષ ૨૦૧૧
- વર્ષ ૨૦૨૩માં યોજાનાર વર્લ્ડ કપનું આયોજન ભારતમાં કરવામાં આવશે.

**આઇસીસી (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)**

- આઇસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઇ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીરિલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
- બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) કરવામાં આવ્યું.
- આઇસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ ૧૦૫ દેશો આઇસીસીના સભ્યો છે.
- આઇસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી મનુ સાહની છે. આઇસીસીના ચેરમેન શશાંક મનોહર છે. તેનું મુખ્ય મથક – દુબઇ છે.

પ્રશ્નો

૧ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ કયાં થયો હતો ?
- મદ્રાસ પ્રાંતના અનંતપુરમાં

૨ નીલમ સંજીવ રેડ્ડી ૧૯૬૨માં કયાં રાજયના મુખ્યમંત્રી બન્યા હતા. ?
- આંધ્રપ્રદેશ

૩ **RBI** ની સ્થાપના ક્યારે થઈ હતી ?
- ૧ એપ્રિલ ૧૯૩૫

૪ સાસાકાવા એવોર્ડ-૨૦૧૯ના વિજેતા જણાવો ?
- પ્રમોદકુમાર મિશ્રા

૫ સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર જણાવો ?
- કામી રિતા

## 20.May 2019

**(૧) વિશ્વ મધમાખી દિવસ :**

- દર વર્ષે ૨૦ મેના રોજ વિશ્વ મધમાખી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મધમાખીના ઉછેર અને જાળવણી માટે આ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ એનટોન જનસાની જન્મજયંતી નિમિત્તે ઉજ્જવામાં આવે છે.
- તેમનો જન્મ વર્ષ ૧૭૩૪માં થયો હતો.
- તેઓએ ૧૮ મી સદીમાં મધમાખી ઉછેરની આધુનીક ટેકનિક વિકસાવી વિશ્વ સામે મૂકી હતી.
- મધમાખી ઉછેરને એપિકલ્ચર તરીકે ઓળખવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૧૭માં આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- મધમાખી વિજ્ઞાનના પિતા – હુબેર
- વર્ષ ૨૦૧૯ થીમ : "Save the Bees"

**(૨) ડિજિટલ ચુકવણી અંગેનો રિપોર્ટ – નંદન નિલેકણી સમિતિ :**

- ડિજિટલ પેમેન્ટની સુરક્ષા મજબુત કરવા રિઝર્વ બેન્ક દ્વારા સમિતિ બનાવવામાં આવેલ નિલેકણી સમિતિએ પોતાનો રિપોર્ટ આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસની સોંપ્યો.
- ચુકવણીના ડિજિટલાઇઝેશનને ઉત્તેજન આપવા અને નાણાકીય સમાવેશને વધારવા માટે ડિજિટલ ચુકવણીઓને ગતિશીલ બનાવવા પર આ કમિટીની રચના કરવામાં આવી હતી.
- સમિતિ ચુકવણીના ડિજિટાઇઝેશનની હાલની સ્થિતિની સમીક્ષા અને ઇકોસિસ્ટમમાં કોઇપણ અવરોધોને દૂર કરવાના પગલાં અંગે રિપોર્ટ બનાવ્યો છે.
- સમિતિના વડા પદે ઇન્ફોસીસના નંદન નિલેકણીની નિમણૂક કરાઇ હતી. તેઓ UIDAI ના ભૂતપૂર્વ ચેરમેન હતા.
- સમિતિના અન્ય ૫ સભ્યોમાં IIM અમદાવાદના ચીફ ઇનોવેશન ઓફિસર સંજય જૈનનો પણ સમાવેશ કરાયો હતો.

**(૩) MRSAM મિસાઇલનું સફળ પરીક્ષણ :**

- તાજેતરમાં ભારતીય નૌસેના દ્વારા MRSAM મિસાઇલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ પરીક્ષણ ભારતીય નૌસેના, રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) અને ઇઝરાયલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સાથે મળી કરવામાં આવ્યું છે.
- આ મિસાઇલ ડીઆરડીઓ અને ઈઝરાયલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
- આ મિસાઇલનું નિર્માણ ભારત ડાયનામિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- આ મિસાઇલ હવા, સમુદ્ર અને જમીન ત્રણેય ક્ષેત્રે કાર્ય કરી શકે છે.
- આ મિસાઇલમાં ડિજિટલ રડાર, કમાન્ડ એન્ડ કંટ્રોલ, લોંચર અને ઇંટરસેપ્ટર્સ જેગવા ઉપકરણો જોડવામાં આવ્યા છે.
- આ મિસાઇલનું નિર્માણ માટે ફેબ્રુઆરી ૨૦૧૯માં ઇઝરાયલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝ અને ભારતીય નૌસેના વચ્ચે કરાર થયા હતા.

**ભારતીય નૌસેના :**

- દેશની સમુદ્ર સીમાઓની સુરક્ષા નૌસેના દ્વારા કરવામાં આવે છે. ભારતીય નૌસેનાની સ્થાપના વર્ષ ૧૬૧૨માં થઈ હતી.
- મહાન મરાઠા શાસક છત્રપતિ શિવાજીને ભારતીય નૌસેનાના પિતા કહેવામાં આવે છે.

- ભારતીય નૌસેનાનું આદર્શ વાક્ય (મોટો) શં નો વરુણઃ' છે.
- ભારતના રાષ્ટ્રપતિ ભારતીય નૌકાદળ સુપ્રીમ કમાન્ડર હોય છે.
- ભારતીય નૌસેના દિવસ – ૪ ડિસેમ્બર

**(૪) ભારતે અફઘાનિસ્તાનને બે Mi-24 હેલિકોપ્ટર સોપ્યા :**

- તાજેતરમાં ભારતે અફઘાનિસ્તાનને બે Mi-24 હેલિકોપ્ટર સોપ્યા.
- આ હેલિકોપ્ટર અફઘાનિસ્તાન ખાતેના ભારતીય એમ્બેસેડર વિનય કુમારે અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય રક્ષા મંત્રી બ્રેડ એડમ્સને સોપ્યા.
- ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે વર્ષ ૨૦૧૮માં થયેલ ત્રિપક્ષીય કરાર અનુસાર ભારતએ બેલારૂસથી ચાર અટેક હેલિકોપ્ટર ખરીદી અફઘાનિસ્તાનને સોપવાના હતા.
- અગાઉ ભારતે વર્ષ ૨૦૧૬માં અફઘાનિસ્તાનને ચાર Mi-24 હેલિકોપ્ટર અને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા નિર્મિત ચિંતા યુટિલિટી હેલિકોપ્ટર ભેટ આપ્યા હતા.
- Mi-24 હેલિકોપ્ટર એક વિશાળ ગનશીપ છે તેનો ઉપયોગ અટેક સમયે અને સૈન્ય પરિવહન માટે કરવામાં આવે છે.
- Mi-24 હેલિકોપ્ટરને સૌ પ્રથમ વખત વર્ષ ૧૯૭૨ માં સોવિયત સંઘ એર ફોર્સમાં જોડવામાં આવ્યા હતા.
- હાલ વિશ્વના ૩૦ થી વધુ દેશો Mi-24 હેલિકોપ્ટરનો ઉપયોગ કરે છે. ભારત પાસે હાલ ૧૭ Mi-24 હેલિકોપ્ટર છે.
- અફઘાનિસ્તાન :
  રાષ્ટ્રપતિ – અશરફ ઘની
  પ્રધાનમંત્રી – અબ્દુલ રર્શિદ દોસ્તમ
  રાજધાની – કાબુલ

**(૫) ત્રિશુર પુરમ ઉત્સવ – કેરળ :**

- તાજેતરમાં કેરળ ત્રિશુર ખાતે આવેલ વડકકુમનાથન મંદિર ખાતે ત્રિશુર પુરમ ઉત્સવનું આયોજન થયું હતું.
- આ ઉત્સવનો પ્રારંભ તેચિક્કોટ્ટૂકવૂ રામચંદ્ર નામના હાથી દ્વારા પરંપરાગત રીતે મંદિરના દ્વારા ખોલી કરવામાં આવ્યો હતો.
- આ ઉત્સવનું આયોજન દર વર્ષે માલિયાલી કેલેન્ડરના મેડમ માસના પુરમ નક્ષત્રમાં કરવામાં આવે છે.

**(૬) વિશ્વ મેટ્રોલોજિ દિવસ – ૨૦ મે :**

- દર વર્ષે ૨૦ મેના રોજ વિશ્વ મેટ્રોલોજિ દિવસ મનાવવામાં આવે છે.
- ૨૦ મે ૧૮૭૫ના રોજ ૧૭ દેશોના પ્રતિનિધિઓએ મીટર કન્વેનશનલ સભા દરમ્યાન કન્વેન્શન પર હસ્તાક્ષર કર્યા હતા. તેની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે.
- વિશ્વ મેટ્રોલોજિ દિવસની ઉજવણી BIPM) the international bureau weights and measures) અને OIML (organization of legal metrology)
- વર્ષ ૨૦૧૯ ની થીમ : The International System of Units - Fundamentally batter.

પ્રશ્નો

૧ વિશ્વ મધમાખી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૦ મે

૨ મધમાખી વિજ્ઞાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
- હુબેર

૩ અફઘાનિસ્તાનની રાજધાની જણાવો ?
- કાબુલ

૪ ત્રિશુર પુરમ ઉત્સવ કયાં રાજ્યમાં ઉજવાય છે ?
- કેરળ

૫ વિશ્વ મેટ્રોલોજિ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૦ મે

## 21.May 2019

**(૧) ફિફા :**

- ૨૦ મે ૧૯૦૪ના રોજ ફિફાની સ્થાપના ફ્રાંસના પેરિસ ખાતે થઇ હતી.
- પુરૂનામ : International Federation of Association Football
- ફિફા ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સંચાલન કરે છે.
- ફિફાનું આદર્શ વાક્ય –For the game, for the world છે.
- મુખ્યાલય : જ્યુરીચ સ્વીટ્ઝર્લેન્ડ
- વર્તમાન પ્રમુખ : ગીઆની ઈન્ફાનિટો

**(૨) ભારત અને સિંગાપુર વચ્ચે નૌસેના અભ્યાસ : SIMBEX19**

- ભારત અને સિંગાપુર વચ્ચે SIMBEX19 નૌસેના અભ્યાસનું કરવામાં આવ્યું.
- આ અભ્યાસનું આયોજન દક્ષિણ ચીન સાગર ખાતે કરવામાં આવ્યું છે.
- આ અભ્યાસનો ઉદ્દેશ્ય ભારત અને સિંગાપુરના સમુદ્રી. આર્થિક અને સાંસ્કૃતિક પ્રવૃતિ દ્વારા મૈત્રીપુર્ણ સંબંધને મજબૂત કરવાનો છે.
- આ અભ્યાસ બે તબક્કામાં કરવામાં આવ્યો છે પ્રથમ તબક્કાનું આયોજન ૧૬ મે ૧૮ મે દરમ્યાન બંદરો પર કરવામાં આવ્યું જેમાં સિમ્યુલેટર બેસ્ટ યુદ્ધ પ્રશિક્ષણ અને આઇએનએસ કોલકત્તા ખાતે રમત સ્પર્ધાનું આયોજન થયું હતું.
- બીજા તબક્કાનું આયોજન સમુદ્રમાં ૧૯ મે થી ૨૨ મે વચ્ચે કરવામાં આવ્યું છે.

SIMBEX

- SIMBEX - Singapore India Maritime Bilateral Exercise
- SIMBEXનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.
- તેની શરૂઆત વર્ષ ૧૯૯૩માં કરવામાં આવી હતી.
- સિંગાપુર :
  રાષ્ટ્રપતિ : હલીમાહ યાકુબ
  પ્રધાનમંત્રી : લી હિસયમ લંગ
  રાજધાની : સિંગાપુર (સિટી)

**(૩) ૬ રાજ્યોમાં પાણીની અછત કેન્દ્ર દ્વારા એડવાઇઝરી :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૬ રાજ્યોમાં પાણીની અછત સંબંધી એડવાઇઝરી ' જાહેર કરવામાં આવી.
- દેશના ૬ રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે.
- કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એડવાઇઝરી મુજબ રાજ્યોએ પાણીના બિનજરૂરી ઉપયોગને ટાળવાનો આદેશ આપ્યો છે.

- રાજ્યના જળાશયો જળ સ્તર છેલ્લા ૧૦ વર્ષ કરતાં ૨૦% ઓછા હોય તેવા સમયે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય માટે એડવાઇઝરી જાહેર કરવામાં આવે છે.
- એડવાઇઝરી જાહેર કરવાનું કાર્ય કેન્દ્રીય જળ આયોગ, કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ,મંત્રાલય અંતર્ગત કરવામાં આવે છે.
- જળ સંપતિ ભારતીય બંધારણની રાજ્યસૂચિ અંતર્ગત આવે છે

**(૪) આતંકવાદ વિરોધી દિવસ : ૨૧ મે :**

- દર વર્ષે ૨૧ મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ હિંસા અને આતંકવાદનો વિરોધ કરવા અને તેના વિશે જાગરૂકતા લાવવાના ઉદ્દેશ્યથી મનાવવા આવે છે.
- આ દિવસ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની પૂણ્યતિથિ નીમિત્તે મનાવવામાં આવે છે.
- ૨૧ મે ૧૯૯૧ના રોજ તમિલનાડુના ખાતે પેરામ્બુદૂર ખાતે ચુંટણી પ્રચાર દરમ્યાન લીબ્રેશન ઓફ ટાઇગર્સ ઓફ તામિલ ઇલમ (એલટીટીઇ)ના સભ્યો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.
- રાજીવ ગાંધી સ્વતંત્ર ભારતના છઠ્ઠા અને વ્યક્તિગત રીતે સાતમાં પ્રધાનમંત્રી છે.
- તેમનું પુરુનામ રાજીવરતન ગાંધી હતું. તેમના લગ્ન એડિવજ એન્ટોનિયા અલ્બના માઇને (સોનિયા ગાંધી) સાથે થયા હતા.
- વર્ષ ૧૯૯૧માં તેમને મરણોત્તર ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- દેશનો રમત ગમતણો સર્વોચ્ચ પુરસ્કાર રાજીવ ગાંધી ખેલરત્ન તેમની યાદમાં આપવામાં આવે છે. પ્રથમ રાજીવ ગાંધી ખેલરન પુરસ્કાર વિજેતા વિશ્વનાથ આનંદ છે.
- તેમની સમાધિનું નામ વીરભુમિ છે.

પ્રશ્નો

૧ ફિફાની સ્થાપના ક્યા અને ક્યારે થઇ હતી ?
- ૨૦ મે ૧૯૦૪, ફ્રાંસ અને પેરિસ

૨ જળ સંપતિ ભારતીય બંધારણની કઇ સુચિ અંતર્ગત આવે છે ?
- રાજ્યસુચિ

૩ **SIMBEX-19** નું આયોજન કયા બે દેશો વચ્ચે થયું ?
- ભારત અને સિંગાપુર

૪ સિંગાપુરની રાજધાની જણાવો ?
- સિંગાપુર (સીટી)

૫ આતંકવાદ વિરોધી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૧ મે

## 22.May 2019

**(૧) રાજા રામમોહન રાય – જન્મજયંતિ :**

- સમાજસુધારક અને આધુનિક ભારતના પિતા તરીકે ઓળખાતા રાજા રામમોહનરાયની આજે જન્મજયંતિ :
- રાજા રામમોહનરાયનો જન્મ ૨૨ મે ૧૭૭૨ના રોજ બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ખાતે થયો હતો.
- તેમણે સતીપ્રથા, બાળલગ્ન, જ્ઞાતિપ્રથા, બાળકીને દૂધપીતી કરવાની પ્રથમ જેવા કુરિવાજોનો વિરોધ કર્યો હતો.
- તેમણે સતીપ્રથા વિરુદ્ધ કરેલ ચળવળ બાદ વર્ષ ૧૮૨૯માં અંગ્રેજ ગવર્નર વિલિયમ બેન્ટિક દ્વારા સતીપ્રથા પર પ્રતીબંધ મૂક્યો હતો.
- વર્ષ ૧૮૨૧માં બંગાળી ભાષામાં 'સંવાદ- કૌમુદી' અમે વર્ષ ૧૮૨૨માં ફારસી ભાષામા 'મિરાત – ઉલ- અખબાર' નામનાં સમાચાર પત્રો શરૂ કર્યા હતા.
- વર્ષ ૧૮૨૮માં તેમણે બ્રહ્મોસમાજ' ની સ્થાપના કરી હતી.
- તેમણે કોલકત્તા ખાતે હિન્દુ કોલેજની સ્થાપના કરી હતી.
- દિલ્લીના મુઘલ બાદશાહ બહાદુરશાહે તેમને 'રાજા' ની પદવી આપી હતી.
- ૨૭ સપ્ટેમ્બર ૧૮૩૩ના રોજ ઇંગ્લેન્ડના બ્રિસ્ટોલ ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૨) કામી રીતાએ ૨૪મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો :**

- તાજેતરમાં નેપાળમાં શેરપા કામી રીતાએ ૨૪ મી વખત વિશ્વનો સૌથી ઊંચો પર્વત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો.
- આ સાથે જ તેઓ પોતાનો જ રેકોર્ડ તોડી ફરી એક વખત સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વ્યક્તિ બન્યા.
- કામી રીતા નેપાળના સોલુખુમ્બુ જિલ્લાના વતની છછે.
- તેમણે વર્ષ ૧૯૯૪માં પ્રથમ વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.
- તેઓ વર્ષ ૨૦૧૭માં ૨૧ મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ત્રીજા વ્યક્તિ બન્યા હતા. અગાઉ કુરબા તાશી શરેપા અને અપા શેરપાએ ૨૧ વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો.
- વર્ષ ૨૦૧૮માં શેરપા કામી રોતા ૨૨ મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરવાની સાથે જ સૌથી વધુ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વ્યક્તિ બન્યા હતા.
- ૧૫ મે ૨૦૧૯ના રોજ તેઓ આ શિખર પર ૨૩મી વખત પહોંચ્યા હતા.

**માઉન્ટ એવરેસ્ટ :**

- હિમાલય પર્વતમાળા પર આવેલ માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો પર્વત છે.
- તેની ઊંચાઇ ૨૯૦૦૨ ફૂટ (૮૯૪૦ મીટર) છે.
- તે નેપાળમાં આવેલ છે. ત્યાંના સ્થાનિક લોકો તેને સાગરમથ્થા નામથી ઓળખે છે. તેનું ચીની નામ ચોમોલુંમ્મા છે.
- પ્રથમ વખત વર્ષ ૧૯૫૩માં એડમન્ડ હિલેરી અને તેનસિંગ દ્વારા માઉન્ટ એવરેસ્ટ સર કરવામાં આવ્યો હતો.
- સૌ પ્રથમ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ભારતીય બેચેન્દ્ર પાલ છે.

**(૩) જોકો વિડોડો – ઇન્ડોનેશિયા :**

- તાજેતરમાં જોકો વિડોડો બીજી વખત ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.
- તેમણે રાષ્ટ્રપતિ પદ માટે યોજાયેલ ચૂંટણીમાં ૫૫.૫% મત મેળવ્યા હતા.
- તેઓ અગાઉ ૨૦ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ પ્રથમ વખત રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ઇન્ડોનેશિયા દક્ષિણ પૂર્વ એશિયામાં આવેલ વિશ્વનો સૌથી મોટો દ્વીપ દેશ છે.
- ઇન્ડોનેશિયાની રાજધાની જકાર્તા છે.

**(૪) વયો શ્રેષ્ઠ સન્માન – ૨૦૧૯ :**

- કેન્દ્ર સરકારના સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા વયોશ્રેષ્ઠ સન્માન ૨૦૧૯ માટેના નામો મંગાવ્યા.
- વયોશ્રેષ્ઠ સન્માન વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતું રાષ્ટ્રીય સનમાન છે.

Vivekanand Academy Gandhinagar

- સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા આ સન્માન વ્યક્તિગત કે સંસ્થાઓને આપવામાં આવે છે.
- આ સન્માન ૧૩ કેટેગરીમાં આપવામાં આવે છે.
- આ સન્માન સામાન્ય રીતે ૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય વૃદ્ધજન દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ હસ્તે એનાયત કરવામાં આવે છે.

**(૫) આવકની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી કંપની – રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ કુલ આવકની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી કંપની બની.
- સરકારી માલીકીની ફયુઅલ રિફાઇનરી કંપની ઈનડિયન ઓઇલ કોર્પોરેશનને પાછળ રાખી દેશની સૌથી મોટી રિફાઇનરી કંપની બની ગઈ છે.
- કોર્પોરેશને માર્ચમાં પૂર્ણ થયેલા વર્ષમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રલીઝની આવક ૬.૨૩ ટ્રિલિયન રૂપિયા હતી.
- જ્યારે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને માર્ચમાં પૂર્ણ થયેલા વર્ષમાં ૬.૧૭ ટ્રિલિયન રૂપિયાનું વેચાણ કર્યું.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ હાલ પેટ્રોલિયમ ટેલિકોમ, કાપડ જેવા ક્ષેત્રમાં કાર્ય કરે છે.
- રિલાયનસ ઇન્ડસ્ટ્રી લિમિટેડ
  ચેરમેન – મુકેશ અંબાણી
  સ્થાપના : વર્ષ ૧૯૬૬
  સ્થાપક : ધીરૂભાઇ અંબાણી
  મુખ્યાલય : મુંબઇ

**(૬) સર્વોચ્ચ અદાલતે ૧૦૦% VVPATની સરખામણી અંગેની અરજી રદ કરી.**

- તાજેતરમાં ૨૧ વિપક્ષ દળોએ સાથે મળી સર્વોચ્ચ અદલાતમાં VVPAT ની તમામ કાપલીને EVM સાથે સરખાવવાની માંગણી કરતી અરજી કરી હતી.
- ૨૧ વિપક્ષ દળોનું નેતૃત્વ ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરવામાં આવ્યું હતું.
- થોડા સમય અગાઉ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને પ્રત્યેક વિધાનસભા દીઠ પાંચ પોલિંગ બૂથના EVM અને VVPAT ના આંકડાઓની સરખામણી કરવા આદેશ આપ્યો હતો.
- અગાઉ એક વિધાનસભા દીઠ એક જ પોલિંગ બૂથના .. EVM અને VVPAT ના આંકડાઓ સરખાવવામાં આવતા હતા.
- EVM- Electronic Voting Machines

VVPAT :

- Voter Verified Paper Audit Trail
- VVPAT ડિવાઇઝથી મતદાતાએ જે ઉમેદવારને મત આપ્યો છે તેનું ચૂંટણી ચિન્હ મતદાતાને કાપલી પર જોવા મળે છે.
- આ કાપલી VVPAT મશીનની અંદરથી ૭ સેકન્ડ માટે જોવા મળે છે.
- VVPATનો સૌપ્રથમ વખત ઉપયોગ સપ્ટેમ્બર ૨૦૧૩માં નાગાલેન્ડના ત્વેનસાંગમાં નોકસેન વિધાનસભા ચૂંટણી વિસ્તારમાં થયો હતો.
- મશીન ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ઇલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

પ્રશ્નો

૧ પ્રથમ રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર વિજેતા જણાવો ?
- વિશ્વનાથ આનંદ

૨ રાજા રામમોહનરાયનો જન્મ કયાં થયો હતો ?
- બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર

૩ રાજા રામમોહનરાયે 'બ્રહ્મોસમાજ' ની સ્થાપના ક્યારે કરી ?
- ૧૮૨૮

૪ કામી રિતાએ કેટલી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો ?
- ૨૪ વખત

૫ ઈન્ડોનેશિયાના નવા રાષ્ટ્રપતિ જણાવો ?
- જોકો વિડોડો

૬ VVPAT નું પુરૂનામ જણાવો ?
- Voter Verified Paper Audit Trail

## 23.May 2019

**(૧) RISAT ઉપગ્રહ – ઇસરો**

- ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO) એ રડાર ઇમેજ સેટેલાઇટ RISAT-2B લોન્ચ કર્યો.
- ઇસરોએ આ ઉપગ્રહ આંધ્રપ્રદેશના હરિકોટા ખાતે આવેલ સતિશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી લોન્ચ કરવામાં આવ્યો.
- આ ઉપગ્રહ દિવસ અને રાત્રીના સમયે પૃથ્વીના હાઇ રીઝોલ્યુશન ફોટો લઇ શકવા સક્ષમ છે.
- RISAT-2B એક જાસૂસી ઉપગ્રહ છે. આ ઉપગ્રહ દેશની સુરક્ષા ક્ષેત્રે મહત્વપૂર્ણ સેવા આપશે.
- આ ઉપગ્રહને PSLV-C46 રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યો છે.
- તેને પૃથ્વીથી ૫૫૫ કિમી ઉપરની ભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યો છે.
- PSLV-C46 રોકેટ PSLVરોકેટનું રીયુઝેબલ સંસ્કરણ છે.
- RISAT ઉપગ્રહ શ્રેણીના RISAT-2 અને RISAT-1 ને અગાઉ ઇસરો દ્વારા અંતરિક્ષમાં મોકલવામાં આવ્યા છે.

**ઇસરો :**

- ઇસરો – ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
- ઇસરોની સ્થાપના વર્ષ ૧૯૬૯માં કરવામાં આવી હતી.
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- મુખ્યાલય : બેંગ્લોર
- વર્તમાન ડાયરેક્ટર : કે. સીવાન

**(૨) ભાવના કંઠ – વાયુસેનાની પ્રથમ મહિલા ઓપરેશન પાયલોટ :**

- ફ્લાઇટ લેફ્ટનેંટ ભાવના કંઠ ભારતીય વાયુસેનાની પ્રથમ મહિલા ઓપરેશનલ ફાઇટર પાયલોટ બની.
- તેમણે હાલમાં ટ્રેનીંગ પૂરી કરી આ સિદ્ધી પ્રાપ્ત કરી.
- ભાવના કંઠ ભારતીય વાયુસેનામાં સામેલ થનાર મહિલાઓની પ્રથમ બેચની સદસ્ય છે.
- તેઓ હાલ રાજસ્થાન ખાતે પાકિસ્તાન સાથેની સીમમાં તેનાત છે.
- ભાવના કંઠ બિહાર રાજ્યની વતની છે.
- તેઓ વર્ષ ૨૦૧૬માં ભારતીય વાયુસેનામાં પ્રશિક્ષણ માટે જોડાયા હતા.
- તે નવેમ્બર ૨૦૧૭માં ફાઇટર પાયલોટ તરીકે વાયુસેનામાં જોડાઇ હતી.

**(૩) શહીદ જિતેન્દ્રકુમારને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડેગ હૈમર્સકોલ્ડ મેડલ :**
- ભારતીય પોલીસ અધિકારી જિતેન્દ્ર કુમારને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મરણોપરાંત ડેગ હૈમર્સકોલ્ડ મેડલથી સન્માનીત કરવામાં આવશે.
- તેમના વતી આ સન્માન સંયુક્ત રાષ્ટ્ર ખાતે ભારતના સ્થાયી રાજદૂત સૈયદ અકબરૂદ્દીન ગ્રહણ કરશે.
- પોલીસ અધિકારી જિતેન્દ્રકુમાર સંયુક્ત રાષ્ટ્ર મિશન અંતર્ગત કાંગો ખાતે ફરજ બજાવતા હતા.
- તેમનું નીધન એરલાઇન્સ ક્રેશ થવાથી જાન્યુઆરી ૨૦૧૯માં કાંગો ખાતે થયું હતું.
- થોડા સમય અગાઉ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ભારતના શહીદ અધિકારી જિતેન્દ્રકુમાર અને શિખા ગર્ગને સન્માનીત કરવામાં આવ્યા.
- ભારત વિશ્વભરમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશન અંતર્ગત અધિકારીઓ અને સૈનીકોને મોકલનાર ચોથા ક્રમનો સૌથી મોટો દેશ છે.
- સંયુક્ત રાષ્ટ્ર :
- સ્થાપના : ૨૪ ઓક્ટોબર ૧૯૪૫
- સભ્ય દેશો : ૧૯૩ (સ્થાપના સમયે ૫૧ સભ્યો)
- સત્તાવાર ભાષા : – અરેબિક, ચાઇનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ
- મુખ્યમથક– ન્યુયોર્ક

**(૪) માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ગુજરાતી મહિલા :**
- તાજેતરમાં સુરતની અદિતિ વૈધ અને અનુજા વૈધે માઉન્ટ એવરેસ્ટ સર કર્યો.
- તેઓ બંને માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ગુજરાતની પ્રથમ મહિલા બની.
- તેમણે પોતાની ચડાયની શરૂઆત બેઝકેમ્પથી ૩૦ માર્ચના રોજ કરી હતી.
- તેમની સાથે તેમની ટીમમાં ૧૪ વિદેશીઓ સાથે અન્ય લોકો સામેલ હતા.

**(૫) પ્રિયંકા મોહિતે – માઉન્ટ મકાલું શિખર સર કરનાર પ્રથમ ભારતી મહિલા :**
- તાજેતરમાં મહારાષ્ટ્રની પ્રિયંકા મોહિતેએ વિશ્વનો પાંચમા ક્રમે સૌથી ઊંચા શિખર માઉન્ટ મકાલું સર કર્યું.
- તે માઉન્ટ મકાલું સર કરનાર પ્રથમ ભારતીય મહિલા બની છે.
- માઉન્ટ મકાલુની ઊંચાઇ ૮૪૮૧ મીટર છે.
- માઉન્ટ મકાલુ નેપાળ અને ચીન સરહદ પર આવેલ છે તે ચીનમાં મકારું નામે ઓળખાય છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સૌથી ઊંચુ શિખર છે.
  જ્યારે કે–૨ અને કાંચનજંઘા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. લ્હોત્સે ચોથા ક્રમનું વિશ્વનું સૌથી ઊંચું શિખર છે.
- પ્રિયંકા મોહિતે દ્વારા અગાઉ લ્હોત્સે અને માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યું છે.

**(૬) જોખા અલ્હાર્થી – મેન બુકર્સ ઇન્ટરનેશનલ પ્રાઇઝ – ૨૦૧૯**
- ઓમાન દેશના મહિલા લેખક જોખા અલ્હાર્થીએ તાજેતરમાં વર્ષ ૨૦૧૯નો મેન બુકર્સ ઇન્ટરનેશનલ પ્રાઇઝ જીત્યો.
- તેમને આ સન્માન તેમની નવલકથા ‘સેલેશિયસ બોડીઝ’ માટે એનાયત કરવામાં આવ્યું છે.
- જોખા અલ્હાર્થી આ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ અરબી ભાષાના લેખક બન્યા છે.
- ‘સેલેશિયસ બૉડિઝ’ નું અંગ્રેજી અનુવાદ મેરેલીન બૂથ દ્વારા કરવામાં આવ્યું છે.
- આ સન્માન અંગ્રેજી ભાષામાં અનુવાદિત સર્વશ્રેષ્ઠ પુસ્તકને આપવામાં આવે છે.
- સન્માન સાથે વિજેતાને ૫૦૦૦૦ પાઉન્ડ ઇનામી રકમ આપવામાં આવે છે.

**(૭) મુઇનુલ હક – ભારત ખાતે પાકિસ્તાનના નવા ઉચ્ચાયુક્ત :**
- તાજેતરમાં પાકિસ્તાનના મુઇનુલ હકને ભારત ખાતે ઉચ્ચાયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ હાલ ફ્રાંસ ખાતે પાકિસ્તાનના એમ્બેસેડર તરીકે ફરજ બજાવે છે.
- તેઓ સોહેલ મહમુદનું સ્થાન લેશે.

**(૮) નિકી લૌદા – નિધન :**
- તાજેતરમાં ફોર્મ્યુલા વન રેસના દિગ્ગજ ચેમ્પિયન નિકી લૌદાનું ૨૦ મે ૨૦૧૯ના રોજ ઓસ્ટ્રેલીયાના વિએના ખાતે નિધન થયું.
- તેઓ ફોર્મ્યુલા વન રેસના ડ્રાઇવર હતા.
- તેઓ ત્રણ વખત ફોર્મ્યુલા વનના ચેમ્પિયન બન્યા હતા.
- વર્ષ ૧૯૭૫ અને વર્ષ ૧૯૭૭માં તેઓ ફેરારી અને વર્ષ ૧૯૮૪માં તેઓ મૈકલરિન તરફથી ફોર્મ્યુલા વન રેસનો ખિતાબ જિત્યો હતો.

પ્રશ્નો

૧ RISAT-2B ઉપગ્રહ કયા ક્ષેત્રે સેવા આપશે ?
- સુરક્ષા ક્ષેત્રે

૨ વાયુસેનાની પ્રથમ મહિલા ઓપરેશનલ પાયલોટ જણાવો ?
- ભાવના કંઠ

૩ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડેગ હૈમસંકોલ્ડ મેડલ કોને એનાયત કરશે ?
- શહિદ જિતેન્દ્ર કુમાર

૪ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ગુજરાતી મહિલા જણાવો ?
- અદિતિ વૈધ અને અનુજા વૈધ

૫ માઉન્ટ મકાલુ શિખર સર કરનાર પ્રથમ ભારતીય મહિલા જણાવો ?
- પ્રિયંકા મોહિતે

૬ માઉન્ટ મકાલુની ઉંચાઇ જણાવો ?
- ૮૪૮૧

૭ મેન બુકર્સ ઇન્ટરનેશનલ પ્રાઇઝ-૨૦૧૯ વિજેતા જણાવો ?
- જોખા અલ્હાર્થી

## 24.May 2019

**(૧) બ્રહ્મોસ મિસાઇલના હવાઇ વર્ઝનનું પરીક્ષણ :**
- તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા બ્રહ્મોસ મિસાઈલના હવાઇ વર્ઝનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ પરીક્ષણ Su-30 MKI એરક્રાફ્ટની મદદથી કરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ માટે ભારતીય વાયુસેના, રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) અને બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સાથે મળી કાર્ય કરવામાં આવ્યું હતું.
- આ મિસાઈલનું વજન ૨.૫ ટન છે.
- આ મિસાઇલનું પ્રથમ પરીક્ષણ વર્ષ ૨૦૧૭માં કરવામાં આવ્યું હતું.

**બ્રહ્મોસ મિસાઇલ :**
- બ્રહ્મોસ મધ્યમ રેન્જની સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ છે.

- તેનો ઉપયોગ સબમરીન, સમુદ્રી જહાજ, લડાકુ વિમાન અને જમીન પરથી કરવામાં આવે છે.
- આ મિસાઇલ રશિયાની NPO અને ભારતની ડીઆરડીઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે.
- આ મિસાઇલનું નામ ભારતની બ્રહ્મપુત્ર નદી અને રશિયાની મોસ્કવા નદી પરથી રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઈલને નવેમ્બર ૨૦૦૬માં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.

**(૨) વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન – અર્જેન્ટીના અને અલ્જિરીયા મલેરિયા મુક્ત :**

- તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા આર્જેટીના અને અલ્જિરીયાને મલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યા.
- દર વર્ષે મેલેરિયા રોગના લીધે આફ્રિકા અને એશિયા ખંડના લાખો લોકો મૃત્યુ પામે છે.
- આફ્રિકાના દેશોમાં મલેરિયાથી સૌથી વધુ મોત થાય છે.
- દર વર્ષે અહી અઢી લાખ બાળકો આ બીમારીનો ભોગ બને છે.
- ડબલ્યુએચઓનું અનુમાન છે કે દક્ષિણ પૂર્વ એશિયાના કુલ કેસમાંથી ૮૯ ટકા કેસ માત્ર ભારતના હોય છે.
- ૫ વર્ષથી નીચેની વયના બાળકોમ ાટે આ બીમારીનું જોખમ સૌથી વધુ હોય છે.
- મેલેરિયાની રસી આ રોગનો સામનો કરવામાં અકસીર પુરવાર થશે તેમ મનાય છે.
- મલેરિયા ઇનોફિલ્સ નામના માદા મચ્છરના ડંખવાથી થતો રોગ છે.
- દર વર્ષે ૨૫ એપ્રિલના રોજ વિશ્વભરમાં મેલેરિયા દિવસ મનાવવામાં આવે છે.

**વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન –**

- Wordl Health Organization
- સ્થાપના – ૭ એપ્રિલ ૧૯૪૮
- મુખ્યાલય – જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ

**(૩) શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન – કિર્ગિસ્તાન**

- તાજેતરમાં કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક ખાતે શાંઘાઇ કો – ઓપરેશન ઓર્ગેનાઇઝેશનની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારત વતી આ બેઠકમાં વિદેશમંત્રી સુષમા સ્વરાજે માં ભાગ લીધો હતો.
- વર્ષ ૨૦૧૮માં આ બેઠકનું આયોજન ચીનમાં થયું હતું.
- શાંઘાઇ કો– ઓપ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના ૨૦૦૧માં થઇ હતી.
- તેનો હેતુ સરહદોનો વિવાદ ઉકેલવો, આતંક વિરુદ્ધ લડાઇ અને પ્રાદેશિક સુરક્ષા વધારવાનો છે.
- ભારત, ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને પાકિસ્તાન તેના સભ્યો છે.
- ભારત અને પાકિસ્તાન ૨૦૧૭માં તેના સભ્ય બન્યા હતા.

**(૪) શ્યામ સરન– જાપાનનો બીજો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર :**

- તાજેતરમાં ભારતના રાજદૂત શ્યામ સરનને જાપાનના બીજા ક્રમના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ રાઇઝિંગ સન ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' થી સન્માનીત કરવામાં આવશે.
- તેમને આ સન્માન સ્પ્રિંગ ઇંપિરિયલ ડેકોરેશન્સ ૨૦૧૯ દરમ્યાન એનાયત કરવામાં આવશે.
- તેમને આ સન્માન ભારત અને જાપાનના સંબંધો મજબૂત કરવામાં માટેકક આપવામાં આવ્યું છે.
- તેઓ વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૬ દરમ્યાન ભારતના ર૬માં વિદેશ સચિવ તરીકે ફરજ બજાવતા હતા.
- વર્ષ ૧૯૮૮માં જાપાન ખાતે આયોજિત 'ઇન્ડિયા ફેસ્ટિવલ' સમયે તેઓ જાપાન ખાતે ભારતના વાઇસ ચીફ તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓ વર્ષ ૧૯૭૦માં ભારતીય વિદેશ સેવામાં જોડાયા હતા.
- તેમને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં પદ્મભુષણથી સન્માનીત કરવાં આવ્યા હતા.

**(૫) ગોપાલ શ્રેષ્ઠે – માઉન્ટ એવરેસ્ટ સર કરનાર એચઆઇવી સંક્રમિત :**

- તાજેતરમાં નેપાળના ગોપાલ શ્રેષ્ઠે વિશ્વનું સૌથી ઊંચુ શિખર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું.
- આ સાથે જ તેઓ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ એચઆઇવી સંક્રમિત વ્યક્તિ બન્યા.

પ્રશ્નો

૧ બ્રહ્મોસ મિસાઈલના હવાઈ વર્ઝનનું પરિક્ષણ ક્યાં એરક્રાફટથી કરવામાં આવ્યું છે ?
- **Su-30 MKI**

૨. બ્રહ્મોસ મિસાઈલનું નામ કઈ બે નદી પરથી રાખવામાં આવ્યું છે ?
- બ્રહ્મપુત્ર નદી, મોસ્કવા નદી

૩ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન મુજબ કયા બે દેશ તાજેતરમાં મેલેરિયા મુક્ત થયા છે ?
- અર્જેટીના અને અલ્ઝરીયા

૪ મેલેરિયા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૫ એપ્રિલ

૫ મેલેરીયા કયા મચ્છરના કરડવાથી થાય છે ?
- માદા એનોફિલિસ

૬ કિર્ગિસ્તાનની રાજધાની જણાવો ?
- બિશ્કેક

૭ શ્યામ સરને તાજેતરમાં કયો એવોર્ડ એનાયત થયો ?
- ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર

૮ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર **HIV** સંક્રમિત પ્રથમ વ્યક્તિ જણાવો ?
- ગોપાલ શ્રેષ્ઠે

## LOKSABHA ELECTION-2019

**(૧) લોકસભા ચૂંટણી –૨૦૧૯ – જનાદેશ :**

- ૨૩ મે ૨૦૧૯ના રોજ ૧૭ મી લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા.
- ૧૭ મી લોકસભા ચૂંટણીમાં હાલ સુધીનું સૌથી વધુ ૬૭.૧% મતદાન થયું છે જેણે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીનો રેકોર્ડ તોડ્યો છે. ૨૦૧૪માં ૬૬.૪% મતદાન થયું હતું.
- ૧૭ મી લોકસભા ચૂંટણીમાં ૫૪૨ બેઠકો માટે ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી ૭ તબક્કામાં મતદાન યોજાયું હતું.
- ચૂંટણી પંચ દ્વારા મત ગણતરી માટે દેશભરમાં ૪૦૦૦ થી વધુ મતગણતરી કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા.
- આ લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત તમામ ઇવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યું હતું.

- લોકસભા સંસદનું પ્રથમ અને નીચલું ગૃહ છે. લોકસભાની રચના અંગેની જોગવાઇ બંધારણના અનુચ્છેદ – ૮૧ માં કરવામાં આવેલ છે.
- લોકસભામાં સભ્ય બનવા માટેની લઘુત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ છે.
- હાલ લોકસભાની સભ્ય સંખ્યા ૫૪૫ છે જેમાંથી ૨ સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે જે એંગ્લો ઇંડિયન સભ્ય હોય છે. બાકીની ૫૪૩ બેઠકો માટેના સભ્યોની પ્રત્યક્ષ રીતે ચૂંટણી કરવામાં આવે છે.
- ચૂંટણીપંચ દ્વારા ૫૪૨ બેઠકોનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. (ચૂંટણી પંચ દ્વારા વેલ્લોર બેઠકનું મતદાન રદ કરવામાં આવ્યું હતું.)
- લોકસભા ૨૦૧૯ની આ ચૂંટણીમાં પ્રથમ મતદાન અરૂણાચલ ખાતે ઇન્ડો – તિબેટીયન બોર્ડન પોલીસના જવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. જે બેલેટ પેપર દ્વારા લોહિતપુર ખાતે થયું હતું.
- દેશની ૫૪૨ બેઠકો પર ૮૦૪૯ ઉમેદવારોએ ચૂંટણી માટે દાવેદારી નોંધાવી હતી.
- લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ને 303 સીટ પર જીત મળી છે.
- બીજેપીએ ૨૦૧૪માં ૨૮૨ બેઠકો મેળવી હતી.
- આ ચૂંટણીમાં કોંગ્રેસને ૫૨ અને અન્યને ૧૮૭ સીટો પર જીત મળી છે. કોંગ્રેસ વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ૪૪ બેઠકો પર જીત મેળવી હતી જ્યારે અન્યને ૧૪૮ સીટો મળી હતી.
- ૪૮ વર્ષ પછી કોઇ પાર્ટી સતત બીજી વાર બહુમતીમાં છે. નહેરુ અને ઈન્દરા પછી એવી જીત મેળવનારા નરેન્દ્ર મોદી પ્રથમ બિનકોંગ્રેસી નેતા છે. છેલ્લે ૧૯૭૧માં ઈન્દિરાએ એવી બહુમતી મેળવી હતી.
- દેશમાં સૌથી મોટી લીડ ગુજરાતની નવસારી બેઠક પરના બીજેપી ઉમેદવાર સીઆર પાટિલને મળી છે.
- દેશમાં તાજેતરમાં ચૂંટાઇ આવેલ સાંસદોમાં સૌથી નાની ઉંમરના સાંસદ કર્ણાટકની બેંગલુર (દક્ષિણ) બેઠક પરથી ચૂંટાઇ આવેલ તેજસ્વી સૂર્યા છે.
- ગુજરાત સહિત બીજેપીએ દેશના ૮ રાજ્યોમાં બધી જ સીટો પર વિજય મેળવ્યો છે.
- ભારતીય ચૂંટણી આયોગ દ્વારા ગૌરી સાવંતને મહારાષ્ટ્રના ચૂંટણી એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ ભારતના પ્રથમ ટ્રાંસજેન્ડર ચૂંટણી એમ્બેસેડર છે.
- આ લોકસભા ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળ ખાતે નિર્ધારિત સમય કરતાં ૧૯ કલાક અગાઉ ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મૂકવા આઝાદી બાદ સૌપ્રથમ વખત અનુચ્છેદ ૩૨૪નો ઉપયોગ કર્યો હતો.
- NDA- National Democration Alliance
- UPA- United Progressive Alliance

**લોકસભા ચૂંટણી ૨૦૧૯ ની મહત્વની બેઠકો :**

| બેઠક | વિજેતા | પક્ષ |
|---|---|---|
| અમેઠી (યુ.પી.) | સ્મૃતિ ઇરાની | બીજેપી |
| વારાણસી (યુ.પી.) | નરેન્દ્ર મોદી | બીજેપી |
| વાયનાડ (કેરલ) | રાહુલ ગાંધી | કોંગ્રેસ |
| ગાંધીનગર | અમિત શાહ | બીજેપી |
| રાયબરેલી (યુ.પી.) | સોનિયા ગાંધી | કોંગ્રેસ |

**ચૂંટણી પંચ :**

- ચૂંટણી પંચની બંધારણીય જોગવાઇ અનુચ્છેદ –૩૨૪ (૧) માં કરવામાં આવેલ છે.
- આ અનુચ્છેદ અંતર્ગત સંસદ, રાજ્યની વિધાનસભા, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પદોની ચૂંટણીની જવાબદારી માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણી પંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઇ હતી, દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.
- અનુચ્છેદ –૩૨૪ (૨) અંતર્ગત ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય કમિશ્નર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી સુકુમાર સેન હતા તેઓ વર્ષ ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા. દેશના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીમતી વી.એસ. રમાદેવી હતા.
- હાલ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા (૨૨માં) અશોક લવાસા અને શુશિલ ચંદ્ર ચૂંટણી કમિશ્નર છે.
- રાજ્યના ચૂંટણી કમિશ્નર – વરેશ સિન્હા, રાજ્યના। મુખ્ય ચૂંટણી અધિકારી– ડૉ. એસ. મુરલીકૃષ્ણ

**આચાર સંહિતા :**

- આદર્શ આચાર સંહિતા રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવતી કેટલીક માર્ગરેખાઓ છે જેનું દરેક પક્ષો અને ઉમેદવારોએ પાલન કરવાનું હોય છે.
- આચાર સંહિતા ચૂંટણી પંચ દ્વારા જ્યારે કોઇ લોકસભાની કે રાજ્યવિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરાય ત્યારે તત્કાળ અમલમાં આવે છે.
- દેશમાં વર્ષ ૧૯૬૦માં પ્રથમ વખત કેરળ વિધાનસભાની ચૂંટણીમાં આચાર સંહિતા લાગુ થઇ હતી. લોકસભા ચૂંટણીમાં સૌ પ્રથમ વર્ષ ૧૯૬૨ આચાર સંહિતા લાગુ કરવામાં આવી હતી.

**ચૂંટણી પંચ દ્વારા લોન્ચ કરવામાં મોબાઈલ એપ :**

- વોટર હેલ્પલાઇન મોબાઇલ એપ (મતદાર યાદી અંગે અરજી કરવા)
- ઇવીજીલ (આચાર સંહિતા ભંગ અંગેની ફરિયાદ માટે)
- પીડબલ્યુડી એપ (દિવ્યાંગ મતદારો માટે મતદાન કેન્દ્રમાં સુવિધા માટે)
- સંબંધ
- સુવિધા કેન્ડીડેટ એપ (ઉમેદવારો માટે)
- આ ઉપરાંત મતદારોની સહાયતા માટે ચૂંટણી પંચ દ્વારા હેલ્પલાઇન ૧૯૫૦ શરૂ કરવામાં આવી હતી.

**EVM**

EVM- Electronic Voting Machines

વર્ષ : ૧૯૮૯– ૯૦માં નિર્મિત ઇલેક્ટ્રોનિક વોર્ટિંગ મશીનનો પ્રાયોગિક આધાર પર પ્રથમવાર નવેમ્બર ૧૯૯૮માં આયોજિત ૧૬ વિધાનસભાઓની સામાન્ય ચૂંટણીમાં ઉપયોગ કર્યો.

- ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ – બેંગલોર અને ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા હૈદરાબાદના સહયોગથી ચૂંટણી આયોગ દ્વારા તૈયાર તથા ડિઝાઇન કરવામાં આવ્યું
- હવે EVM ને ઉપર્યુક્ત બે કંપની દ્વારા નિર્માણ કરવામાં આવે છે.

**VVPAT**

- Voter Verified paper Audit Trail :

- VVPAT ડિવાઇઝથી મતદાતાએ જે ઉમેદવારને મત આપ્યો છે તેનું ચૂંટણી ચિન્હ મતદાતાને કાપલી પર જોવા મળે છે.
- આ કાપલી VVPAT મશીનની અંદરથી ૭ સેકન્ડ માટે જોવા મળે છે.
- VVPAT નો સૌપ્રથમ વખત ઉપયોગ સપ્ટેમ્બર ૨૦૧૩માં નાગાલેન્ડના ત્વેનસાગમાં નોકસેન વિધાનસભા ચૂંટણી વિસ્તારમાં થયો હતો.
- મશીન ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ઇલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

**દેશની પ્રથમ ચૂંટણી :**
- આઝાદી બાદ દેશમાં પ્રથમ ચૂંટણીનું આયોજન વર્ષ ૧૯૫૧–૫૨માં થયું હતું.
- પ્રથમ ચૂંટણીમાં ૪૮૯ બેઠકો માટે મતદાનનું આયોજન થયું હતું.
- તે સમયે મતદાન માટેની મહત્તમ ઉંમર ૨૧ વર્ષ હતી.
- દેશની પ્રથમ ચૂંટણીમાં પ્રથમ મતદાન શ્યામ શરણ નેગી દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ આઝાદ ભારતના પ્રથમ મતદાતા છે.
- વર્ષ ૨૦૧૯ની આ ચૂંટણીમાં તેમણે સાતમા તબક્કાના મતદાનમાં હિમાચલ પ્રદેશના કલ્પા બૂથ ખાતેથી મંડી લોકસભા બેઠક માટે મતદાન કર્યું હતું.

**ચૂંટણીમાં વપરાતી અવિલોપ્ય શાહી :**
- અંગ્રેજીમાં Indelible ink કહેવાતી શાહી મૈસુર પેઇન્ટ્સ એન્ડ વાર્નિશ લિમિટેડ કંપની બનાવે છે જેમની માલિકી કર્ણાટક સરકારની છે.
- શાહીની ખાસ ફોર્મ્યુલા દિલ્હી ખાતે આવેલ નેશનલ ફિઝીકલ લેબોરેટરીએ તૈયાર કરી છે.

## 25.May 2019

**(૧) વિશ્વ થાઇરૉઇડ દિવસ :**
- દર વર્ષે ૨૫ મેના રોજ વિશ્વ થાઇરૉઇડ દિવસ મનાવવામાં આવે છે.
- વિશ્વ થાઇરૉઇડ દિવસ મનાવવાની શરૂઆત અમેરિકાના થાઇરૉઇડ એસોશિયન દ્વારા કરવામાં આવી હતી.
- થાઇરૉઇડ રોગના દર્દીઓ અને અન્ય લોકોને આ રોગ વિશે જાગરૂકતા કરવાના ઉદ્દેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- પ્રથમ વિશ્વ થાઇરૉઇડ દિવસ વર્ષ ૨૦૦૬માં ઉજવવામાં આવ્યો હતો.

**(૨) કિડ્સ રાઇટ ઇન્ડેક્સ – ૨૦૧૯**
- તાજેતરમાં કિડ્સ રાઇટ ઇન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ ઇન્ડેક્સ કિડ્સ રાઇટ ફાઉન્ડેશન અને રૉટરડેમ ખાતે આવેલ ઇરેસ્મસ વિશ્વ વિદ્યાલય દ્વારા દર વર્ષે જાહેર કરવામાં આવે છે.
- આ ઇન્ડેક્સમાં વિશ્વના અલગ અલગ દેશોના બાળ અધિકારોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- આ ઇન્ડેક્સ પાંચ શ્રેણીને ધ્યાને લઇને જાહેર કરવામાં આવે છે.
- જીવન જીવવાનો અધિકાર
- સ્વાસ્થ્ય અધિકાર
- શિક્ષા અધિકાર
- બાળ અધિકાર માટે યોગ્ય માહોલ
- ૧૮૦ દેશોના આ ઇન્ડેક્સમાં ભારતનો ક્રમ ૧૧૭ મો રહ્યો. આ યાદીમાં આઇસલેન્ડ પ્રથમ સ્થાને છે.

**કિડ્સ રાઇટ ઇન્ડેક્સ ૨૦૧૯ ટોપ ૫ દેશો :**
- આઇસલેન્ડ, પુર્તગાલ, સ્વિટ્ઝર્લેન્ડ, ફિનલેન્ડ, જર્મની

**(૩) અરૂણાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી–૨૦૧૯**
- તાજેતરમાં યોજાયેલ અરૂણાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી.
- અરૂણાચલ પ્રદેશમાં કુલ ૬૦ વિધાનસભા બેઠકો છે જે પૈકી ૩ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના બિનહરીફ ઉમેદવારોને ચૂંટવામાં આવ્યા હતા.
- બાકીની ૫૭ બેઠકોમાં યોજાયેલ મતદાનમાં ૩૮ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે.
- જનતા દળ (યુનાઇટેડ) ને ૭ બેઠકો પર, નેશનલ પીપલ્સ પાર્ટીને ૫ બેઠકો પર, કોંગ્રેસને ૪ બેઠકો પર અને ૨ બેઠક પર સ્વતંત્ર ઉમેદવારે અને ૧ બેઠક પર પીપલ્સ પાર્ટી ઓફ અરૂણાચલને વિજય પ્રાપ્ત થયો છે.
- અરૂણાચલ પ્રદેશ :
  રાજ્યપાલ – બ્રિગેડયર બિ.ડી. મિશ્રા
  રાજધાની – ઇટાનગર
  હાઇકોર્ટ – ગુવાહાટી હાઇકોર્ટ
  વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૨૭
  વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૧૫

**(૪) આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણી– ૨૦૧૯**
- તાજેતરમાં યોજાયેલ આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં યુવાજન શ્રમિક રયુતુ કોંગ્રેસ પાર્ટીને બહુમતી મળી.
- આંધ્રપ્રદેશમાં કુલ ૧૭૫ વિધાનસભા બેઠકો છે જે પૈકી ૧૫૧ બેઠકો પર યુવાજન શ્રમિક રયુતુ કોંગ્રેસ પાર્ટીનો વિજય થયો.
- આ ચૂંટણીમાં ૨૩ બેઠકો પર તેલુગુ દેશમ પાર્ટી અને ૧ બેઠક પર જનસેના પાર્ટીને જીત મળી.
- આંધ્રપ્રદેશ :
  રાજ્યપાલ – ઇ.એસ. એલ નરસિંહન
  રાજધાની – અમરાવતી
  હાઇકોર્ટ – આંધ્રપ્રદેશ હાઇકોર્ટ
  વસ્તીની દ્રષ્ટિએ ક્રમ –૧૦
  વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ –૭

**(૫) સિક્કિમ વિધાનસભા ચૂંટણી–૨૦૧૯**
- તાજેતરમાં યોજાયેલ વિધાનસભા ચૂંટણીમાં સિક્કિમ ક્રાંતીકારી મોરચાને બહુમતી મળી.
- સિક્કિમમાં કુલ ૩૨ વિધાનસભા બેઠકો છે જે પૈકી ૧૭ બેઠકો પર સિક્કિમ ક્રાંતિકારી મોરચાનો વિજય થયો.
- આ ચૂંટણીમાં ૧૫ બેઠકો પર સિક્કિમ ડેમોક્રેટિક પાર્ટીને જીત મળી છે.
- સિક્કિમ :
  રાજ્યપાલ – ગંગાપ્રસાદ
  રાજધાની – ગંગટોક
  હાઇકોર્ટ – સિક્કિમ હાઇકોર્ટ
  વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૨૯
  વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૨૮

**(૬) ઓડિશા વિધાનસભા ચૂંટણી – ૨૦૧૯**
- તાજેતરમાં યોજાયેલ ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં બીજુ જનતા દળને બહુમતી મળી.
- ઓડીશામાં કુલ ૧૪૬ વિધાનસભા બેઠક છે જે પૈકી બીજુ જનતા દળને ૧૧૨ બેઠકો પર જીત મળી.

- આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૨૩, કોંગ્રેસને ૯ બેઠક પર ૧ બેઠક પર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા અને ૧ બેઠક પર સ્વતંત્ર ઉમેદવારને જીત મળી

**સિક્કિમ :**

રાજ્યપાલ – ગણેશી લાલ
રાજધાની – ભુવનેશ્વર
હાઇકોર્ટ – ઓડિશા હાઇકોર્ટ
વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧૧
વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૯

પ્રશ્નો

૧ વિશ્વ થાઈરોઈડ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૫ મે

૨ કિડ્સ રાઈટ ઈન્ડેક્સ ૨૦૧૯ અનુસાર ભારતનો ક્રમ જણાવો ?
- ૧૧૭ મો

૩ અરૂણાચલ પ્રદેશમાં વિધાનસભાની કુલ કેટલી બેઠકો આવેલી છે ?
- ૬૦

૪ ઈટાનગર કયા રાજ્યની રાજધાની છે ?
- અરૂણાચલ પ્રદેશ

૫ આંધ્રપ્રદેશની રાજધાની જણાવો ?
- અમરાવતી

૬ સિક્કિમમાં કુલ કેટલી વિધાનસભાની બેઠકો છે ?
- ૩૨

૭ ઓડિશાના રાજ્યપાલ જણાવો ?
- ગણેશીલાલ

૮ ભુવનેશ્વર કયા રાજ્યની રાજધાની છે ?
- ઓડિશા

## 26.May 2019

**(૧) સુપ્રીમ કોર્ટ – ચાર જજોની નિમણૂક :**

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇ દ્વારા ચાર નવા જજોની નિમણૂક કરવામાં આવી.
- કોલેજીયમ પધ્ધતિથી થયેલ આ નિમણૂક બાદ સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા ૩૧ થઇ છે.
- ભારતીય સંસદ દ્વારા વર્ષ ૨૦૦૮માં સુપ્રીમકોર્ટમાં જજની સંખ્યા ૨૬ થી વધારી ૩૧ની કરવાની મંજૂરી આપી હતી.
- ત્યારબાદ પ્રથમ વખત સુપ્રીમોકર્ટમાં જજોની તમામ જગ્યા ભરાઇ ગઇ છે.
- નવા નિમણુક પામેલ જસ્ટિસ બી.આર. ગવાઇ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ અનિરૂદ્ધ બોઝ અને જસ્ટિસ બોપન્નાએ ચીફ જસ્ટિસ રંજન ગોગોઇએ શપથ અપાવ્યા હતા.

**સુપ્રીમ કોર્ટ :**

- સ્થાપના – ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.
- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે.
- સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય 'યતો ધર્મસ્તતો જય' છે.

**(૨) દેશના રેલવે ટ્રેકના વિદ્યુતીકરણ માટે લોન– એશિયન વિકાસ બેન્ક :**

- એશિયન ડેવલોપમેન્ટ બેન્ક દ્વારા તાજેતરમાં ભારતના રેલવે ટ્રેકના વિદ્યુતીકરણ માટે ૭૫૦ મિલિયન ડોલરની લોન આપવાની જાહેરાત કરવામાં આવી.
- આ લોનથી દેશમાં ૩૩૭૮ કિમી રેલવે ટ્રેકનું વિદ્યુતીકરણ કરવામાં આવશે.
- એશિયન ડેવલોપમેન્ટ બેન્ક એક ક્ષેત્રિય વિકાસ બેન્ક તરીકે કાર્ય કરે છે. તેનું મુખ્યાલય મનીલા, ફિલિપિન્સ ખાતે આવેલ છે.
- આ બેન્ક સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.
- તેની સ્થાપના ડિસેમ્બર ૧૯૬૬માં કરવામાં આવી હતની. હાલ તેમાં ૬૭ સભ્યો છે.

**(૩) દેશના પ્રથમ બ્લડ બેન્ક વોલેટનો પ્રારંભ :**

- તાજેતરમાં રાજસ્થાનના જયપુર ખાતેની આરોગ્ય કલ્યાણ બ્લડ બેન્ક દ્વારા તેના ૨૫માં સ્થાપના દિન નિમિત્તે બ્લડ બેન્ક વોલેટનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ બ્લડ બેન્ક વોલેટ દેશનું પ્રથમ આ પ્રકારનું વોલેટ છે.
- આ વોલેટની મદદથી બ્લડડોનર બ્લડનું ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરી શકશે.

**(૪) વ્લાદિમીર જેલેંસ્કી– યુક્રેનના નવા રાષ્ટ્રપતિ :**

- તાજેતરમાં યુક્રેનના નવા ચૂંટાઇ આવેલ રાષ્ટ્રપતિ વ્લાદિમીર જેલેંસ્કીએ પદની ગોપનીયતાના શપથ લીધા.
- યુક્રેનના યોજાયેલ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં તેમને ૭૩% મત મળ્યા હતા.
- તેમણે યુક્રેનના પૂર્વ પ્રમુખ પેટ્રો પોરોશેંકોને હરાવી આ જીત મેળવી.
- વ્લાદિમીર જેલેંસ્કી સ્ક્રીનરાઇટર, અભિનેતા, અને કોમેડિયન છે.
- યુક્રેન પૂર્વીય યુરોપનો એક દેશ છે.
- યુક્રેન વર્ષ ૧૯૯૧માં સોવિયત સંઘથી સ્વતંત્ર થયું હતું.
- યુક્રેનની રાજધાની કિવ છે.

પ્રશ્નો

૧ ભારતીય સંસદ દ્વારા કયા વર્ષથી સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા ૨૬ થી વધારી ૩૧ કરવાની મંજુરી મળી ?
- ૨૦૦૮

૨ હાલમાં સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા કેટલી છે ?
- ૩૧

૩ ભારતીય બંધારણ અનુસાર સુપ્રીમ કોર્ટની સ્થાપનાની જોગવાઈ કયા અનુચ્છેદમાં છે ?
- એ-૧૨૪

૪ દેશના પ્રથમ બ્લડ બેન્ક વોલેટનો પ્રારંભ કયા રાજ્યમાં થયો ?
- રાજસ્થાન

૫ યુક્રેનના નવા રાષ્ટ્રપતિ જણાવો ?
- વ્લાદિમીર જેલેંસ્કી

## 27.May 2019

**(૧) કીર્તિ મંદિર – લોકાર્પણ દિન**

- દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્મારક કીર્તિ મંદિરનો આજે ૬૯મો લોકાર્પણ દિવસ.
- ૨૭ મે ૧૯૫૦ના રોજ આ મંદિરનું લોકાર્પણ સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ગાંધીજીનો જે ઘરમાંદ જન્મ થયો હતો તે ઘર અને આજુબાજુના ઘરોમાં બનાવેલ છે.

- આ મંદિર બાંધવામાં પોરબંદરના મહારાજા શ્રીનટવરસિંહજી અને રાજારત્નશ્રી નાનજી કાલિદાસ મહેતાનો મુખ્ય ફાળો હતો.
- આ મંદિરનું બાંધકામ પુરષોતમ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું છે.

**(૨) જવાહરલાલ નહેરૂ – નિર્વાણ દિન :**

- દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂનો આજે નિર્વાણ દિન
- ૨૭ મી મે ૧૯૬૪ના રોજ તેમનું નવી દિલ્લી ખાતે નિધન થયું હતું.
- નહેરુને આધુનિક ભારતના નિર્માતા માનવામાં આવે છે.
- તેમનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૮૯ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ ખાતે થયો હતો. તેમનો જન્મદિવસ ભારતભરમાં 'બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- તેઓ ભારતના સૌથી લાંબો શાસનકાળ ધરાવતા પ્રધાનમંત્રી છે.
- પ્રધાનમંત્રી તરીકે વર્ષ ૧૯૪૭ થી વર્ષ ૧૯૬૪ સુધી સેવા આપી હતી.
- નેહરુની સ્મૃતિમાં ભારતભરમાં અનેક જાહેર સંસ્થાઓ અને સ્મારકો નેહરુના નામે કરવામાં આવ્યા છે.

**(3) ઇનર્શીયલ ગાઇડેડ બોમ્બનું સફળ પરીક્ષણ :**

- તાજેતરમાં રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા ૫૦૦ કિલોગ્રામ શ્રેણીના ઇનર્શીયલ ગાઇડેડ બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ પરીક્ષણ રાજસ્થાન ખાતેથી પોખરણ ટેસ્ટ રેન્જ ખાતે Su-30 MKI એરક્રાફ્ટની મદદથી કરવામાં આવ્યું.
- ઇનર્શીયલ ગાઇડેડ બોમ્બ એક પ્રકારનો સ્માર્ટ બોમ્બ છે જેનો ઉપયોગ લક્ષ્યને સચોટતાથી નાબૂદ કરવા માટે કરવામાં આવે છે.

**(૪) ઇસરોની વ્યાપારીક શાખાનું ઉદ્દ્ઘાટન :**

- તાજેતરમાં ઇસરોની વ્યાપારિક કંપની ન્યુ સ્પેસ ઇન્ડિયા લિમિટેડનું બેંગ્લુરુ ખાતે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.
- આ કંપની અંતરિક્ષ ટેકનોલોજિ ક્ષેત્રે ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે.
- આ કંપની સેટેલાઇટ લોન્ચ વ્હીકલ અને પીએસએલવીના વિકાસ અને તેના ઉત્પાદનનું કાર્ય કરશે.
- આ કંપની ઇસરોનું બીજું વ્યાપારીક એકમ છે ઇસરો દ્વારા વર્ષ ૧૯૯૨માં પોતાના પ્રથમ વ્યાપારિક એકમ વેન્ચર એંટ્રિક્સ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી હતી.

**ઇસરો :**

ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
સ્થાપના – વર્ષ ૧૯૬૯માં
સ્થાપક : વિક્રમ સારાભાઇ
મુખ્યાલય – બેંગ્લોર
વર્તમાન ચેરમેન – કે.સીવાન

**(૫) સાયરિલ રમાફોસા – દક્ષિણ આફ્રીકાના નવા રાષ્ટ્રપતિ :**

- તાજેતરમાં સાયરીય રામફોસાએ દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિ તરીકે પદની ગોપનીયતાના શપથ લીધા.
- ૮ મે ૨૦૧૯ના રોજ થયેલ ચૂંટણીમાં તેમના પક્ષે ૨૩૦ બેઠકો મેળવી હતી.
- તેઓ આફ્રિકન નેશનલ કોંગ્રેસ પક્ષના નેતા છે.
- તેઓ દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી રહ્યા હતા.
- દક્ષિણ આફ્રિકાની કાર્યકારી રાજધાની પ્રિટોરિયા છે. તેની ન્યાયી રાજધાની – બ્લોએમર્ફોટેન છે.

પ્રશ્નો

૧ કીર્તિ મંદિરનું સૌપ્રથમ લોકાર્પણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- ૨૭ મે ૧૯૫૦, સરદાર પટેલ

૨ કીર્તિમંદિરનું બાંધકામ કોણે કર્યું હતું ?
- પુરૂષોત્તમ મિસ્ત્રી

૩ આધુનિક ભારતના નિર્માતા કોને માનવામાં આવે છે ?
- જવાહરલાલ નહેરૂ

૪ બાળદિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧૪ નવેમ્બર

૫ પ્રધાનમંત્રી તરીકે જવાહરલાલ નહેરૂએ કયા વર્ષ સુધી સેવા આપી ?
- વર્ષ ૧૯૪૭ થી ૧૯૬૪

૬ ડીઆરડીઓ દ્વારા તાજેતરમાં કયા બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?
- ઈનર્શીયલ ગાઈડ બોમ્બ

૭ ઈસરોની વ્યાપારિક સંસ્થા 'ન્યુ સ્પેસ ઈન્ડિયા' લિમિટેડનું ઉદ્દ્ઘાટન ક્યાં થયું હતું ?
- બેંગ્લુરૂ

૮ દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિ જણાવો ?
- સાયરિલ રમાફોસા

## 28.May 2019

**(૧) વિનાયક દામોદર સાવરકર – જન્મજયંતિ :**

- સ્વતંત્રતા સેનાની વિનાયક દામોદર સાવરકરની આજે જન્મ જયંતિ.
- તેઓ જાણીતા કવિ અને નાટ્યકાર પણ હતા.
- તેમનો જન્મ ૨૮મે ૧૮૮૩ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં થયો હતો.
- તેમણે વર્ષ ૧૯૦૦માં 'મિત્રમેલા' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. જે વર્ષ ૧૯૦૪ થી 'અભિનવ ભારત' તરીકે જાણીતી થઇ હતી.
- કર્નલ વાઇલીની હત્યાના કેસમાં મદનલાલ ઢીંગરાની મદદ કરવામાં માટે લંડન ખાતે વર્ષ ૧૯૧૦માં તેમની ધરપકડ કરવામાં આવી હતી.
- ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ તેમનું નીધન થયુ હતું.

**(૨) આચાર્ય બાલકૃષ્ણ – UNSDG ઇન્ફ્લ્યુએન્શિયલ પીપલ ઇન હેલ્થ કેર એવોર્ડ :**

- તાજેતરમાં પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણને UNSDG ઇન્ફ્લુએન્શિયલ પીપલ ઇન હેલ્થ કેર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન સ્વિતઝરલેન્ડના જીનીવા ખાતે આપવામાં આવ્યું.
- UNSDG-United nations Sustainable Development Goals

**(3) સ્પાઇજેટ – ૧૦૦ એરક્રાફ્ટ વાળી ચોથી ભારતીય એરલાઇન્સ :**

- તાજેતરમાં સ્પાઇજેટ ૧૦૦ એરક્રાફ્ટ ધરાવતી ભારતની ચોથી એરલાઇન્સ બની.

- હાલમાં સ્પાઇજેટ દ્વારા પોતાના ૧૦૦માં એરક્રાફ્ટ તરીકે બોઇંગ ૭૩૭ને જોડવામાં આવ્યું.
- ૧૦૦ કે તેથી વધુ એરક્રાફ્ટ ધરાવતી અન્ય ભારતીય એરલાઇનસ – એરઇન્ડિયા, જેટ એરવેઝ, ઇંડિગો

**(૫) સ્પેસ એક્સ – સ્ટાર લિંક પ્રોજેક્ટ :**

- તાજેતરમાં અમેરિકાની ખાનગી અંતરિક્ષ કંપની સ્પેસ એક્સ દ્વારા રોકેટની મદદથી ૬૦ ઉપગ્રહોને અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવ્યા.
- આ ઉપગ્રહોને અમેરિકાના ફ્લોરિડાના કેપ કૈનવેરલ ખાતેથી ફાલ્કન ૯ રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યા હતા.
- આ ઉપગ્રહો સ્પેસ એક્સના 'સ્ટાર લિંક' પ્રોજેક્ટનો એક ભાગ છે.
- આ ઉપગ્રહોની મદદથી સંચાર અને અંતરિક્ષ ઇન્ટરનેટની સુવિધા પ્રદાન કરવામાં આવશે.
- લોન્ચ કરવામાં આવેલ તમામ ઉપગ્રહનો વજન ૨૨૭ કિગ્રા છે.

**સ્પેસ એકમ :**

- સ્પેસ એક્સની સ્થાપના વર્ષ ૨૦૦૨માં એલોન મસ્ક દ્વારા કરવામાં આવી હતી. હાલ તેઓ સ્પેસ એક્સના સીઇઓ તરીકે કાર્ય કરે છે.
- આ કંપનીની સ્થાપના અંતરિક્ષ પરિવહનને સસ્તું કરવા અને મંગળ ગ્રહ પર માનવીય જીવનની સ્થાપના કરવામાં ઉદ્દેશ્યથી કરવામાં આવી છે.
- અંતરિક્ષ પરિવહનને સસ્તું કરવા કંપની રી – યુજેબલ રોકેટનું નિર્માણ કરે છે (રી– યુજેબલ રોકેટ– પુનઃ ઉપયોગી કરી શકાય તેવું રોકેટ)

પ્રશ્નો

૧ વિનાયક સાવરકરનો જન્મ ક્યાં થયો હતો ?
- નાસિક, મહારાષ્ટ્ર

૨ 'મિત્રમેલા' સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
- વિનાયક સાવરકર

૩ 'મિત્રમેલા' સંસ્થા બીજા કયા નામે ઓળખવા લાગી છે ?
- અભિનવ ભારત

૪ આચાર્ય બાલકૃષ્ણ દોશીને તાજેતરમાં કયો એવોર્ડ એનાયત થયો ?
- UNSDG ઈન્ફલુએન્શિયલ પીપલ ઈન હેલ્થ કેર એવોર્ડ

૫ સ્પેસ એક્સની સ્થાપના કોણે અને ક્યારે કરી ?
- ૨૦૦૨, એલન મસ્ક

૬ ૧૦૦ એરક્રાફ્ટ વાળી ચોથી ભારતીય એરલાઈન્સ જણાવો ?
- સ્પાઈસજેટ

## 29.May 2019

**(૧) એવરેસ્ટ ડે :**

- ન્યૂઝીલેન્ડના એડમંડ હિલેરી અને નેપાળના તેનજિંગ નોર્ગેએ ૨૯ મે ૧૯૫૩ના રોજ નેપાળ અને તિબેટ સીમા પર આવેલ દુનિયાનું સૌથી ઊંચુ શિખર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતુ.
- તે સિદ્ધીની યાદમાં ૨૯ મેને દર વર્ષે એવરેસ્ટ ડે તરીકે ઉજવવામાં આવે છે.
- પ્રથમ વખત એવરેસ્ટ સર કરવાનું બહુમાન મેળવનાર હેલેરી એડમંડ બાદમાં ભારતમાં ન્યૂઝીલેન્ડના હાઇ કમિશનર બન્યા હતા.
- એવરેસ્ટથી ૩૦ ફૂટ દુર આવેલ વિશાળ શીલાને હિલેરી એડમંડ નામ આપવામાં આવ્યું છે.
- બેચેન્દ્રી પાલ એવરેસ્ટ સર કરનાર પ્રથકમ ભારતીય બેચેન્દ્રી પાલ છે. તેઓ ઉત્તરાખંડના વતની છે.

**(૨) યુનાઇટેડ નેશન્સ પિસકીપર્સ ડે :**

- દર વર્ષે ૨૯ મેના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા યુનાઇટેડ નેશન્સ પિસકીપર્સ ડે મનાવવામાં આવે છે.
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્રના પીસકીપીંગ મિશન અંતર્ગત સેવા આપતા કાર્યકર્તાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી અંગે યુક્રેન દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
- યુનાઇટેડ નેશન્સ પિસકીપર્સ ડે ની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૩માં કરાવમાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ : Protecting Civilians

**સંયુક્ત રાષ્ટ્ર :**

- સ્થાપના : ૨૪ ઓક્ટોબર ૧૯૪૫
- સભ્ય દેશો : ૧૯૩ (સ્થાપના સમયે ૫૧ સભ્યો)
- સત્તાવાર ભાષા – અરેબિક, ચાઇનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ
- મુખ્યાલય : ન્યુયોર્ક

**(૩) અપૂર્વી ચંદેલા – ISSF વિશ્વકપ**

- ભારતીય શૂટર અપૂર્વી ચંદેલાએ તાજેતરમાં જર્મનીના મ્યુનિક ખાતે યોજાયેલ ISSF વિશ્વ કપ રાઇફલમાં મહિલાઓની ૧૦ મીટર એર રાઇફલ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- આ અગાઉ ફેબ્રુઆરી ૨૦૧૯માં તેને નવી દિલ્લી ખાતે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- અપૂર્વી ચંદેલાનો જન્મ રાજસ્થાનના જયપુર ખાતે થયો હતો.

**(૪) બલરામ ભાર્ગવ – ડૉ. લી.જોંગ વુક પ્રાઇઝ –૨૦૧૯**

- તાજેતરમાં કાર્ડિયોલોજિસ્ટ પ્રોફેસર બલરામ ભાર્ગવને ડો. લી જોંગ વુક મેમોરિયલ પ્રાઇઝ ફોર પબ્લિક હેલ્થ પ્રાઇજ ૨૦૧૯ થી સન્માનીત કરવામાં આવ્યા.
- આ સન્માન તેમને ૭૨મી વિશ્વ સ્વાસ્થ્ય સભાના આયોજન દરમ્યાન પ્રદાન કરાવમાં આવ્યું.
- વિશ્વ સ્વાસ્થ્ય સભાનું આયોજન સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે થયું હતું.
- તેમને આ સન્માન મેડિકલ અનુસંધાન અને પ્રશિક્ષણ કાર્યક્ષેત્ર તેમના યોગદાન બદલ આપવામાં આવ્યું છે.
- પ્રોફેસર ભાર્ગવ ભારતીય મેડિકલ અનુસંધાન પરિષદના મહાનિર્દેશક છે.
- ડો. લી જોંગ વુક મેમોરિયલ પ્રાઇઝ ફોર પબ્લીક હેલ્થ પ્રાઇજની શરૂઆત વર્ષ ૨૦૦૮માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર સાર્વજનીક સ્વાસ્થ્ય ક્ષેત્રે યોગદાન બદલ વ્યક્તિ કે સંગઠનને આપવામાં આવે છે.

**(૫) આકાશ –MK-1S મિસાઇલનું સફળ પરીક્ષણ**

- તાજેતરમાં રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા હવામાં લક્ષ્યને નાબૂત કરી મિસાઇલ આકાશના નવા સંક્રમણ આકાશ –MK-1S નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ મિસાઈલ પરીક્ષણ ઓડિશાના બાલાસોર ખાતે કરવામાં આવ્યું છે.

- આકાશ મિસાઇલ ઓછા અંતરમાં હવામાં લક્ષ્યને નાબુત કરનારી સ્વદેશી મિસાલ છે.
- DRDO દ્વારા આ મિસાલ ઇંટીગ્રેઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વિકસાવવામાં આવી છે.
- ઇંટીગ્રેઇડેડ મિસાઇલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામની શરૂઆત વર્ષ ૧૯૮૪માં કરવામાં આવી હતી.
- આ મિસાલનું નિર્માણ ભારત ડાયનામિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

**DRDO**

- DRDO - The Defence Research and Development Organisation
- DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.
- આદર્શ વાક્ય – બલસ્ય મૂલં વિજ્ઞાનમ્ (Strength's origin is in Science)
- મુખ્યાલય DRDO ભવન, નવી દિલ્લી
- ચેરમેન જી. સતિશ રેડ્ડી

પ્રશ્નો

૧ એવરેસ્ટ ડે ક્યારે મનાવાય છે ?
- ૨૯ મે

૨ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય જણાવો ? - બચેન્દ્રિ પાલ

૩ યુનાઇટેડ નેશન્સ પિસકીપર્સ ડે ક્યારે મનાવાય છે ? - ૨૯ મે

૪ અપુર્વી ચંદેલા કઈ રમત સાથે સંકળાયેલ છે ? - શુટર

૫ ડૉ. બી. જોંગ વુક પ્રાઈઝ - ૨૦૧૯ વિજેતા જણાવો ?
- બલરામ ભાર્ગવ

૬ આકાશ MK-15 મિસાઈલનું સફળ પરીક્ષણ ક્યાંથી કરવામાં આવ્યું ?- બાલાસોર, ઓડિશા

૭ **DRDO** નું પુરૂનામ જણાવો ?
- **The defence Research and Development organisation**

**30.May 2019**

**(૧) હિન્દી પત્રકારિતા દિવસ :**
- દર વર્ષે ૩૦ મે ના રોજ હિન્દી પત્રકારિતા દિવસ મનાવાય છે.
- ૩૦ મે ના ૧૮૨૬ના રોજ યુગલકિશોર શુક્લે પ્રથમ હિન્દી સમાચારપત્ર ઉદન્ત માર્તણ્ડનાં પ્રકાશનનો પ્રારંભ કર્યો હતો.
- ભારતમાં પત્રકારિતાની શરૂઆત યુગલકિશોર શુક્લ દ્વારા બંગાળથી થઇ હતી.
- પ્રથમ ગુજરાતી સમાચારપત્ર 'બોમ્બે સમાચાર'
- ભારતનું પ્રથમ અંગ્રેજી સમાચારપત્ર– બેંગાલ ગેઝેટ'

**(૨) શૈલેશ તિનૈકર – દક્ષિણ સુદાન ખાતે સંયુક્ત રાષ્ટ્ર મિશન કમાન્ડર :**
- ભારતના લેફ્ટિનેંટ જનરલ શૈલેષ તિનૈકરને દક્ષિણ સુદાન ખાતે સંયુક્ત રાષ્ટ્ર મિશન (UNMISS-united Nations Mission in South Sudan)ના કમાન્ડર નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ ભારતીય સેનામાં છેલ્લા ૩૪ વર્ષથી સેવા આપે છે.
- તેમણે અગાઉ વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૭ દરમ્યાન સંયુક્ત રાષ્ટ્ર અંગોલા વેરિફિકેશન મિશનમાં અને વર્ષ ૨૦૦૮ માં સુદાન ખાતે સંયુક્ત રાષ્ટ્ર મિશન અંતર્ગત કાર્ય કર્યું છે.
- વર્ષ ૨૦૧૭–૧૮માં તેમણે સેના મુખ્યાલય ખાતે સૈનય ઓપરેશનમાં મહાનિર્દેશકર તરીકે સેવા આપી હતી.
- હાલ તેઓ ઇન્ફેંટ્રી સ્કૂલ કમાંડેટ તરીકે સેવા આપે છે.
- દક્ષિણ સુદાન ખાતે સંયુક્ત રાષ્ટ્ર મિશન (UNMISS-united nations Mission in South Sudan) ની શરૂઆત વર્ષ ૨૦૧૧માં થઇ હતી.
- હાલ ભારતના ૨૭૫૦ સૈનીકો આ મિશન અંતર્ગત કાર્ય કરે છે.

**(૩) ઓરછા શહેર : યુનેસ્કોની સંભવિત વિશ્વ ધરોહર સ્થળ :**
- મધ્યપ્રદેશ રાજ્યનું ઓરછા શહેરની વાસ્તુકલા ધરોહરને યુનેસ્કોની સંભવિત વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સામેલ કરવામાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.
- આ માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા યુનેસકોમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
- નિયમો અનુસાર યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ માટે પહેલા કોઇ ધરોહર અથવા ઇતિહાસ ઇમારતની સંભવિત સુચિમાં હોવું જરૂરી છે.
- ઓરછા શહેર મધ્યપ્રદેશના નિવારી જિલ્લામાં બેતવા નદીના કિનારે આવેલ છે.
- આ શહેરનું નિર્માણ બુંદેલ રાવંશના રાજા રૂદ્ર પ્રતાપ સિંહ દ્વરા ૧૬મી સદીમાં કરવામાં આવ્યું હતું.
- હાલ યુનેસ્કો વિશ્વ ધરોહર યાદીમાં દેશના ૩૭ સ્થળો સામેલ છે.
- ઓરછા શહેરને આ યાદીમાં સ્થાન મળ્યા બાદ આ સંખ્યા ૩૮ થશે.
- મધ્યપ્રદેશના ત્રણ સ્થળો યુનેસ્કો વિશ્વ ધરોહરની યાદીમાં સામેલ છે.
  – સાંચિ બૌદ્ધ સ્મારક – બિમબેટકા – ખજૂરાહો

**યુનેસ્કો**
- યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
- સ્થાપના : ૪ નવેમ્બર ૧૯૪૬
- વડુમથક – પેરિસ, ફ્રાન્સ
- સભ્યદેશો – ૧૯૩
- યૂનેસ્કોનો મુખ્ય હેતુ શિક્ષણ, પ્રકૃતિ, સમાજવિજ્ઞાન, સંસ્કૃતિ તથા સંચારના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શાંતિમાં વધારો કરવાનો છે.
- દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ વર્લ્ડ હેરિટેજ ડે મનાવવામાં આવે છે.

**(૪) સ્કોટ મોરિસન – ઓસ્ટ્રેલિયાના નવા પ્રધાનમંત્રી :**
- તાજેતરમાં સ્કોટ મોરિસને ઓસ્ટ્રેલિયાના નવા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા.
- તેમની સાથે નાયબ પ્રધાનમંત્રી તરીકે માઇકલ મૈકકોરમૈકે શપથ લીધા.
- સ્કોટ મોરિસને મૈલ્કમ ટર્નબુલનું સ્થાન લીધું.
- સ્કોટ મોરિસન લિબરલ પાર્ટીના નેતા છે.
- ઓસ્ટ્રેલીયાની ચૂંટણીમાં સ્કોટ મોરિસનના પક્ષના ભારતીય મૂળના દેવ શર્માનો પણ વિજય થયો છે.
- તેઓ ઓસ્ટ્રેલીયાની સંસદમાં વિજય મેળવેલ પ્રથમ મૂળ ભારતીય વ્યક્તિ છે.
- ઓસ્ટ્રેલીયા વિસ્તારની દ્રષ્ટિએ વિશ્વનો છઠ્ઠા ક્રમનો દેશ છે.

પ્રશ્નો

૧ હિન્દી પત્રકારિતા દિવસ ક્યારે મનાવાય છે ?

Vivekanand Academy Gandhinagar

- ૩૦ મે

૨ પ્રથમ ગુજરાતી સમાચારપત્ર જણાવો ?

- બોમ્બે સમાચાર

૩ ભારતનું પ્રથમ અંગ્રેજી સમાચારપત્ર જણાવો ?

- બેંગાલ ગેઝેટ

૪ સંયુક્ત રાષ્ટ્ર મિશનના કમાન્ડર તરીકે કોને નિમવામાં આવ્યા.?

- શૈલેષ નિનેકર

૫ તાજેતરમાં મધ્યપ્રદેશના કયા શહેરને યુનેસ્કોની સંભવિત વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું ?

- ઓરછા શહેર

૬ હાલ યુનેસ્કો વિશ્વ ધરોહર યાદીમાં કુલ કેટલા સ્થળો છે ?

- ૩૭

૭ ઓસ્ટ્રેલીયાના નવા પ્રધાનમંત્રી જણાવો ?

- સ્કોટ મોરિસન

૮ ઓસ્ટ્રેલિયાની સંસદમાં વિજય મેળવેલ પ્રથમ મૂળ ભારતીય વ્યક્તિ જણાવો ?

- દેવ શર્મા

## 31.May 2019

**(૧) નો ટોબેકો ડે :**

- દર વર્ષે ૩૧ મે ના રોજ વિશ્વભરમાં નો ટોબેકો ડે ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વર્ષ ૧૯૮૭ થી કરવામાં આવે છે.
- આ દિવસ તમાકુના વધતા જતાં સેવનને ઘતદ્ધા અને તેનાથી થતી બીમારી સામે રક્ષણ આપવાના હેતુથી મનાવવામાં આવે છે.
- તમાકુથી દર વર્ષે ૭ મિલિયનથી વધુ લોકોનું નિધન થાય છે.
- વર્ષ ૨૦૧૯ ની થીમ – Tobacco Lung health”

**(૨) નવીન પટનાયક – ઓડિશાના નવા મુખ્યમંત્રી :**

- તાજેતરમાં ઓડિશાના મુખ્યમંત્રી તરીકે પાંચમી વખત નવીન પટનાયકે શપથ લીધા.
- ઓડિશાના રાજ્યપાલ ગણેશી લાલ તેમની પદવી ગોપનીયતાનીના શપથ લેવડાવ્યા.
- તાજેતરમાં યોજાયેલ ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં બીજુ જનતા દળને બહુમતી મળી હતી.
- ઓડિશામાં કુલ ૧૪૬ વિધાનસભા બેઠક છે જે પેકી બીજુ જનતા જળને ૧૧૨ બેઠકો પર જીત મળી હતી.
- આ ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૨૩, કોંગ્રેસને ૯ બેઠક પર ૧ બેઠક પર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા અને ૧ બેઠક પર સ્વતંત્ર ઉમેદવારને જીત મળી હતી.

**ઓડિશા :**

- રાજ્યપાલ – ગણેશી લાલ
  રાજધાની – ભુવનેશ્વર
  હાઇકોર્ટ – ઓડિશા હાઇકોર્ટ
  વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧૧
  વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૯

**(૪) જગન મોહન રેડ્ડી – આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી :**

- તાજેતરમાં જગન મોહન રેડ્ડીએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- આંધ્રપ્રદેશના રાજ્યપાલ એએસએલ નરસિંમહને તેમની પદવી ગોપનીયતાના શપથ લેવડાવ્યા.
- તેમણે મુખ્યમંત્રી તરીકે ચંદ્રબાબુ નાયડુનું સ્થાન લીધું.
- તાજેતરમાં યોજાયેલ આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં યુવાજન શ્રમિક રયુતુ કોંગ્રેસ પાર્ટીને બહુમતી મળી હતી.
- આંધ્રપ્રદેશમાં કુલ ૧૭૫ વિધાનસભા બેઠકો છે જે પૈકી ૧૫૧ બેઠક પર યુવાજન શ્રમીક રયુતુ કોંગ્રેસ પાર્ટીનો વિજય થયો હતો.
- આ ચૂંટણીમાં ૨૩ બેઠક પર તેલુગુ દેશમ પાર્ટી અને ૧ બેઠક પર જનસેના પાર્ટીને જીત મળી હતી.
- આંધ્રપ્રદેશ
  રાજ્યપાલ – ઇ.એસ. એલ નરસિંહન
  રાજધાની – અમરાવતી
  હાઇકોર્ટ – આંધ્રપ્રદેશ હાઇકોર્ટ
  વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૭
  વસ્તીની દ્રીષ્ટએ ક્રમ – ૧૦

**(૬) એની ઝૈદી – ધ નાઇન ડોટ્સ પ્રાઇઝ –૨૦૧૯**

- તાજેતરમાં ભાતરીય લેખક એની ઝૈદીને નાઇન ડોટ્સ પ્રાઇઝ ૨૦૧૯ના વિજેતા જાહેર કરાવમાં આવ્યા.
- નાઇન ડોટ્સ એક વિશ્વસ્તરનો પુરસ્કાર છે.
- જે નવા વિચારોને પ્રોત્સાહન આપવાના હેતુથી આપવામાં આવે છે.
- આ પુરસ્કાર કદાસ પ્રાઇઝ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વિજેટને ૧ લાખ ડોલર ઇનામ આપવામાં આવે છે.
- એની ઝૈદીને આ પુરસ્કાર તેમની ‘બ્રેડ, સિમેન્ટ, કૈક્ટસ’ નામની બુક માટે એનાયત થયો છે.

પ્રશ્નો

૧ નો ટોબેકો દિવસ ક્યારે મનાવાય છે ?

- ૩૧ મે

૨ નો ટોબેકો દિવસની ઉજવણી ક્યારથી કરવામાં આવે છે ?

- ૧૯૮૭

૩ ઓડિશાના રાજ્યપાલનું નામ જણાવો ?

- ગણેશીલાલ

૪ આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી જણાવો ?

- જગનમોહન રેડી

૫ ઓડિશાની રાજધાની જણાવો ?

- ભુવનેશ્વર

Vivekanand Academy Gandhinagar